ઓપિનિયન

यो वै भूमा तत् सुखम्।

તંત્રી : વિપુલ કલ્યાણી

પુસ્તક : 18 • પ્રકરણ : 12 • સળંગ અંક : 216 26 માર્ચ 2013 ડિજિટલ અવતાર – છત્રીસ

‘… તમારી સાથે જ છું; પણ હવે જરા ત્યાં.’

• વિપુલ કલ્યાણી

મુઠ્ઠી ઊંચેરા એક આદર્શ, મહેન્દ્ર મેઘાણીએ, અબીહાલ, ફેર સંભારી આપેલું, ઉમાશંકર જોશીનું એક અવતરણ, આમ, બોલે છે : -

‘કેટલા બધા માણસો એવા છે જેઓ માત્ર ચૂપચાપ વાંચે છે. તેઓ કહેવા આવવાના નથી કે આ બરાબર લખ્યું છે કે બરાબર લખ્યું નથી; પણ બેઠાબેઠા એ આપણો તોલ કરે છે. એ લોકો સંકોચથી પોતાનો અભિપ્રાય પ્રગટ કરવાના નથી. પણ ધ્યાનમાં રાખવાનું છે કે આપણે જે કાંઈ બોલ્યા, જે કાંઈ લખ્યું તે બધાનું જેઓમાં જોવાની શક્તિ છે તેવા વિચક્ષણ માણસો અવલોકન કરી રહ્યા છે. આપણી તેમની પ્રત્યે જવાબદારી છે.’

०

આ યાત્રાને અઢાર વર્ષ થયા. અને સહસા, દલપતરામ સાંભરે છે. એ કહે જ છે ને : ‘અન્યનું તો એક વાંકું આપનાં અઢાર છે.’ ! … આ અઢાર શબ્દ મહત્ત્વનો છે. ભગવદ્ગોમંડલ અનુસાર, સંસ્કૃત સાહિત્યમાં 18ની સંખ્યા બહુ ઠેકાણે છે. મહાભારતનાં 18 પર્વ; મહાભારતમાં 18 અક્ષૌહિણી સૈન્ય; 18 દિવસ સુધી યુદ્ધ ચાલ્યું; ગીતાના 18 અધ્યાય; 18 પુરાણ; 18 સ્મૃતિ … આરંભથી કેટલાક ‘અઢાર બાબુઓ’ પોતાના ‘અઢાર વાંકા …’ છતા કરતા રહ્યા; પણ તેમને ચાતરતાં રહી, પોતાને કેડે હીંડતા રહેવાને કારણે, માંહ્યલો સતત મગન રહ્યો. ટૂંકમાં, આ જાતરા સુખરૂપ રહી.

વારુ, પહેલાં પંદર વરસ મુદ્રણ અવસ્થામાં ગયા, તે પછીના ત્રણ વરસ ડિજિટલ અવતારે વિસ્તાર પથરાયો, અને હવે, વેબપેઇજ ક્ષેત્રે પ્રવેશી જઈએ છીએ. આ એક નવો ઉઘાડ હશે. વિશાળ પટ અને અનેકાનેક અજબગજબના પડકારો. તેનું સ્વાગત જ હોય. દરમિયાન, નિજી પરિવારવૃંદ સમેત, આરંભથી કેટકેટલાં સાથીસહોદરો, લેખકગણ, અને તેમાં ય ગુજરાતીલેક્સિકૉનના સરસેનાપતિથી માંડીને તેની સેનાએ મનસા-વાચા-કર્મણા હૂંફ આપ્યા કરી છે. અને તેને કારણે અત્યાર સુધીનો આ પ્રવાસ સુખાન્ત જ અનુભવે છે. ધન્યતા અનુભવાય છે.

આ પ્રવાસ બીજી ઘણી રીતે મીઠો લાગ્યો છે : જૂઓ ને, કેટકેટલાં પુસ્તકો આ સામયિક વાટે પ્રગટ થયાં. દેશપરદેશના કેટકેટલાં કલમીઓએ પોતાની ધાર સજીને કલમ મજબૂત કરી જાણી છે. તેમાંના આજે મજબૂતપણે પોતાની ગતે માનભેર હીંડ્યા જ કરે છે. આનંદની જ અવધિ.

ભલે, કનૈયાલાલ મુનશીએ કહ્યું હોય, ‘પણ ગુજરાતને સીમાડા નથી. … ’ હકીકતે, સાંપ્રત ગુજરાતે પોતાના સીમાડા જડબેસલાક જ કર્યા છે. તેની સંસ્થાઓએ, તેના વિદ્યાધામોએ, તેના આગેવાનોએ એકાંતિક વલણ જ આગળ કર્યું છે. આ નિષિદ્ધભાવને સતત પડકારવાનું કામ “ઓપિનિયન” કરતું આવ્યું છે. મુનશી કેવી ગરવાઈથી, 1937માં, કરાચી સાહિત્ય પરિષદમાં, આપણને કહેતા હતા : ‘ગુજરાત આજે જીવંત વ્યક્તિ છે કારણ કે આપણા આચાર ને વિચારો ‘ગુજરાતીતા’ની ભાવનાથી પ્રેરાયા આવે છે. જ્યાં જ્યાં ગુજરાતીઓ વસે છે ત્યાં ત્યાં ભાવનાના નિર્ણયાત્મક પ્રાબાલ્યથી પ્રેરાઈ તેઓ બુદ્ધિપૂર્વક ભેગા મળે છે અને આમ ભવિષ્યનું સંકલ્પજન્ય ગુજરાત જન્મે છે.’ આ મુનશી સવાશતાબ્દીનું વરસ છે. આપણે તો, ભઈલા, પોપટવાણીમાં પારવધા છીએ. તેમાં રાતદી રત રહી, ક્રિયાકાંડરૂપે આ મુનશી દીધું, લખ્યું બધું જપમાળે રટણ કરવાના જ છીએ; પણ, હકીકતમાં, છેવટે, સઘળું ખંખેરી કાઢી, ફરી પાછા, ખુદને જ કેન્દ્રમાં માણેકથંભની જેમ આરોપી, પોતાના ખેલમાં ગરકાવ થઈ જવાના !

જગતના વિવિધ ડાયસ્પોરાઓમાં, ગુજરાતીઓનો ય એક મોટોમસ્સ ડાયસ્પોરા છે. આ જમાતને ય પોતાના અનુભવો છે, પોતાનો ઇતિહાસ છે, પોતાની નબળાઈ-સબળાઈ પણ છે. તેના વિધવિધ પાસાઓની સબળ વાત “ઓપિનિયને” તેનાં પાનાંઓમાં સતત કીધી છે. હજુ કહેતું રહેશે. ભીખુ પારેખ, ચંદ્રકાન્ત બક્ષી પછી, આ ક્ષેત્રે, “ઓપિનિયન”નાં કામો ગૂંજે છે. આ તેની મહદ્ દેણગી બની છે. ઇતિહાસ તેની ગવાહી પૂરશે.

આ અંકના 32-33 પાન પર, અબીહાલ, ફેઇસબુકના પાના પર ‘ડાયસ્પોરા’ અંગે જે ચર્ચા ચાલી તે શબ્દસહ લીધી છે. તેમાં જોડણી, વાક્યરચના કે વ્યાકરણ બાબત મીનમેખ કોઈ ફેરફાર

રમત

• સિતાંશુ યશશ્ચન્દ્ર

હવે તમતમારે રમો નિરાંતે ફીલ્ડમાં, હું તો
જરાક બેઠો છું,
બાઉન્ડરી લાઈનની બહાર,
બેન્ચ ઉપર.
ના, ના, તમારી સાથે જ છું; પણ હવે જરા ત્યાં.

આટલો બધો ટાઈમ ગ્રાઉન્ડમાં રમ્યો છું
એટલે રમતની જે મઝા છે એ તો જાણું જને, પૂરેપૂરી ?
તમે દિલથી રમો, દિમાગ લગાવીને, કૌવત કસીને દેહનું.
તમારી એકેએક ખૂબીને જોનારો બેઠો છે
બાઉન્ડરી લાઈનની સ્હેજ જ બહાર, એની ગૅરન્ટી.

એકેએક ખૂબી તમારી જાણે છે, તમારી ચપળતા
અને ચાલાકી અને અજોડ આવડત માણે છે ને બિરદાવે છે,
બહારથી,
એ ખ્યાલે મેદાનમાં તમનેયે મઝા આવશે થોડીક વધારે.

ને ભૂલો.

મેંયે એટએટલી ભૂલો કરી છે,
રમતમાં ને રમતમાં,
કે તમે એવી ચિંતા કરતા નહીં.
તમારાથી જો થઈ જાય કોઈ ભૂલ, રમતમાં,
તો થાય.
મારાથીયે થઈ’તી,
વાંધો નહીં.

ને હું ક્યાં અમ્પાયર છું, કે સ્કોરર ?
આ તો જરા બેઠો છું, બે ઘડી નિરાંતે.

રમો તમતમારેયે નિરાંતે, મન મૂકીને,
કોઈ બીજું છે જ નહીં, રમત સિવાય, એમ;
જાણે સ્ટેડિયમ ખીચોખીચ છે, ચારે તરફ, એમ.

ખાલીપા અને ખીચોખીચ વચ્ચેની ખડીની લાઈનને
લગભગ અડીને
હાલ તો હું બેઠો છું બે ઘડી.

જોઉં છું, મોજથી, જરાક બાઉન્ડરી બહારથી,
જાણે તમારી સાથે જ છું.

(સૌજન્ય : ‘સમય વિશેષાંક’, “નવનીત સમર્પણ”, દીપોત્સવી નવેમ્બર 2012)

ઓપિનિયન

- "ઓપિનિયન" ગુજરાતી ભાષાનું ઈન્ટરનેટી માસિક વિચારપત્ર છે અને દર માસની ૨૬મી તારીખે બહાર પડે છે.
- "ઓપિનિયન"ના વાંચક ગમે તે અંકથી થઈ શકાય છે. રસ ધરાવનારાઓએ સત્વરે પોતાનો 'ઈ.મૈલ આઈ.ડી.' મોકલવો જરૂરી બને છે.
- "ઓપિનિયન"માં શક્ય હોય ત્યાં સુધી જાહેરખબર ન લેવાની અમારી નેમ છે.
- એમાં વ્યક્ત થતા વિચારો માટેની જવાબદારી જે તે લેખકોની છે.
- "ઓપિનિયન"નાં ધોરણ અને સ્વરૂપને અનુલક્ષીને લેખકોએ પોતાની કૃતિઓ મોકલવી. હાલ પુરસ્કારનું ધોરણ નથી. પરંતુ છપાયેલી કૃતિના લેખકને જે તે અંક ભેટ મોકલવાની પ્રથા છે.
- લખાણ શાહીથી ચોખ્ખા અક્ષરે અને કાગળની એક જ બાજુએ લખવું. નનામા લેખો અસ્વીકૃત બનશે.
- ભાષા સારી માઠી હશે તેને વિષે લખનારે જરા પણ અચકાવાનું નથી. અમારી શક્તિ પ્રમાણે અમે સુધારી લઈશું. ઓછામાં ઓછી ગુજરાતી જાણનાર વાચક પણ સામયિકની મારફતે જેટલી દાદ લઈ શકે તેટલી દાદ દેવી એ અમે અમારી ફરજ સમજશું.
- જેઓ લખી ન શકતા હોય તેઓ બીજાની પાસે લખાવીને લખાણ મોકલી શકે છે.

•

સંપાદકીય પત્રવ્યવહાર

"ઓપિનિયન"

'Holly Cottage',
13 Ferring Close,
HARROW, Middlesex HA2 0AR **[U.K.]**

e.mail :
vipoolkalyani.opinion@btinternet.com

•

ભારત માટે સંપર્કનું ઠેકાણું

Villa Bellevue, 30, Avantikabai Gokhale Street, Opera House, MUMBAI - 400 004

e.mail : bharti_parekh@hotmail.com
સંપર્ક : ભારતીબહેન પારેખ

"ઓપિનિયન"નું આ ડિજિટલ અવતરણ છે. અને ગમતાનો ગુલાલ કરવાની દરેકને રજામજા જ હોય.

કર્યો જ નથી. વાંચજો. વિચારજો. વાગોળજો. આપણા એક અગ્ર કવિ, અનિલ જોશીએ, ચર્ચામાં સામેલ બની, કહ્યું છે : 'ડાયસ્પોરા સાહિત્ય એ તૂત છે. ગુજરાતીના અધ્યાપકોની નવરાશની પ્રોડક્ટ છે. આપણે સહુ પૃથ્વીના ગ્રહ ઉપર માઈગ્રેટ થયેલા વસાહતીઓ જ છીએ. અમેરિકા હોય કે પછી યુરોપનો કોઈ પણ દેશ હોય એમાં રહેતો કવિસર્જક વિદેશી હોતો નથી, જેને ઘરઝુરાપો લાગતો હોય તો ભલે લાગે. સંતરાને સફરજન ન હોવા બદલ ઠપકો અપાય નહિ.'

અનિલ સાહેબને પૂછવા મન છે : તમે કયા આધારે કહો છો કે 'ડાયસ્પોરા સાહિત્ય એ તૂત છે' ? કઈ શાસ્ત્રીય રીતરસમ, ભલા, તમે આધારે લીધી છે ? કહેશો ? 'તૂત' માટે સાર્થ ગૂજરાતી જોડણીકોશ 'બનાવટી વાત; જૂઠાણું; ગપ. (૨) તરકટ; પ્રપંચ; જાળ (૩) ચેષ્ટા; નખરાં' અર્થ આપે છે. એમને કયો અર્થ અભિપ્રેત હશે ? કોણ કહેશે ? એમણે અને એમના સરીખાએ કયું 'ડાયસ્પોરિક' સાહિત્ય વાંચ્યું ? તેનો કેવો અભ્યાસ કર્યો ? ક્યાં છે તારણ ? કે પછી દેખીતા કોઈ કારણે, સાહેબ, તમે પૂર્વગ્રંથિને ઊલેચવાનો આદર કર્યો છે ? ગુજરાતીઓ વિવેકબૃહસ્પતિ હોવાનું કહેવાય છે. તેથી, મશાલ લઈ ઘૂમતાફરતા અનિલ જોશી જેવા સાહિત્યકાર પાસે આવી અપેક્ષા ન જ હોય. 'જેને ઘરઝુરાપો લાગતો હોય તો ભલે લાગે' જેવી વાત પણ તેમનાં લખાણમાં લગીર શોભતી નથી.

ભરત ત્રિવેદી, સંજુ વાળા, ચિંતન શેલત જેવાઓએ જે દલીલ માંડી છે તેમાં ક્યાંક ઈશારો સૌરાષ્ટ્ર યુનિવર્સીટીના ગુજરાતી વિભાગ સામે અને ડાયસ્પોરિક ગુજરાતી સાહિત્યને નામ પાટલો નાંખતા બળવંત જાની સામે હોય તો ય નવાઈ નહીં. એમણે કરેલાં આ સંપાદનો શાસ્ત્રીય ઢબે તપાસીએ તો દીવા સમ દેખાશે કે મહદ્ કામ ડાયસ્પોરિક નથી જ નથી. પરંતુ એ માણસે કંઈક તો કર્યું છે ! … કાશ ! આ ચર્ચામાં સામેલ લોકોએ ઋતુલ જોશી અને પંચમ શુક્લે આપી વિગતો ધ્યાને જોઈવાંચી હોત, તો … વૃદ્ધિ થવા પામી હોત !

દલિત સાહિત્યને, નારીવાદી સાહિત્યને, અનામત સાહિત્યને, આદિવાસી સાહિત્યને, ડાયસ્પોરિક સાહિત્યને મુખ્ય પ્રવાહમાં એકરૂપ બની વહેવું જ છે. પરંત તે માટેનો માર્ગ 'ઍસિમિલેશન'નો નહીં હોય; વિવિધતા સાથે એકતાનો હોય. આ અંકમાં દીપક મહેતાના અભ્યાસ આધારિત લેખો સામેલ છે. સાહિત્યના ધૂરિણોએ ત્યારે ય વહેરોવંચો રાખ્યો જ હતો ને. તો આજે ય તે ઘરેડમાં ધપતા રહેતા આ મામકા: પોતાની નાતમાં અન્યને સામેલ કરે, તે કામ કેવી રીતે બનશે ? હજુ ઘમંડ રાસડા લે છે.

મુનશી સવાશતાબ્દી અવસરે, મુનશીના લખાણો પકડીને એમણે સ્થાપી સંસ્થામાં આ વિશે વિષદ વાદ-સંવાદ આદરી શકાય. એમણે શરૂ કરેલા "સમર્પણ"માં, ભૂલ્યો, આજના "નવનીત - સમર્પણ"માં ય, આ બાબત ઘટતું પ્રગટ કરી શકાય. અનિલ જોશી અને મંડળીએ આવું આવું કામ કરવું રહ્યું.

દરમિયાન, આપણા એક વિચારશીલ સંપાદક અને કવિ, યોગેશ વૈદ્ય, 1 માર્ચ 2013ના "નિસ્યંદન"માં લખ્યું છે, તેમાં, વાચક દોસ્ત, તમને દરેકને ભાગિયા કરવા મનસૂબો રાખ્યો છે. લો, વાંચો, વાગોળો :

'હમણાં 21મી ફેબ્રુઆરીના રોજ માતૃભાષા દિવસ આવ્યો અને ગયો. આ નિમિત્તે કેટલાક વિચારો આવ્યા, પ્રશ્નો ઉદ્‌ભવ્યા આપણી માતૃભાષા વિશે, આપણા સાહિત્ય વિષે - તે અહીં ઉતારું છું.

'કવિ સતીશચન્દ્ર વ્યાસ 'શબ્દ' દ્વારા જાણ્યું કે બંગાળમાં આજે પણ રવીન્દ્રકવિતાની કોઈ સભા ભરાય છે ત્યારે કવિવર ત્યાં સાક્ષાત્ હાજર છે તેવી ભાવના સાથે મંચ પર એક સ્થાન ખાલી રાખવામાં આવે છે. એટલું જ નહીં કવિવર માટે વાણીકુમાર રચિત ત્રણ ગાન – રવીન્દ્રવંદના, રવીન્દ્રસ્તુતિ અને રવીન્દ્રપ્રશસ્તિ ગાવાનો પણ ત્યાં રિવાજ છે. આપણે ત્યાં કોઈ કવિને આ સન્માન ક્યારે મળશે ? જાહેર સ્થળો, સંસ્થાઓમાં કવિઓના ફોટા નજરે ચડે છે ક્યાં ય ?

'આપણે સહુ જાણીએ છીએ કે માત્ર કવિતા જ તેની લયાત્મકતા અને વ્યંજનાત્મક લાઘવને લઈને કોઈપણ ભાષાના વહન–વિસ્તરણ માટેનું એક પ્રબળ માધ્યમ બની રહેવાની શક્યતા ધરાવે છે. તે હાલરડું હોય કે પછી ખંડકાવ્ય હોય. તો, પ્રશ્ન થાય કે આપણી ગુજરાતી કવિતાનો વાચકવર્ગ કેવડોક છે ? જવાબ કડવો છે … કુલ ગુજરાતીભાષીઓનો માત્ર 3.5 % થી લઈને 5% સુધીનો વર્ગ જ તેની માતૃભાષાની કવિતા વાંચે છે ! અને તે પણ સત્તર વાડાઓમાંથી ટિપાઈને, વટલીને આવતી કવિતા ! આ અતિ પાતળા વાચકવર્ગમાં જ ઢબઢબીને રહી ગઈ છે આપણી સાહિત્યિક દુનિયા. સહુને પોતપોતાના પના પ્રમાણે વર્તુળો છે, પ્રકાશકો છે, વિવેચકો છે, વાહ વાહ છે, ભયોભયો છે ! આ ખોખલો વૈભવ આપણને કેમ કરીને પાલવે છે ? આપણા વાચકની ટકાવારી વધારવા આપણે કશું કરીએ છીએ ખરા ? ઊગી રહેલ વાચકપેઢીની રુચિ ઘડવા માટે પણ કંઈક વિચારવું ન જોઈએ ?

'બદલી રહેલાં પ્રકાશન માધ્યમો પણ આપણાં ઘર સુધી આવી પહોંચ્યાં છે. આ નવાં માધ્યમોની સારી-માઠી અસરો વિષે પણ આ તકે સતર્ક થઈ જવું રહ્યું. આંખો બંધ કરી દેવાથી આવનાર આંધી ટળી જવાની નથી.

'જ્યાં સુધી આપણાં ઘરોમાં આ ભાષા બોલાય છે, આ ભાષામાં સપનાં આવે છે, આ ભાષામાં હાલરડાં ગવાય છે, લગ્નગીતો, ભજનો, ગરબા ગવાય છે, આ ભાષા જીવતી તો રહેશે; પણ તેને ખરા અર્થમાં જીવંત, પરિવર્તનશીલ અને કાળજયી બનાવી રાખવા એક યોજનાબદ્ધ, વૈજ્ઞાનિક, વ્યાપક અને સર્વસ્વીકૃત અભિગમ સાથે કામ કરવાની જરૂરત છે જ છે.

'અહીં પ્રશ્ન આવડતનો કે સાધનસંપન્નતાનો નથી; પ્રશ્ન સાચુકલા ભાષાપ્રેમનો અને તેની ખેવનાનો છે. અને આપણાં સાહિત્યિક પારિતોષિકોની સૂચિમાં ખેવના માટે કોઈ વિભાગ હોવાનું અમારી જાણમાં નથી.'

આપણે, આંતરમુખ બની ક્યારે ખુદને સવાલશું ? ક્યારે કરવટ બદલીશું ?

e.mail : vipoolkalyani.opinion@btinternet.com

ઓગણીસમી સદીના સાહિત્યનું વિવેચન

• દીપક મહેતા

'ઝટ્ટ ડોળિ નાંખો રે, મનજળ થંભ થયેલું'

ઓગણીસમી સદીનાં આપણાં સમાજ, ધર્મ, શિક્ષણ, ભાષા, સાહિત્ય, આ બધાંની જે તાતી જરૂરિયાત હતી તે કવિ નર્મદના આ શબ્દોમાં છતી થાય છે. સમાજ સુધારો એ ઓગણીસમી સદીનાં જીવન અને સાહિત્યનું એક મહત્ત્વનું પરિબળ ખરું, પણ તે એકમાત્ર પરિબળ નહોતું. એ જમાનાનાં કેટલાંક સામયિકોનાં નામ જુઓ : વિદ્યાસાગર (૧૮૪૦), ખોજદોસ્ત (૧૮૪૨), જ્ઞાનપ્રસારક (૧૮૪૮), બુદ્ધિપ્રકાશ (૧૮૫૦), રાસ્તગોફ્તાર (૧૮૫૧), સત્યપ્રકાશ (૧૮૫૩), જ્ઞાનદીપક (૧૮૫૬), અને બુદ્ધિવર્ધક (૧૮૫૬). આ સામયિકોનાં નામમાં આવતા વિદ્યા, જ્ઞાન, સત્ય, બુદ્ધિ, જેવા શબ્દો સૂચક છે. એ વખતે પશ્ચિમ ભારતમાં જે મથામણ ચાલી રહી હતી તે માત્ર સમાજ સુધારા અંગેની ન હતી. વ્યક્તિ અને સમાજના જીવનમાં વિદ્યાની, જ્ઞાનની, સત્યની, બુદ્ધિની પ્રતિષ્ઠા કરવાની હતી. બ્રિટીશ પદ્ધતિના શિક્ષણને પ્રતાપે જે નવી નવી વિદ્યાશાખાઓ આપણી નજર સામે ખુલી રહી હતી તેની પ્રતિષ્ઠા કરવાની હતી. આ વ્યાખ્યાન સાથે જેમનું નામ જોડાયેલું છે તે આપણા અગ્રણી વિવેચક અનંતરાય રાવળે બહુ યોગ્ય રીતે કહ્યું હતું તેમ 'અંગ્રેજો દ્વારા પ્રવૃત્તિપુરુષાર્થી પશ્ચિમનું, એટલે વૈજ્ઞાનિક અને અન્ય સાધનો દ્વારા ભૌતિક ઉત્કર્ષની સાધના પુરસ્કારતી અર્વાચીન પાશ્ચાત્ય સંસ્કૃતિનું, ભારતમાં થયેલું આગમન અને તેણે સ્ફુરાવેલ જાગૃતિ અને નવચૈતન્ય, અંગેજી કેળવણી, મુદ્રણકળા, એ બધાંએ બદલી નાખેલી હવામાં જ સાંસારિક સભાનતા પ્રગટી. તેણે સાહિત્યનું સુકાન બદલી નાખતાં અર્વાચીન સાહિત્ય પ્રભુલક્ષી મટી માનવલક્ષી અને સંસારલક્ષી એટલે જીવનાભિમુખ બન્યું. પરિણામે સમાજ સુધારો, ધર્મસુધારણા, રાષ્ટ્રીય અસ્મિતાનું પ્રાગટ્ય, વગેરેએ આપણા અર્વાચીન સાહિત્યને ઉપાદાનભૂત જીવનસામગ્રી પૂરી પાડી છે.' ['નિત્યનૂતન સારસ્વતયજ્ઞ' તારતમ્ય પા. ૩૯. ૧ આવૃત્તિ, ૧૯૭૧] આપણે જેને 'સુધારક યુગ' કહીએ છીએ તેને માટે આ જ લેખમાં રાવળસાહેબે 'જાગૃતિ યુગ' એવી વધુ વ્યાપક સંજ્ઞા પ્રયોજી છે. એટલે સુધારક યુગનું સાહિત્ય એવી ઓળખને બદલે પ્રબોધન યુગનું અથવા જાગૃતિ યુગનું સાહિત્ય એવી ઓળખાણ વધુ સાચી ઓળખાણ બની રહે. આજે આપણે જેને પંડિત યુગના સાહિત્ય તરીકે ઓળખીએ છીએ તે પણ હકીકતમાં તો આ પ્રબોધન યુગના સાહિત્યનું જ એક્સ્ટેન્શન – વિસ્તરણ – હતું. એટલે ૧૯મી સદીનાં સાહિત્યને બે ભાગમાં વહેંચવા કરતાં આખી ઓગણીસમી સદીના સાહિત્ય માટે 'પ્રબોધન યુગનું સાહિત્ય' એવી સંજ્ઞા યોજવાનું વધારે ઉચિત ગણાય.

ઓગણીસમી સદીના સાહિત્યના વિવેચન વિશે વાત કરતાં સૌથી પહેલી જરૂર જણાય છે તે ઓગણીસમી સદીના પૂર્વાધ પર સવિશેષ ધ્યાન આપીને એ સમયગાળામાં પ્રગટ થયેલાં પુસ્તકો અને સામયિકોના મહત્ત્વને સમજવાની અને સ્વીકારવાની. આપણા સાહિત્યમાં અર્વાચીન યુગની શરૂઆત નર્મદ-દલપતનાં લખાણોથી જ થઈ એવી માન્યતા આપણા વિવેચનમાં ઘર કરી ગઈ છે. નર્મદ અને દલપત એ આપણા સાહિત્યના અર્વાચીન યુગના બે મુખ્ય અને મહત્ત્વના પુરસ્કર્તા ખરા, પણ સમય દૃષ્ટિએ પહેલા પુરસ્કર્તા નહીં. અર્વાચીનતાનાં વૃત્તિવલણોનો સીધો સંબંધ બે સાહિત્યેતર ઘટનાઓ સાથે રહેલો છે. કાળક્રમે જોતાં આમાંની પહેલી ઘટના તે મુદ્રણનું આગમન અને બીજી ઘટના તે બ્રિટીશ પદ્ધતિના શાળા-શિક્ષણની અને પછી ઉચ્ચ શિક્ષણની શરૂઆત. આ શરૂઆત ૧૯મી સદીના પૂર્વાધમાં મુંબઈમાં થઈ. ૧૮૦૮માં પહેલવહેલું છપાયેલું ગુજરાતી પુસ્તક મુંબઈમાં છપાઈને પ્રગટ થયું ત્યારથી ૧૮૫૨ સુધીમાં આપણી ભાષામાં ઓછામાં ઓછાં ૩૦૦ પુસ્તકો પ્રગટ થયાં હતાં. તેમાંનાં મોટા ભાગનાં પદ્યમાં નહીં, ગદ્યમાં લખાયેલાં હતાં. અને છતાં અર્વાચીન ગુજરાતી ગદ્યની શરૂઆત ૧૮૫૦માં પ્રગટ થયેલા દલપતરામના 'ભૂત નિબંધ'થી કે ૧૮૫૧માં પ્રગટ થયેલા નર્મદના નિબંધ 'મંડળી મળવાથી થતા લાભ'થી થઈ, એમ આપણે વર્ષોથી માનતા-મનાવતા આવ્યા છીએ. વાત જો સર્જનાત્મક ગદ્યની જ કરવાની હોય તો તો આ બંને કૃતિઓનું ગદ્ય પણ સર્જનાત્મક ગદ્ય નથી જ. હકીકતમાં અર્વાચીન ગુજરાતી ગદ્યનો આરંભ ૧૮૫૦ કરતાં ઘણો વહેલો પારસીઓ, પાદરીઓ, અને પરદેશી અમલદારોને હાથે થઈ ચૂક્યો હતો. અલબત્ત, તેમાંનું ઘણુંખરું ગદ્ય કાં અનુવાદ માટે, કાં ધર્મપ્રચાર માટે, કાં શાલેય શિક્ષણ માટે પ્રયોજાયું હતું, પણ તેથી એ અર્વાચીન ગદ્ય નહોતું એમ કેમ કહી શકાય? પણ આપણા સાહિત્યના ઈતિહાસમાં થોડા અપવાદોને બાદ કરતાં આપણે પારસીઓ, પાદરીઓ, અને પરદેશીઓના પ્રદાનની તો અવગણના જ કરી છે. ૧૮૪૪માં સુરતથી પ્રગટ થયેલા 'પિલગ્રિમ્સ પ્રોગ્રેસ'ના અનુવાદ 'યાત્રાકરી'નો અને અનુવાદક ફાધર વિલિયમ ફ્લાવરનો ઉલ્લેખ આપણા સાહિત્યના ઈતિહાસમાં ક્યાંય જોવા નહીં મળે. ચાલો, એ તો અનુવાદ હતો, પણ ૧૮૪૪માં જ પૂરાં સાતસો પાનાંમાં કાવસજી સોરાબજી કાવસજી પટેલે 'ચીનનો અહેવાલ' નામનું પ્રવાસ વર્ણનનું પુસ્તક મુંબઈથી પ્રગટ કરેલું. તેની વાત કોઈએ કરી છે? કરીએ તો તો પછી નર્મદ-દલપતનો ગદ્યના પ્રારંભક હોવાનો હક્ક લૂંટાઈ જાય ને? પણ ખુદ નર્મદે પોતે ગુજરાતી ગદ્યને જન્મ આપ્યાનું માન કેપ્ટન જર્વિસને આપ્યું છે અને ૧૮૨૮ના વરસથી 'ગદ્યમાં લખવાનું શરૂ થયું' એમ કહ્યું છે. પણ આ કેપ્ટન જર્વિસ કોણ હતો, એણે શું શું લખેલું એની ભાળ મેળવવાનો પ્રયત્ન કોણે કર્યો છે? ૧૮૬૭માં પ્રગટ થયેલા અભિજ્ઞાન શાકુંતલ નાટકના ઝવેરીલાલ યાજ્ઞિક અને દલપતરામ ખખ્ખરના બે અનુવાદ સંસ્કૃતમાંથી થયેલા પહેલા અનુવાદ તરીકે ઓળખાવાતા આવ્યા છે. પણ એ બંને મહાનુભાવોનો જન્મ પણ નહોતો થયો ત્યારે, છેક ૧૮૨૪માં સંસ્કૃતમાંથી પંચતંત્રનો અનુવાદ 'પંચોપાખીઆંન' નામે ફરદુનજી મર્ઝબાનજીએ કર્યો હતો એ વાત સાહિત્યના ઈતિહાસ કે વિવેચનમાં કોઈએ નોંધી છે? ૧૮૫૭માં મુંબઈ યુનિવર્સિટી શરૂ થઈ તે પછી કેટલાંક વર્ષો સુધી આ 'પંચોપાખીઆંન' પાઠ્યપુસ્તક તરીકે ભણાવાતું હતું અને ૧૮૮૨ સુધીમાં તેની છ આવૃત્તિ પ્રગટ થઈ હતી. તેનાથી પણ પહેલાં, ૧૮૨૧માં બાયબલના નવા કરારનો અનુવાદ સુરતમાં છપાઈને પ્રગટ થયો હતો. જેમ્સ સ્કિનર અને વિલિયમ ફાઈવી નામના લંડન મિશનરી સોસાયટીના બે પરદેશી પાદરીઓ ગુજરાતી ભાષા શીખીને બાયબલનો અનુવાદ ગુજરાતી ગદ્યમાં કરે, જ્યારે નર્મદનો જન્મ પણ થયો નહોતો અને જ્યારે દલપતરામની

અબરખ બની ગયું

• પંચમ શુક્લ

ઊર્મિને અશ્રુ અડક્યું ને અબરખ બની ગયું,
સ્પર્શોનું ઉરસ્ત્રાણ કેવું નખ બની ગયું !

બારીનું જે છજ્જું ન નીચે ઊતરી શક્યું,
જર્જર થઈ પડ્યું, પછી પાલખ બની ગયું.

વર્ષોથી પાનખર પછી જે લીલું થઈ જતું,
આ ફેર, જોઈ flat કને, ખખ બની ગયું.

છે લાગણીની જાળ ને પીડાય મીઠડી,
સારું થયું, હૃદય ભલા ! મૂરખ બની ગયું.

સમૃદ્ધિ- સિદ્ધિની પ્રચંડ આંચથી છળી,
સંપૂર્ણ શુદ્ધ જ્ઞાન આ ગોરખ બની ગયું.

ઉરસ્ત્રાણ : છાતીનું કવચ, બખ્તર
પાલખ : મકાનના ચણતર વગેરે કામ વખતે ઊભી ખોડેલી વળીઓ કે વાંસડાઓ સાથે બંધાતાં પાટિયાંવાળી માંડણી
ખખ : ખોખરું, નિઃસત્ત્વ, વૃદ્ધ

3/3/2013

e.mail : spancham@yahoo.com

ઉંમર માંડ દોઢેક વર્ષની હતી ત્યારે કરે, એ હકીકત આપણા વિવેચને કે ઇતિહાસે નોંધી પણ છે? પણ આ બે પાદરીઓ પણ પહેલા ગદ્યકાર નથી. તેમના પહેલાં 'કમતરીન ખાકસાર મુનશી ડોશાભાઈ મોબેદ શોહરાબજી ભરવચીએ' કરેલો 'મોગલાઈ ઊનાની હકીમ લોકોનો ઊહવાલ તથા તે લોકોની નશીહતો' નામનો અનુવાદ ૧૮૧૮માં મુંબઈના ફરદુનજી મર્ઝબાનજીના છાપખાનામાં છપાઈને પ્રગટ થયો હતો. અને આ જ ફરદુનજી મર્ઝબાનજીએ ૧૮૧૫ના ડિસેમ્બરની ૨૫મી તારીખે પોતે કરેલા અનુવાદનું ૪૧૦ પાનાંનું પુસ્તક પોતાના છાપખાનામાં છાપીને પ્રગટ કર્યું હતું. એનું નામ 'દબેસ્તાનુલ મઝાહેબ.' કોઈ પુસ્તકનો અનુવાદ પ્રગટ કરતાં પહેલાં કોઈ જાણકાર પાસે તેની ચકાસણી કરાવવાનું આજે પણ આપણને બહુ જરૂરી લાગતું નથી, અને પરિણામે કઢંગા અનુવાદો ખડકાતા જાય છે. ફરદુનજી પોતે ફારસીના સારા જાણકાર હતા, ગુજરાતી તો તેમની માતૃભાષા હતી, છતાં પોતે ફારસીમાંથી કરેલા આ અનુવાદની ચકાસણી તેમણે ત્રણ-ત્રણ જાણકારો પાસે કરાવી હતી અને તેમનાં પ્રમાણપત્ર પ્રસ્તાવનામાં આમેજ કર્યાં હતાં. અને છતાં ગુજરાતી ગદ્યલેખન અંગે આટલી સભાનતાભરી કાળજી રાખનારનું નામ પણ આપણે લેતા નથી. અર્વાચીન મરાઠી સાહિત્યના વિકાસ અને ઘડતરમાં પરદેશીઓ અને પાદરીઓએ આપેલા ફાળા અંગે સંશોધન કરી, અભ્યાસપૂર્વક લખાયેલાં પુસ્તકો પ્રગટ થયાં છે. પણ આપણે પુસ્તકો લખવાની વાત તો દૂર રહી, પરદેશીઓ અને પાદરીઓના ફાળાની નોંધ પણ કેટલી લીધી છે? પારસીઓની ભાષાને 'અશુદ્ધ'નું લેબલ લગાડીને આપણે પહેલાં તેમના સાહિત્યને મુખ્ય પ્રવાહથી અલગ માનવાનું અને પછી એ અલગ પ્રવાહની અવગણના કરવાનું શરૂ કર્યું. આ વલણની શરૂઆત પોતાની કૃત્રિમ રીતે સંસ્કૃતમય ભાષાનો ફાંકો ધરાવતા પંડિત યુગના કેટલાક લેખકોથી થઈ અને ભાષાશુદ્ધિના આગ્રહી એવા ગાંધી યુગના કેટલાક લેખકોએ એ વલણને વધુ દૃઢ બનાવ્યું. એક ઉદાહરણ રૂપે આ વાક્ય જુઓ : '૧૮૨૨માં ગુજરાતની સાહસિક પારસી કોમના એક નબીરાએ 'મુમબઈ સમાચાર' નામે અઠવાડિક કાઢવા માંડ્યું ... ભલે મુંબઈથી શરૂ થયેલું, પણ આ ગુજરાતી ભાષાનું સાહસ હતું.' ગુજરાતી સાહિત્ય પરિષદે પ્રગટ કરેલા બહુખંડી 'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ'ના ત્રીજા ભાગની ભૂમિકામાં યશવંત શુક્લે આ શબ્દો લખ્યા છે. બીજે ક્યાંય નહીં ને સાહિત્યના આવા વિસ્તૃત ઇતિહાસમાં પણ આમ નામ વગર મભમ વાત થાય એ કેવું? '૧૮૬૪માં એક નાગર નબીરાએ 'ડાંડિયો' નામે સામયિક કાઢવા માંડ્યું' એમ કોઈ લેખક લખે ખરો? ૧૯૭૬માં પ્રગટ થયેલી પહેલી આવૃત્તિમાં આમ છપાયું. ૨૦૦૫માં બીજી શોધિત-વર્ધિત આવૃત્તિ પ્રગટ થઈ ત્યારે પણ એ પારસી નબીરાનું નામ આપવાનું ન તો બીજી આવૃત્તિના વિદ્વાન સંપાદક કે પરામર્શકને જરૂરી લાગ્યું, કે ન તો પ્રકાશક સંસ્થાને જરૂરી લાગ્યું.



અનંતરાય મણિશંકર રાવળ
(૦૧.૦૧.૧૯૧૨ – ૧૮.૧૧.૧૯૮૮)
-: સદ્‌ભાવ :-
'ગુજરાતી સાહિત્ય પરિષદ' ફોટો ગેલેરી,
છબિકાર : જગનભાઈ મહેતા

પણ આપણે માત્ર પારસીઓ, પાદરીઓ, અને પરદેશીઓ જેવા સમૂહોની જ ઉપેક્ષા કરી છે એવું નથી. આપણી કેટલીક મહત્ત્વની સંસ્થાઓની પણ ઉપેક્ષા કરી છે. પારસીઓની જોડાક્ષર વગરની 'અશુદ્ધ' ભાષાનો દાખલો આપવા માટે 'ગનેઆન પરસારક'નો ઉપહાસભર્યો ઉલ્લેખ કરવા સિવાય આપણે એ સંસ્થા અને તેની કામગીરી વિશે જાણવાની કેટલી ચિંતા કરી છે? ૧૮૪૮ના સપ્ટેમ્બરની છઠ્ઠી તારીખે આ સંસ્થાની સ્થાપના થઈ ત્યારે તેના પહેલા પ્રમુખ કોઈ પારસી નહીં, પણ રણછોડદાસ ગિરધરભાઈ ઝવેરી હતા અને તેની પહેલી કારોબારી સમિતિના કુલ આઠ સભ્યોમાંથી ત્રણ હિંદુ અને પાંચ પારસી હતા. ૧૯૫૯માં આ મંડળીને ૧૧૦ વર્ષ પૂરાં થયાં તેનો ઉત્સવ મુંબઈમાં ઉજવાયો હતો અને તે વખતે તેના પ્રમુખ હતા પોપટલાલ ગોવિંદલાલ શાહ, અને તેની કારોબારીમાં હરસિદ્ધભાઈ દિવેટિયા અને જ્યોતીન્દ્ર દવેનો સમાવેશ થતો હતો. પણ આપણે તો આ સંસ્થા પર 'પારસીઓની મંડળી' એવી છાપ મારી તે મારી. હકીકતમાં, ૧૯મી સદીની પહેલી ત્રણ પચ્ચીસી સુધી સાહિત્ય, પત્રકારત્વ, શિક્ષણ, સમાજ સુધારો વગેરે ક્ષેત્રોમાં, કંઈ નહીં તો મુંબઈમાં, ગુજરાતી અને મરાઠી હિન્દુઓ, પારસીઓ, કેટલાક પરદેશી અમલદારો અને થોડાક પાદરીઓ સાથે મળીને કામ કરતા હતા. આ બધાં ક્ષેત્રોમાં ગુજરાતીભાષી હિન્દુઓનો જુદો ચોકો માંડવાની શરૂઆત આપણે જેને 'પંડિત યુગ' કહીએ છીએ ત્યારથી થઈ.

નર્મદે પોતાનો પહેલો ગદ્યલેખ ભાષણ રૂપે મુંબઈની બુદ્ધિવર્ધક સભામાં રજૂ કર્યો હતો એટલા પૂરતી આપણે એ સભાને યાદ કરીએ છીએ, પણ આ સભાની પણ વિગતે વાત આપણે કેટલી કરીએ છીએ? હકીકતમાં, ૧૮૫૧માં, લગભગ એક જ વખતે, લગભગ સરખા નામવાળી બે સંસ્થાઓ શરૂ થઈ હતી. તેમાંની એક તે નર્મદે શરૂ કરેલી 'જુવાન પુરુષોની અન્યોઅન્ય બુદ્ધિવર્ધક સભા'. કોલેજનો અભ્યાસ પડતો મૂકીને નર્મદને સુરત જવું પડ્યું અને તેની દોરવણી વગર આ સભા ઝાઝો વખત ચાલી શકી નહીં. બીજી બાજુ ગંગાદાસ કિશોરદાસે એલ્ફિન્સ્ટન કોલેજના પ્રોફેસર પાટન સાથે મસલત કરીને ૧૮૫૧ના આરંભમાં 'બુદ્ધિવર્ધક હિંદુ સભા'ની સ્થાપન કરી. તેના પહેલા પ્રમુખ હતા પ્રાણલાલ મથુરાદાસ, સેક્રેટરી હતા મોહનલાલ રણછોડદાસ ઝવેરી, જ્યારે ગંગાદાસ પોતે હતા ખજાનચી. ૧૮૫૧ના ફેબ્રુઆરીના ઉત્તરાર્ધમાં નર્મદ મુંબઈ છોડી સુરત ગયો તે પછી ૧૮૫૧ના માર્ચની ૩૦મી તારીખથી તેણે સ્થાપેલી મંડળી પ્રાણલાલ મથુરાદાસવાળી 'બુદ્ધિ વર્ધક સભા'માં ભળી ગઈ. લગભગ ૧૮૭૦ સુધી આ સભા અને તેનું સામયિક 'બુદ્ધિવર્ધક ગ્રંથ' વધતે ઓછે અંશે કાર્યરત રહ્યાં હતાં. ૧૮૯૪-૯૫માં થોડા વખત માટે તે સંસ્થા ફરી સક્રીય બની ત્યારે તેના નામમાંથી 'હિંદુ' શબ્દ કાઢી નાખવામાં આવ્યો. છેવટે ૧૯૩૪ના જુલાઈની ૨૯મી તારીખે તે ફાર્બસ ગુજરાતી સભામાં વિલીન થઈ ગઈ. આજે ફાર્બસ ગુજરાતી સભાનું પુસ્તકાલય ઔપચારિક રીતે 'બુદ્ધિવર્ધક પુસ્તકાલય' તરીકે ઓળખાય છે એટલા પૂરતું હજી એ સંસ્થાનું નામ રહ્યું છે. પણ આ સંસ્થાના ઇતિહાસ અને કામગીરીની આપણે ઝાઝી ચિંતા કરી નથી. 'બુદ્ધિવર્ધક ગ્રંથ'ની લગભગ આખી ફાઈલ મુંબઈની કે.આર. કામા ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યૂટમાં સચવાઈ છે. એકના એક ચવાઈ ગયેલા વિષયો પર પીએચ.ડી. માટે 'શોધનિબંધ' લખનારાઓની નજર આજ સુધી તેમાં દટાયેલા ખજાનાને શોધી શકી નથી.

સંસ્થાઓની ઉપેક્ષા કરી છે તેમ આપણા વિવેચને ૧૯મી સદીનાં ઘણાંખરાં સામયિકોની પણ ઉપેક્ષા કરી છે. 'બુદ્ધિપ્રકાશ'ને જ પહેલું ગુજરાતી સામયિક માનીને આપણે ચાલતા આવ્યા છીએ. પણ ૧૫મી મે ૧૮૫૦ના રોજ પ્રગટ થયેલા તેના પહેલા અંકમાં આરંભે છાપેલા 'પ્રસ્તાવના અથવા દીબાચો'માં એક વાક્ય આ પ્રમાણે છે : 'જેટલાં મુંબાઈનાં વરતમાન અથવા ચોપાંનીઆં આવે છે, તેને લોકો ગપાઉંસ છે કેહે છે.' એ જમાનામાં સામયિકો માટે 'ચોપાંનીઆં' શબ્દ વપરાતો. પણ આ વાક્ય એ હકીકતનું સૂચન કરે છે કે 'બુદ્ધિપ્રકાશ' શરૂ થયું તે પહેલાં મુંબઈમાં ગુજરાતી સામયિકો પ્રગટ થતાં હતાં એટલું જ નહીં, એ જમાનામાં ટપાલ કે વાહનવ્યવહારનાં સાધનો ટાંચા હોવા છતાં તે અમદાવાદ સુધી પહોંચતાં હતાં. હકીકતમાં પહેલવહેલું ગુજરાતી

માસિક મુંબઈથી પ્રગટ થયું હતું, ૧૮૪૦ના સપ્ટેમ્બરની પહેલી તારીખે. તેનું 'અશુદ્ધ' નામ 'વીદેઆ સાગર', 'શુદ્ધ' નામ 'વિદ્યાસાગર.' એલ્ફિન્સ્ટન કોલેજના પહેલવહેલા ગુજરાતી આસિસ્ટન્ટ પ્રોફેસર નવરોજજી ફરદુનજી તેના અધિપતિ હતા. એ જમાનામાં ઘણી મોંઘી કહેવાય તેવી તેની કિંમત હતી દોઢ રૂપિયો! ૧૮૪૬ના ડિસેમ્બર સુધી તે નિયમિતરૂપે પ્રગટ થતું હતું. તે બંધ પડ્યું તે પહેલાં, ૧૮૪૬ના જાન્યુઆરીની પહેલી તારીખથી બે ગુજરાતી સામયિકો શરૂ થયાં હતાં. મુંબઈથી અગ્રણી પત્રકાર, સમાજ સુધારક, અને લેખક સોરાબજી શાપુરજી બંગાળીએ 'જગત મીતર' શરૂ કર્યું જે ૧૮૫૫ સુધી ચાલુ હતું. બીજું માસિક તે જ દિવસે સુરતમાં શરૂ થયું તે 'સુરતના પરહેજગાર.' ૧૮૩૯ના માર્ચમાં મુંબઈમાં કેટલાક અંગ્રેજ લશ્કરી અધિકારીઓએ 'ટેમ્પરનન્સ યુનિયન'ની સ્થાપના કરી હતી. ટેમ્પરનન્સ એટલે મદ્યનિષેધ. બેજનજી પાલનજી કોટવાલની આગેવાની હેઠળ તેની એક શાખા સુરતમાં ૧૮૪૫માં શરૂ થઈ હતી. એ શાખાએ શરૂ કરેલું 'સુરતના પરહેજગાર' એ આપણી ભાષાનું દારૂબંધીને વરેલું પહેલું – અને કદાચ છેલ્લું – સામયિક. ૧૮૫૦ના ઓક્ટોબરમાં બેજનજીનું અવસાન થતાં તે બંધ પડ્યું. અગાઉ જેનો ઉલ્લેખ કરેલો તે જ્ઞાનપ્રસારક મંડળીએ ૧૮૪૯ના જુલાઈ મહિનાથી 'જ્ઞાનપ્રસારક' નામનું જ માસિક શરૂ કર્યું હતું જે ૧૮૬૭ના ડિસેમ્બર સુધી ચાલુ હતું. એ જ મંડળી તરફથી ૧૮૫૨માં અરદેશર ફરામજી મૂસના અધિપણા નીચે 'ખોલાસે જાદુ' શરૂ થયું હતું જે બે વર્ષ જ ચાલ્યું હતું. ૧૯૫૧ના ઓગસ્ટની પહેલીથી સોરાબજી બંગાળીએ 'જગત પરેમી' નામે બીજું માસિક શરૂ કર્યું હતું. તેનો મુખ્ય ભાગ 'ઉગમણ તથા આથમણ પરાન્તના દેશોની પુરાતન હાલતને લગતી શોધો' માટે રોકાયેલો રહેતો. કેવળ સંગીતને વરેલું સામયિક ગુજરાતીમાં ચલાવવું આજે પણ સહેલું નથી. ૧૮૫૪માં તો એમ કરવું કેટલું મુશ્કેલ હશે? પણ મુંબઈથી દાદાભાઈ સોરાબજી મહેતાએ ૧૮૫૪ના જાન્યુઆરીની પહેલીથી સંગીતને વરેલું 'સરોદ સરાહીદન' નામનું માસિક શરૂ કર્યું એટલું જ નહીં ૧૮૬૧ સુધી તેને ચલાવ્યું હતું. ૧૯મી સદીના પૂર્વાર્ધની વાત જવા દો, માત્ર સાહિત્યવિવેચનને વરેલું એક ત્રિમાસિક છેક ૧૮૮૬માં મુંબઈથી શરૂ થયું હતું એ વાતની કોણે નોંધ લીધી છે? સાક્ષર સહાયક, પ્રજા પ્રબોધક મંડળે શરૂ કરેલા એ સામયિકનું નામ હતું 'વિવેચક.' ગુજરાતી ટૂંકી વાર્તાનું પગેરું હજી આપણે સંતોષકારક રીતે શોધી શક્યા નથી, કારણ આપણી નજર માત્ર પુસ્તકો પર રહી છે. ૧૯મી સદીના ઉત્તરાર્ધનાં સામયિકોની ફાઈલો ઝીણા આંકે ચાળીએ તો તેમાંથી શરૂઆતની ટૂંકી વાર્તાના નમૂના મળી આવે તેવો પૂરો સંભવ છે. પચાસ વર્ષ સુધી આપણાં સામયિકોને વાર્તા છાપ્યા વગર ચાલ્યું હોય એમ માનવું મુશ્કેલ છે. હા, અનુવાદ કે રૂપાંતર માટેની સૂગ આપણે છોડવી પડે. આપણી સૌથી મોટી મુશ્કેલી એ છે કે ગુજરાતી સાહિત્યનો, છાપાં-સામયિકોનો, સાહિત્યિક સંસ્થાઓનો, સિલસિલાબંધ, વિગતવાર, પ્રમાણભૂત ઇતિહાસ આપણી પાસે છે જ નહીં. અને જ્યાં માહિતી જ નથી, ત્યાં વિવેચન તો ક્યાંથી જ હોય?

ગમે તેટલા મહાન સર્જકની કૃતિ પણ સાહિત્યિક મરુભૂમિમાં એકાએક ઊગી નીકળતી નથી. એવા સર્જકને અને એવી કૃતિને પોષનારાં અને પ્રેરનારાં તત્ત્વો અને સત્ત્વો સાહિત્યિક ભૂમિમાં ધરબાયેલાં પડ્યાં જ હોય છે. નવલકથા અને નાટક જેવા સમાજ સાથે સીધો સંબંધ ધરાવતા પ્રકારો માટે તો આ વાત સવિશેષ સાચી છે. પણ આપણા સાહિત્યના વિવેચનનાં કે ઇતિહાસનાં ઘણાંખરાં પુસ્તકો માર્ગસૂચક સ્તંભોની જેટલી વાત કરે છે તેટલી માર્ગની કરતાં નથી. એક બે ઉદાહરણો જોઈએ. આપણા વિવેચને માની લીધું કે આપણી નવલકથામાં દેશી રાજ્યોની ખટપટની વાત પહેલીવાર ગોવર્ધનરામે 'સરસ્વતીચંદ્ર'માં કરી. પણ ૧૮૬૬માં 'કરણઘેલો' પ્રગટ થઈ તે પછી ચાર જ વર્ષે પ્રગટ થયેલી ભાણશંકર જયશંકરની નવલકથા 'ભભકપૂર'માં એશઆરામમાં પડી જઈને કર્તવ્યભાન ભૂલેલા રાજાનું પતન થતું બતાવાયું છે. દેશી રાજ્યો અંગેની આ આપણી પહેલી નવલકથા છે. પાત્રોને ગુણ પ્રમાણે અપાયેલાં નામોને એક વખત 'સરસ્વતીચંદ્ર'ની વિશિષ્ટતા ગણાવવામાં આવતી હતી. પણ 'ભભકપૂર'ના લેખક આ બાબતમાં પણ ગોવર્ધનરામના પુરોગામી છે. રાજા અબલસિંહ, કારભારી નિષ્કપટીદાસ, લાંચખાઉ કારભારી ત્રોડફોડભાઈ, રાજવૈદ ધનદાસ, વગેરે પાત્રો અહીં જોવા મળે છે. ૧૮૭૯માં પ્રગટ થયેલી હરગોવિંદદાસ કાંટાવાળાની 'અંધેરી નગરીનો ગર્ધવસેન' પણ દેશી રાજ્યોની દશા અને તેમાં સુધારો કરવાના ઉપાયો વિશેની નવલકથા છે. અહીં પણ ગર્ધવસેન, દુર્બળસિંહ, બોથડપંત, કપટચંદ, એવાં પાત્રનામો જોવા મળે છે. 'સરસ્વતીચંદ્ર'માં ગુણસુંદરી છે તો અહીં સગુણસુંદરી છે. 'સરસ્વતીચંદ્ર'નાં કુમુદ અને કુસુમ જેવાં પાત્રો વિશે કહેવાયું છે કે આ નવલકથા વાંચીને ઘણા લોકોએ પોતાની દીકરીઓનાં આવાં નામ પાડેલાં. પણ હકીકતમાં એ વખતના સમાજમાં પ્રચલિત નામો ગોવર્ધનરામે ઉપાડી લીધાં હોય એવો સંભવ વધારે છે. કારણ ૧૮૭૨માં પ્રગટ થયેલી ધીરજરામ જગજીવનદાસની નવલકથા 'કુમુદા'ની નાયિકાનું તે જ નામ છે અને તેમાં એક પાત્રનું નામ કુસમ પણ છે. તો ૧૮૮૪માં પ્રગટ થયેલી વિઠ્ઠલદાસ ધનજીભાઈની નવલકથાનું નામ છે 'પતિવ્રતા સ્ત્રી ગુણસુંદરી'. નવીનચંદ્ર અને કુમુદ વચ્ચેના પત્રવ્યવહારને પણ 'સરસ્વતીચંદ્ર'નું એક આગવું પાસું ગણવામાં આવે છે. પણ આવો પત્રવ્યવહાર કરનારી કુમુદ પહેલી નાયિકા નથી. ૧૮૭૩માં પ્રગટ થયેલી કેશવરામ દલપતરામની નવલકથા 'ચંદાકુમારીની વાર્તા'માં પણ કથાનાયિકા ચંદાકુમારી નાયક પ્રાણલાલ સાથે લાંબો પત્રવ્યવહાર ચલાવે છે. કથાને અંતે વિધવા કુમુદનાં લગ્ન સરસ્વતીચંદ્ર સાથે ગોવર્ધનરામે નથી કરાવ્યાં એ અંગે આપણે ત્યાં સારી એવી ચર્ચા થઈ છે અને નવલકથામાં વિધવાનાં પુનર્લગ્ન કરાવવાની પહેલ કનૈયાલાલ મુનશીએ 'કોનો વાંક?'માં કરી એમ કહેવાયું છે. પણ હકીકતમાં વિધવાવિવાહ કરાવવાનું હિંમતભર્યું પગલું 'સરસ્વતીચંદ્ર'નો પહેલો ભાગ બહાર પડ્યો તે પહેલાં, ૧૮૮૦માં પ્રગટ થયેલી નવલકથા 'કમળાકુમારી'માં ભવાનીશંકર નરસિંહરામ કવિ નામના લેખકે લીધું હતું. આ નવલકથાની સોળ પાનાંની પ્રસ્તાવના અંગ્રેજીમાં રમણભાઈ નીલકંઠે લખી હતી. તેમાં તેમણે કહ્યું હતું : 'The author Mr. Bhavanishankar Narsinhram of Limdi has rendered a service to the cause of social reform, he has depicted

કવિ અને વિવેચક વચ્ચેનો સંબંધ

પ્રખર સાહિત્યમીમાંસક અને ધર્મચિંતક આનંદશંકર બા. ધ્રુવનો જન્મ ૧૮૬૯ના ફેબ્રુઆરીની પચ્ચીસમી તારીખે અમદાવાદમાં. સોળ વર્ષ સુધી બનારસ હિંદુ યુનિવર્સિટી સાથે અધ્યાપક, આચાર્ય, અને પછી ઉપકુલપતિ તરીકે સંકળાયેલા રહ્યા. જિંદગીનાં પાછલાં વર્ષો અમદાવાદમાં ગાળ્યાં. ત્યાં જ ૧૯૪૨ના એપ્રિલની સાતમી તારીખે તેમનું અવસાન થયું. તેમના જન્મ દિવસ નિમિત્ત કવિ અને વિવેચક વચ્ચેના સંબંધ વિશેના તેમના થોડા વિચારો રજૂ કર્યા છે.

સારાસારગ્રાહી ઉચ્ચ વિવેચનની વિદ્યાને અભાવે કાવ્યક્ષેત્રમાં પુષ્કળ ઘાસ ઊગે છે, અને બિચારા ઘાસને હું ઘાસ છું એટલું ભાન થવું પણ અશક્ય રહે છે. કોઈ કવિનું કાવ્ય તો એના ઘરમાં જ રહે છે; બીજાનું મિત્રોના ઘર સુધી પહોંચે છે; કોઈકનું જ એવું હોય છે કે જે અવિદગ્ધજનના મુખ ઉપર પગ મૂકીને – એમના વચનની દરકાર કર્યા વગર – જાણે વિશ્વ જોવાના કુતૂહલથી બહાર નીકળી પડે છે. આવા ગૃહકવિઓની અને મિત્રકવિઓની ઉપેક્ષા કરી, બહુ તો એમને સહી લઈ, વિશ્વકવિઓના ગુણ પારખી, એનો આસ્વાદ લઈ જાણવો એ ખરા વિદગ્ધનું કામ છે. એ કર્તવ્યને અંગે, આપણા ગુર્જર કવિઓ અને કાવ્યો ઉપર આપણે સવિશેષ આદર ધરાવીએ એ સ્વાભાવિક છે અને કેટલેક દરજ્જે ઠીક પણ છે; પણ ઘરદીવડાના પ્રેમથી મુગ્ધ બની આપણી રસવૃત્તિને સાંકડી કરી રાખીએ તો તેથી આપણી વિદગ્ધતાને હાનિ થાય છે એટલું જ નહીં પણ કવિઓના રસાત્માને પણ જોઈતું પોષણ મળતું નથી. ખરું છે કે કવિ અને ભાવક એક હોતા નથી. તથાપિ કવિ જ્યાં સુધી પોતાના કાવ્યનો વિવેચક ન થાય અને વિવેચક કવિનું હૃદય અનુભવવા પૂરતો કવિ ન થાય, ત્યાં સુધી કાવ્ય આત્મશુદ્ધિ પ્રાપ્ત ન કરે, અને વિવેચન મર્મગ્રાહી ન બને.

-- આનંદશંકર ધ્રુવ

(ગુજરાતી સાહિત્ય પરિષદના નડિયાદ ખાતે ૧૯૨૮માં યોજાયેલા નવમા અધિવેશનના પ્રમુખપદેથી આપેલા ભાષણમાંથી સંકલિત કરેલા અંશો)

પ્રેષક : દીપક બી. મહેતા

faithfully the condition of Hindu society and his story makes the necessity of reform self-evident.' છેક ૧૮૮૦માં, લીંબડી જેવા નાનકડા ગામનો લેખક પોતાની નવલકથામાં આવું હિંમતભર્યું પગલું લે છે, પણ તેની નોંધ આપણે લીધી છે? પણ આ બધી નવલકથાઓ લખનારા કોઈ મોટાં માથાં નહીં, માર્ગસૂચક સ્તંભો નહીં, પણ માર્ગ પર પડેલા પથરા, એટલે તેમના તરફ કોણ ધ્યાન આપે? જરૂર છે આવા પથરાને વીણીવીણીને તેમને શાલીગ્રામ તરીકે સ્થાપે તેવા વિવેચનની.

પણ પારસીઓ, પાદરીઓ, પરદેશીઓ, સંસ્થાઓ, સામયિકો, આજે ભૂલાઈ ગયેલ લેખકો અને કૃતિઓ વિશે વાત કરવી હોય તો કંઈ નહીં તો ૧૯મી સદી પૂરતી આપણે 'સાહિત્ય' શબ્દની વ્યાખ્યા વધુ વિસ્તૃત કરવી પડશે. કારણ ૧૯મી સદીના ઘણા દાયકા સુધી આજે આપણે જેને 'સાહિત્યિક' નથી ગણતા એવાં પુસ્તકોનું વર્ચસ્વ રહ્યું હતું. ૧૮૦૮થી ૧૮૬૭ સુધીના સાઠ વર્ષના ગાળામાં ઓછામાં ઓછાં ૧૧૫૦ પુસ્તકો પ્રગટ થયાં હતાં. તેમાંથી ૫૪ પુસ્તકો ઈતિહાસને લગતાં છે, ૪૮ સમાજશાસ્ત્રને લગતાં છે, કાયદા વિશેનાં ૪૦ અને ભૂગોળ વિશેનાં ૨૬ પુસ્તકો પ્રગટ થયાં છે. સૌથી વધુ – ૧૫૧ – પુસ્તકો પારસીઓના ધર્મ વિશે પ્રગટ થયાં છે. ખ્રિસ્તી ધર્મ વિશે ૩૧ અને હિંદુ ધર્મ વિશે ૩૨ પુસ્તકો છપાયાં હતાં. આ બધાં પુસ્તકોમાંની ભાષા તેમ જ સામગ્રી – કન્ટેન્ટ – આજે આપણને કાલગ્રસ્ત લાગે. પણ એ જમાનામાં ગુજરાતી ભાષાને – ખાસ કરીને ગુજરાતી ગદ્યને, તેના શબ્દભંડોળને, તેના વાક્યવિન્યાસોને, તેની માંડણીને, તેની શૈલીને, અર્વાચીનતાનો ઓપ આપવામાં આ પ્રકારનાં પુસ્તકોએ તેમ જ વિવિધ વિષયોનાં શાલેય પાઠ્યપુસ્તકોએ મહત્ત્વનો ફાળો આપ્યો હતો. પણ એ તરફ આપણે ભાગ્યે જ ધ્યાન આપ્યું છે. 'સાહિત્ય'ને બદલે વધુ વ્યાપક એવી 'વાઙ્મય' સંજ્ઞાનો ઉપયોગ કરીને ૧૯મી સદીના ગ્રંથકારો અને તેમના ગ્રંથોને નવેસરથી જોવા, જાણવા, અને નાણવાની જરૂર છે.

છેલ્લા થોડા દાયકાથી આપણા વિવેચનમાં એક વલણ જોર પકડતું જોવા મળે છે. એ છે આજનું ગુજરાત રાજ્ય જ જાણે ૧૯મી સદીમાં પણ અસ્તિત્વમાં હોય એમ માનીને વાત કરવાનું. ગુજરાતી ભાષા અને સાહિત્યને, તેનાં મુદ્રણ અને પ્રકાશનને, તેના શિક્ષણને, પુસ્તકો, અખબારો અને સામયિકોને, ગુજરાતી નાટક અને રંગભૂમિને, જાણે મુંબઈ સાથે કશું લાગતું વળગતું જ ન હોય એમ માનીને ચાલવાનું વલણ ભલભલા વિવેચકોએ અપનાવ્યું છે. એક દાખલાથી વાત વધુ સ્પષ્ટ થશે. ગુજરાતી સાહિત્ય પરિષદે પ્રગટ કરેલા દળદાર 'ગુજરાતી સાહિત્યકોશ'ના ત્રીજા ભાગમાં માત્ર હાલના ગુજરાત રાજ્યમાં આવેલી યુનિવર્સિટીઓ વિશે જ માહિતી આપી છે, પણ ઉચ્ચ કક્ષાએ ગુજરાતીના શિક્ષણની પહેલ કરનાર યુનિવર્સિટી ઓફ બોમ્બે કે એલ્ફિન્સ્ટન કોલેજનો નામોલ્લેખ કરવાનું પણ તેના વિદ્વાન સંપાદકને જરૂરી લાગ્યું નથી. પણ હકીકતમાં ૧૯૬૦ સુધી ગુજરાત અને મહારાષ્ટ્રનો મોટા ભાગનો પ્રદેશ એક જ રાજકીય એકમનો ભાગ હતો એટલું જ નહીં, એ પ્રદેશો અને તેમાંની મોટા ભાગની સાંસ્કૃતિક, શૈક્ષણિક, સાહિત્યિક પ્રવૃત્તિઓનું કેન્દ્ર મુંબઈ હતું. ધીરુભાઈ ઠાકરે બહુ યોગ્ય રીતે કહ્યું છે તેમ, 'મહારાષ્ટ્ર સાથે ગુજરાતનો સંબંધ પરાપૂર્વથી ચાલ્યો આવે છે. ભાષાવાર 'જુવારું' કર્યું અને બૃહદ્ મુંબઈ રાજ્યમાંથી ગુજરાત અને મહારાષ્ટ્રને અલગ કર્યાં તેની પહેલાં દાયકાઓથી મુંબઈ ગુજરાત અને મહારાષ્ટ્રને સાંકળતી સુવર્ણકડી હતું. પશ્ચિમ ભારતની ધર્મ અને સમાજ સુધારાની અનેક ઉચ્છેદક અને સંસ્કારરક્ષક પ્રવૃત્તિઓનું ઉગમસ્થાન મુંબઈ રહેલું. ગુજરાતી અને મહારાષ્ટ્રી, બંને પ્રજાઓના સંયુક્ત સાંસ્કારિક ઉછેરનું સાક્ષી એક સદી કરતાં વધુ સમય સુધી મુંબઈ હતું.' ૧૯મી સદી વિશે વાત કરતી વખતે તો આ વાત સતત ધ્યાનમાં રાખવાની જરૂર છે.

જેમ મુંબઈને સમાવવા 'ગુજરાત' અને 'ગુજરાતી'નો વ્યાપ વધારવો પડશે તેમ, આપણે 'વિવેચન' શબ્દનો અર્થવિસ્તાર પણ કરવો પડશે. કેટલીક આનુશંગિક પણ પાયાની પ્રવૃત્તિ તરફ ધ્યાન આપવું પડશે. સૌથી પહેલું કામ ૧૯મી સદીનાં પુસ્તકો અને સામયિકોના સંયુક્ત સૂચીકરણ –યુનિયન કેટલોગ -- નું કરવું પડશે. બીજું કામ ૧૯મી સદીનાં પુસ્તકો અને સામયિકોની જાળવણીનું, ડિજિટલ રૂપે જાળવણીનું, કરવું પડશે. ત્રીજું કામ તે તેમના સઘન અભ્યાસનું. ત્યાર પછી સંપાદન, સંશોધન, લેખન, વિવેચન. ૧૯મી સદીના સાહિત્ય પાસે કઈ રીતે જવું જોઈએ એનું એક ઉત્તમ ઉદાહરણ આપણને આજના ઉત્સવમૂર્તિ ડૉ. રમેશભાઈ શુક્લે તેમનાં સંશોધન, સંપાદન, વિવેચનનાં પચાસ કરતાં વધુ પુસ્તકો દ્વારા પૂરું પાડ્યું છે. આવા બીજા બે-પાંચ રમેશભાઈ આપણી પાસે હોત તો જે નથી થયું તેમાંનું ઘણું થઈ ચૂક્યું હોત.

છેલ્લે, એક સૂચન કરવાનું મન થાય છે. ૧૯મી સદીનાં સાહિત્ય, બલકે વાઙ્મયના સંગોપન, સંશોધન, અધ્યન, સંપાદન, પ્રકાશન માટે એક અલગ સ્વાધ્યાય કેન્દ્ર શરૂ કરવાની જરૂર છે. તેનું પહેલું કામ લેખકો, પુસ્તકો, સામયિકો, સંસ્થાઓ વગેરે વિશે માહિતી મેળવી તેનું સૂચીકરણ કરવાનું. બીજું કામ બને તેટલી વધુ મુદ્રિત સામગ્રીને ડિજિટલ રૂપે એક સ્થળે એકઠી કરવાનું અને તે અભ્યાસીઓને સુલભ કરી આપવાનું. સંશોધન, સંપાદન, વિવેચનને તો તે અવકાશ અને પ્રોત્સાહન આપે જ. તેના ફળ સ્વરૂપે જે સામગ્રી તૈયાર થાય તેની ચકાસણી કરીને યોગ્ય લાગે તે સામગ્રીનું પ્રકાશન કરવાનું કામ પણ તે કરે. આ કેન્દ્રને પોતાની વેબસાઈટ તો પહેલેથી જ હોય અને બને તેટલી સામગ્રી ડિજિટલ રૂપે તેના પર સર્વ-સુલભ હોય.

૧૯મી સદીના સાહિત્ય અંગેની આપણી જાણકારી અને વિવેચનની આજની સ્થિતિ 'મન જળ થંભ થયેલું' જેવી છે. ૧૯મી સદીના સાહિત્યના સંશોધન, સંપાદન, અભ્યાસ, વિવેચન, ઈતિહાસલેખન, પ્રકાશન વગેરે સાથે સંકળાયેલા સૌ કોઈને આજે આટલાં વર્ષો પછી પણ ફરી નર્મદના એ શબ્દો થોડા ફેરફાર સાથે કહેવા પડે તેમ છે : 'હવે તો ડોળિ નાંખો રે, મન જળ થંભ થયેલું.'*

---

*૧૯ જાન્યુઆરી, ૨૦૧૩ના રોજ પ્રો. અનંતરાય મ. રાવળ સ્મારક સમિતિના ઉપક્રમે અમદાવાદમાં આપેલું અનંતરાય રાવળ સ્મૃતિ વ્યાખ્યાન

e.mail : deepakbmehta@gmail.com

ઓ રુદિયા મારા વીસરી જાજે !

♥ ભાવાનુવાદ : **પંચમ શુક્લ**

ઓ રુદિયા મારા, આજની રાતે વીસરી જઈએ એને, જેવું વીસર્યાં સીતારામ!
તું ને હું બસ, હું ને તું બસ - ના કોઈ બીજું નામ.
વીસરી જાજે હૂંફ તું એની હું ભૂલી જાઉં તેજ,
થઈ જા ટાઢું જ્યારે, ત્યારે સાદ કરી દેજે જ;
હું ય ત્યારે મારા મનસૂબાઓ ઓલવી ઠરું ઠામ.
જલદી કર ઓ રુદિયા મારા, થાય રખે ના વાર,
મોડું થયું તો ગુંજશે એની રટણા તારેતાર;
ઓ રુદિયા મારા, આજની રાતે વીસરી જઈએ એને, જેવું વીસર્યાં સીતારામ!
તું ને હું બસ, હું ને તું બસ - ના કોઈ બીજું નામ.

લંડન , 1 માર્ચ 2013

Heart, we will forget him

Emily Elizabeth Dickinson
(December 10, 1830 – May 15, 1886)

Heart, we will forget him!
You and I, tonight.
You must forget the warmth he gave,
I will forget the light.
When you have done pray tell me,
Then I, my thoughts, will dim.
Haste! 'lest while you're lagging,
I may remember him!

કવયિત્રી વિશે વધુ : http://en.wikipedia.org/wiki/Emily_Dickinson
<http://en.wikipedia.org/wiki/Emily_Dickinson>

e.mail : spancham@yahoo.com

બે વેણ

અતુલ સવાણી

16 નવેમ્બર 1925 – 30 ઑક્ટોબર 2011

વિપુલભાઈના રશિયા વિશેના માહિતીસભર, રસપ્રદ લેખો હવે પુસ્તકના રૂપમાં પ્રકાશિત થાય છે. તેને આવકારતાં મનમાં ખુશીની લાગણી છલકાય છે.

લગભગ બે દાયકા પહેલાં, સોવિયેત સંઘનું વિસર્જન થયું તે પૂર્વે ચંદ્રકાન્ત બક્ષી અને વાસુદેવ મહેતા જેવા માતબર લેખક અને પત્રકારની કલમે, એ દેશના પ્રવાસ પછી તેને વિશે પુસ્તકો લખાયાં છે. એ ઉપરાંત ઘણા પ્રતિભાવાન લેખકો, કલાકારો અને વિદ્વાનોએ પણ ત્યાંના પ્રવાસના સ્વાનુભાવનું આલેખન કરતા લેખો લખ્યા છે. પણ મારી જાણકારી મુજબ, ૧૯૯૧-૯૨માં રશિયામાં થયેલા ઐતિહાસિક પરિવર્તન પછી, આજના રશિયા વિશે તો આપણને પહેલી જ વાર ઊંડા નિરીક્ષણ અને અભ્યાસના પરિપાક રૂપે વિપુલભાઈ પાસેથી સાવ નવી જ ભાત પાડતાં લખાણો મળે છે. તેમણે જોયું, જોયું તેનું તારણ કાઢ્યું, અને પોતાની આગવી રીતે રજૂ કર્યું. એ દૃષ્ટિએ આ પુસ્તક ખૂબ જ મહત્ત્વનું બની રહે છે.

રશિયા !

સદીઓ પહેલાં ઝારના રશિયાનો એક નાગરિક આફાનાસી નિકીતિન આપણા હિંદુસ્તાન દેશના પ્રવાસે આવેલો. ભારતમાં ભોમિયા વિના ખૂબ ભમીને આપણા દેશના લોકો, સમાજ અને સંસ્કૃતિના સંબંધમાં ઊંડો પ્રેમ હૈયામાં ભરીને પાછો ગયેલો. તેને વિશે બન્ને દેશોમાં ઘણું લખાયું છે. મને યાદ છે ત્યાં સુધી, તેના ભારત-પ્રવાસ વિશે મોટે ભાગે કલ્પનાવિહારમાં રાચતી એક ફિલ્મ પણ બની હતી.

ભારતના વેપારીઓ રશિયન સામ્રાજ્યના વિસ્તારોમાં દૂર સુદૂર સફરો ખેડતા. તેમણે ક્યાંક ક્યાંક ભારતીય દેવો સૂર્ય અને અગ્નિનાં મંદિરો પણ સ્થાપેલાં, એવું વાંચ્યાનું પણ યાદ આવે છે. હકીકતમાં, આપણા એક ગુજરાતી વિદ્યાર્થી સમીરભાઈ જ્યોર્જિયાના એવા એક મંદિર માટે દેશમાંથી અમુક વસ્તુઓ ખાસ બનાવડાવીને લાવેલા.

ઈતિહાસના વહન દરમિયાન, હિંદુસ્તાનના પશ્ચિમ વિસ્તારોમાંથી અફઘાનિસ્તાનના કાબુલમાં જઈને વસેલા અને પછી રશિયન સામ્રાજ્યના પ્રદેશ તાજિકિસ્તાનમાં પહોંચીને ત્યાંનાં ગામોમાં ઠરીઠામ થયેલા હિંદવાસીઓ ખેતીવાડીમાં એકરૂપ થઈ ગયેલા છે અને સુખી જીવન જીવે છે. તેમની સંખ્યા બહુ મોટી નથી. તેમનાં કુટુંબોમાં ઘરમાં બોલાતી ભાષામાં પશ્ચિમ ભારતની ભાષાઓના અનેકાનેક શબ્દો અને ક્યારેક ક્યારેક બહુ જ મળતા આવતા શબ્દસમૂહો તથા વાક્યરચનાઓ પણ જોવા મળે છે. આ સંબંધમાં, એવા એક કુટુંબને મળ્યા પછી મેં લખેલો વિગતવાર લેખ, ગઈ સદીના આઠમા દાયકાના આરંભમાં, મૉસ્કો રેડિયો પરથી ગુજરાતી સમેત ઘણી ભારતીય ભાષાઓમાં પ્રસારિત થયેલો.

આ તો થઈ કેટલીક જૂની વાતો.

રશિયામાં ૧૯૧૭માં ક્રાંતિ થઈ અને સમગ્ર રશિયન સામ્રાજ્યના જીવનમાં તેમ જ રાજકારણમાં ઐતિહાસિક પરિવર્તન આવ્યું.

આપણા દેશમાં આઝાદી માટેનું આંદોલન ગઈ સદીના ત્રીજા દાયકાના આરંભમાં કંઈક સ્પષ્ટ આકાર ધારણ કરવા લાગ્યું હતું. દુનિયામાં ક્યાંક ક્યાંક ઉગમ પામી રહેલાં પ્રજાકીય આંદોલનો તેને સીધો કે આડકતરો ટેકો આપતાં હતાં, પણ એકમાત્ર અપવાદ સિવાય કોઈ પણ સ્થાપિત રાજ્યસત્તા આપણા આંદોલનનું સમર્થન નહોતી કરતી, બલકે મોટે ભાગે તો તેની વિરુધ્ધ જ હતી. જે એકમાત્ર અપવાદ હતો તે સોવિયેત રશિયાનો હતો. આરંભમાં સોવિયેત રશિયા અને આગળ જતાં સોવિયેત સંઘની સરકાર ખુલ્લંખુલ્લા સત્તાવાર રૂપમાં આપણી આઝાદીની હિલચાલનું સમર્થન અને હિંદુસ્તાનની આઝાદીની હિમાયત કરતી રહી હતી.

વાત એટલેથી પૂરી ન થાય.

આપણો દેશ સ્વતંત્ર થઈ ગયો.

સ્વતંત્ર સાર્વભૌમ રાજ્ય તરીકે ભારતના અસ્તિત્વને તત્કાળ સત્તાવાર રાજદ્વારી માન્યતા આપવામાં સોવિયેત રશિયા મોખરે હતું.

આઝાદી તો હાંસલ થઈ ગઈ. હવે દેશને પછાત દશામાંથી આગળ લાવવાનું, આર્થિક-સામાજિક ઉત્થાન સાધવાનું, ભગીરથ કાર્ય પાર પાડવાનું હતું. દેશના દૂરંદેશી નેતાઓ, ખાસ કરીને જવાહરલાલ, સુપેરે સમજતા હતા કે આર્થિક વિકાસ માટે ભારે ઉદ્યોગનો મજબૂત પાયો અનિવાર્ય હતો. સધ્ધર ભારે ઉદ્યોગ વગર, હળવા ઉદ્યોગના વિકાસ માટે અને ખેતીવાડીમાં સુધારણા તથા યંત્રીકરણની પ્રગતિ માટે, આવશ્યક સરંજામ પૂરો ન પાડી શકાય. તેને માટે સમૃદ્ધ પરદેશી ઉદ્યોગપતિઓ તથા વેપારશાહોની દયા ઉપર આધાર રાખવો પડે અને એવી પરવશ દશામાં આપણા દેશનું સત્ત્વ શોષાઈ જાય.

એવા સંજોગોમાં સોવિયેત રશિયા આપણને મદદ કરવા આગળ આવ્યું. તેણે નામમાત્ર જેટલા વ્યાજના દર અને ચુકવણીની લાંબા ગાળાની હળવી શરતોના આધારે આપણને કેટલા ય પ્લાંટો અને ઉદ્યોગ-સંકુલો પૂરાં પાડ્યાં, આધુનિક સમયનાં તીર્થસ્થાનો તરીકે બિરદાવવામાં આવેલાં કેટલાં ય મહત્ત્વનાં ઉદ્યોગકેન્દ્રો અને વિદ્યુતમથકોમાં એ પ્લાંટો તથા ઉદ્યોગ-સંકુલોનું સ્થાન અગત્યનું રહેલું.

આપણો દેશ સ્વતંત્ર થયા પછી આરંભના દાયકાઓમાં આર્થિક ઉપરાંત બીજાં ક્ષેત્રોમાં પણ રૂસી - ભારતીય સહકાર વેગે વધતો રહ્યો હતો. હિંદી - રૂસી ભાઈ ભાઈનું સૂત્ર તો ખૂબ જાણીતું રહ્યું છે.

એમ હિંદુસ્તાન અને રશિયાને સાંકળતા તાણાવાણા બહોળા રહ્યા છે. અને હાલના રશિયાના ‘આંખો દેખા હાલ’નું આ પુસ્તક વાંચકોની સ્વાભાવિક જિજ્ઞાસાને સંતોષતી માહિતી મહદ્અંશે પૂરી પાડશે, વળી એ પણ, લટકામાં, વિપુલભાઈની આગવી રસભરી વાણીમાં, શૈલીમાં.

અમે ૧૯૬૬ના આરંભમાં મૉસ્કો પહોંચ્યાં હતાં. સોવિયેત રશિયાના યુરોપી વિસ્તારમાં બીજા વિશ્વયુદ્ધની ભયંકર વિનાશલીલા પછી બે દાયકા વીત્યા હતા, પણ પશ્ચિમ યુરોપને માર્શલ યોજના મારફત મળેલી મબલખ સહાય જેવું કંઈ ન મળ્યું હોવા છતાં, તારાજીને પહોંચી વળાયું હતું. વિશાળ શહેર સ્વચ્છ અને સુંદર હતું, કાટમાળ ખસેડી લેવાયો હતો, તૂટેલી ઈમારોતોની મરામત થઈ ગઈ હતી, ઠેર ઠેર રળિયામણા નાનામોટા બાગબગીચાઓ હતા, વાહનવ્યવહાર નિયમિત ચાલતો હતો. શહેર ગમી ગયું.

સમાજવાદી દેશ. પૂર્વ - પશ્ચિમના કેટલા ય કોમ્યુનિસ્ટ - બિનકોમ્યુનિસ્ટ લેખકો, પત્રકારો, કલાકારો તેમ જ રાજકારણીઓએ તેના વખાણમાં અને તેની ટીકામાં ઘણુંબધું લખ્યું છે. એ વિશેની ચર્ચા અહીં અસ્થાને છે, પણ અમને ખૂબ જ પ્રભાવિત કરનારી કેટલીક બાબતોનો ઉલ્લેખ કરી લઉં છું.

સૌ પ્રથમ તો આપણા દેશ અને ભારતના લોકો પ્રત્યે ઊંડા સદ્‌ભાવની, મિત્રતાની વ્યાપક લાગણી. કોઈ પણ ઠેકાણે કોઈને પણ મળો - ગાંધીજી, જવાહરલાલ, રાજ કપૂર અને આગળ જતાં ઈન્દિરા ગાંધીના માનભર્યા

ભાવભીના ઉલ્લેખો ચોક્કસ સાંભળવા મળે જ. હિંદુસ્તાનીને મદદ કરવા સૌ કોઈ એકદમ તૈયાર, બલકે ઉત્સુક. અમે દુનિયાના ઘણા દેશોમાં ભમ્યાં છીએ, પણ આપણા દેશ પ્રત્યે એવી અને એટલી વ્યાપક કૂણી લાગણી ક્યાં ય નથી દીઠી.

રશિયા દેશના આંતરિક સંજોગોના સંબંધમાં ઊડીને આંખે વળગે એવી બાબતોમાં સંપૂર્ણ, સોએ સો ટકા, અક્ષરજ્ઞાન તથા બહોળા ઉચ્ચ શિક્ષણની નોંધ લેવી જ પડે. એકડે એકથી લઈને વિશ્વવિદ્યાલયની ઉચ્ચતમ પદવી સુધી નિઃશુલ્ક શિક્ષણ, રાજ્યના ખરચે. એટલે ગરીબ - તવંગર સૌને ઉચ્ચતમ કક્ષા સુધીનો અભ્યાસ કરવાની એક સરખી સગવડ. ઝારશાહીના જમાનામાં દેશ પછાત હતો અને વસતિમાં નિરક્ષરતાનું પ્રમાણ બહુ મોટું હતું. એવા દેશમાં દરેકેદરેક બાળક - બાળકી નિશાળે જાય અને ઉચ્ચ કક્ષાનો અભ્યાસ કરતા દરેક વિદ્યાર્થીને જીવનનિર્વાહ માટે લઘુતમ વિદ્યાર્થી-ભથ્થું મળે - અજબ વાત હતી.

એવું જ રોજગારની બાબતમાં હતું. તમામ નાગરિકોને રોજગારની ખાતરીબંધ સગવડ. સ્ત્રી-પુરુષ દરેકને કાયદેસર રોજગારનો હક, અને તેનો ચુસ્ત અમલ. ટેકનીકલ તાલીમ તેમ જ યુનિવર્સિટી અભ્યાસમાં પાસ થતી દરેક વ્યક્તિને પરીક્ષાના પરિણામની સાથોસાથ તેની યોગ્યતાઓ અનુસાર કામના બંદોબસ્તની સૂચના મળે. તેને એ નોકરી સ્વીકાર્ય ન હોય તો પછી પોતાને મનપસંદ કામ જાતે શોધી લેવાનું. સામાન્ય રૂપમાં સંપૂર્ણ રોજગારી. સ્ત્રી-પુરુષને સરખા કામનું સરખું વેતન.

તંદુરસ્તીની જાળવણી અને માંદગીમાં સારવારની વ્યવસ્થા નાનામોટા નરનારી દરેક દેશવાસીને આવરી લે. સાધારણ બીમારીથી લઈને ગંભીર માંદગીમાં હોસ્પિટલમાં સારવાર સુધી બધું જ વિના વિલંબે અને પૂરેપૂરું રાજ્યના ખરચે થાય. લત્તાની પોલિક્લિનિકમાં જાઓ એટલે ડૉક્ટર તપાસે અને દવા લખી આપે. તાવ હોય તો ફોન કરો એટલે ડૉક્ટર તમારે ઘેર આવે. તાત્કાલિક સારવાર અને એમ્બ્યુલન્સની જુદી વ્યવસ્થા - ચોવીસ કલાક. ફોન કરો એટલે તમારે સરનામે પહોંચી જાય, સારવાર પૂરી પાડે, અને જરૂર લાગે તો હોસ્પિટલમાં પહોંચાડી દે. એ બધું મફત થાય, રાજ્યના ખરચે, ક્યાં ય કશી રકમ ચુકવવાની નહીં.

માણસ બુઢાપામાં નિર્વાહ કેવી રીતે કરે ? એનું એવું કે દરેકેદરેક નાગરિકને પેન્શનનો હક - પછી માણસ ભલે ગમે તે ક્ષેત્રનો હોય, ખેતીવાડી કે ઉદ્યોગ કે વાણિજ્ય કે સામાજિક સેવાઓ કે કલા-સાહિત્યનાં ક્ષેત્રો. સોળ વરસથી વધારે કામ કર્યું હોય તો કામની આવકના આધારે પેન્શન મળે, અને એથી ઓછું કર્યું હોય અથવા કોઈ કારણસર સાવ ન કર્યું હોય તો સમાજ-કલ્યાણ વિભાગનું નિયત પેન્શન મળે. એટલે કોઈને ઘડપણમાં ભૂખ્યા સૂવાનો સવાલ જ નહીં.

ઘરની સમસ્યા પૂરેપૂરી નહોતી ઉકેલાઈ. આમ તો દરેક પરિવારને માથા ઉપર છાપરાની કાયદેસર બાંયધરી, નાનું હોય કે સહિયારું હોય કે પછી સારું સગવડદાર સુવાંગ હોય, ઘર તો મળે જ. ભાડું નામમાત્રનું - મકાનની જાળવણી અને સારસંભાળના ખર્ચ પૂરતું જ. આખા દેશમાં મકાનોનું ચણતર જોસભેર ચાલતું હતું. ગ્રામવિસ્તારોમાં કશી મુશ્કેલી નહોતી. સૌને સારાં ઘર તરત મળી જતાં. મોટાં શહેરોમાં નવાં પરણેલાં યુગલોને વારો આવવાની વાટ જોવી પડતી, ત્યાં સુધી માબાપ કે સગાંવહાલાં ભેગું રહેવું પડતું.

વળી એક મોટી ચિંતા સાવ ગાયબ હતી. સામાન્ય જીવનની રોજિંદી જરૂરિયાતની ચીજવસ્તુઓના ભાવ, વાહનવ્યવહારના દર, મકાનભાડું અને વીજળી તથા ગૅસ તેમ જ ટેલિફોનના માસિક દર કદી વધે જ નહીં. દર વરસે આવક થોડીઘણી વધે પણ કિંમતોમાં વધારો ન થાય, એટલે જિંદગી થોડીઘણી બહેતર બનતી જાય. ૧૯૬૬થી ૧૯૯૦ સુધી અમારે ભાવ-વધારાની ફિકર ક્યારે ય નહોતી કરવી પડી.

પરીકથા જેવું લાગે છે, નહીં ? પણ હકીકત છે. મોટા દેશમાં કલ્યાણ-રાજ્યનો અખતરો. વિશાળ ફલક. એવા જબ્બર મોટા સામાજિક અખતરાના અમલમાં ખામીઓ તો હોય જ, અને હતી. ખેર.

હવે તો ઘણુંબધું બદલાઈ ગયું છે.

વિપુલભાઈનું રશિયા વિશેનું આ પુસ્તક પ્રવાસવર્ણનનું નથી, એ દેશના ઇતિહાસના આલેખનનું નથી, તેની ભૌગોલિક પરિસ્થિત વિશે નથી, તેની સાંસ્કૃતિક-સાહિત્યિક સમૃધ્ધિ વિશે નથી, ત્યાંના સામાજિક-આર્થિક-ધાર્મિક સંજોગો વિશે નથી, તેમાં એ બધું યથાસંભવ તથા સમુચિત પ્રમાણમાં આવરી લેવામાં આવ્યું છે, અને સાથોસાથ કશાક અજોડ વિપુલ-તત્ત્વ જોડે ગૂંથી લેવામાં આવ્યું છે. તેમના નિરીક્ષણો બારીક અને ઊંડા છે, સમભાવી છે પરંતુ સાથોસાથ એકદમ નિખાલસ છે, નિષ્પક્ષ છે, આની કે તેની તરફેણમાં કે વિરુધ્ધ નથી, કોઈ પણ વિચારસરણીના ચોકઠામાં જકડાયેલાં નથી. તેમણે અગત્યનાં અને સ્પષ્ટ વિધાનો કર્યાં છે.

વિપુલભાઈએ એક બહુ જ મહત્ત્વની બાબતની ચર્ચા કરી છે - રશિયા દેશમાં આપણા દેશની ભાષાઓના સંબંધમાં, ખાસ કરીને આપણી ગુજરાતી વાણી રાણીના સંબંધમાં, થયેલા અત્યંત મહત્ત્વના અને બહોળા કાર્યની બાબત. જરાક વિચાર કરો - રશિયાનું પ્રકાશનગૃહ ગુજરાતી સમેત ભારતની બાર ભાષાઓમાં રશિયન સાહિત્યની અનુપમ રચનાઓના અનુવાદો પ્રકાશિત કરે, મૉસ્કો રેડિયો પર એટલી જ ભારતીય ભાષાઓમાં નિયમિત પ્રસારણ થાય, અને મૉસ્કો વિશ્વવિદ્યાલયમાં તેમ જ લેનિનગ્રાદની શિક્ષણ-સંસ્થાઓમાં ભારતની ભાષાઓ શીખવવામાં આવે. ગુજરાતીમાં લગભગ ૧૫૦ પ્રકાશનો થયાં હતાં. તેમાં વિશ્વ-સાહિત્યમાં માનભર્યું સ્થાન ધરાવતા તોલ્સ્તોય, પૂશ્કિન, ગોગોલ, ચેખોવ, તુર્ગેનેવ અને ગોર્કી જેવા સમર્થ રશિયન સાહિત્ય-સર્જકોની કૃતિઓ, આધુનિક સોવિયેત લેખકોની રચનાઓ અને બાળસાહિત્યની સંખ્યાબંધ પુસ્તિકાઓ સામેલ હતી. એ ઉપરાંત સામાજિક સંશોધન, ઇતિહાસ તથા સરળ વિજ્ઞાન સંબંધી પુસ્તકો પણ પ્રકાશિત થયાં હતાં. તેમાં જવાહરલાલ નેહરુની જીવનકથા અને ભારતનો ઇતિહાસ જેવાં અગત્યનાં પુસ્તકો સામેલ હતાં.

આપણા ખ્યાતનામ સાહિત્ય-સર્જક મોહમ્મદભાઈ માંકડે "સંદેશ"માં, તેમના એક લેખમાં, આ બાબતની ચર્ચા કરી હતી. તેમને મળવાનું સૌભાગ્ય મને ૧૯૮૭માં સાંપડ્યું હતું. તેમની ઉષ્માભરી મહેમાનદારીનું સુખદ તાદૃશ્ય ચિત્ર મારા મનમાં સદા રમતું રહે છે.

બહુ ખેદજનક વાત છે કે આપણી ગુજરાતી ભાષાના સંબંધમાં રશિયામાં થયેલા આવા ઉત્કૃષ્ટ કાર્યને બિરદાવવાની વાત તો દૂર રહી પણ તેની સહર્ષ નોંધ લેવા જેવું કંઈક પણ ગુજરાતી સાહિત્યિક સંસ્થાઓના કે રાજ્યસત્તાના સ્તરે ક્યારે ય થયું જ નહીં. એ કાર્યના ભારપૂર્વક ઉલ્લેખો કરવાનો નિર્વિવાદ યશ બેશક મોહમ્મદભાઈ અને વિપુલભાઈને ફાળે જાય છે.

વિપુલભાઈ અને પ્રકાશભાઈ મૉસ્કો આવ્યા અને મને તથા કુદ્સિયાને એમના સંગાથમાં સમય ગાળવાનો અમૂલ્ય અવસર મળ્યો. અમારી ખુશનસીબી કે નિકટનો પરિચય જોતજોતામાં ભાવભીની આત્મીય મિત્રતામાં ફેરવાઈ ગયો અને અમને એમનો સ્નેહ પામવાનું અનેરું વરદાન મળી ગયું. એથી, વહાલા મિત્રોના ઊંડા પ્રેમના રૂપની મારી સંપદામાં અપાર અમોલો વધારો થયો છે. એ પ્રવાસના સુફળ રૂપે આપણને, ગુજરાતી વાંચકોને, વિપુલભાઈની પ્રવાહી મનમોહક ભાષા અને શૈલીમાં આ રસપ્રદ પુસ્તક મળે છે. એમને હાર્દિક અભિનંદન. લેખો "ઓપિનિયન" અને "નિરીક્ષક"માં પ્રકાશિત થઈ ગયા છે અને વાંચકોના સારા પ્રતિભાવો પામ્યા છે. એમનાં લખાણો હવે પુસ્તકના રૂપમાં બહોળા વાંચકવર્ગને નિઃશંક ગમશે જ. આ પુસ્તકના પ્રકાશનથી આપણા ચિંતનપ્રેરક માહિતીપ્રદ સાહિત્યમાં મહત્ત્વનો ઉમેરો થાય છે. તેને ફરી હર્ષભેર હાર્દિક આવકાર વ્યક્ત કરું છું.

- અતુલ સવાણી

મૉસ્કો, 08.03.2011

•

આ પુસ્તક અત્યારે મુદ્રણાલયમાં છપાઈ સારુ પડેલું છે. તે પ્રગટ થાય ત્યારની વાત ત્યારે, … અબીહાલ, તો એટલું કહું, અતુલભાઈનું આ આખરી લખાણ છે, અને એમણે, આ કેવી કેવી યાતનાઓ અને પીડાઓ વચ્ચે લખી કરી, પૂરું કરી આપેલું તેની જાણકારી છે. આથીસ્તો, જેની ખોટ સતત અનુભવતો રહ્યો છું તેવા મારા આ અઝીઝ દોસ્તની સ્મૃતિઓને ઝંકૃત કરતો જ વિરમું. : વિ.ક.

પુસ્તકોનાં વાર્ષિક સરવૈયાંની પરંપરા

• દીપક મહેતા

'આવો લેખ લખવાનાં સાધનો મેળવવાની ઘણી મુશ્કેલી છે. વખતોવખત થતી સાહિત્યપ્રસિદ્ધિની સંપૂર્ણ માહિતી આપે એવું મંડળ યા પુસ્તકાલય યા માસિક ગુજરાતમાં નથી .... મુદ્રાયન્ત્રોના માલિકોને, ગ્રંથ પ્રસારક મંડળોના મંત્રીઓને અને ગ્રંથ વિક્રેતાઓને પત્રો લખ્યા હતા. પરંતુ તેમાંથી માત્ર ચારના જવાબ આવ્યા .... એટલે આ લેખ સર્વત: સંપૂર્ણ લખી ન શકાયો હોય તો દરગુજર કરવા વિનંતી છે.'

આજની સરવૈયાની બે બેઠકોમાંના અગિયાર વક્તાઓમાંના કોઈના લખેલા શબ્દો હું આપની આગળ વાંચી રહ્યો નથી. આ શબ્દો તો છે સુરત જેમની જન્મભૂમિ હતું, ગુજરાતી સાહિત્ય પરિષદની સ્થાપના જેમને આભારી છે તે રણજિતરામ વાવાભાઈ મહેતાના. આ શબ્દો લખાયા હતા ઇ.સ. ૧૯૦૯માં. પણ રણજિતરામભાઈએ આજથી ૧૦૩ વર્ષ પહેલાં લખેલા આ શબ્દો નીચે સહી કરવા માટે આજના અગિયારે અગિયાર વક્તાઓ સ્વેચ્છાએ તૈયાર થશે. લાગે છે કે આટલાં વર્ષોમાં કશું જ બદલાયું નથી. સાધનોની મુશ્કેલી આજે પણ એટલી જ છે, બલકે વધી છે. વર્ષ દરમ્યાન પ્રગટ થતાં બધાં જ પુસ્તકોની માહિતી મળી રહે એવી કોઈ વ્યવસ્થા ઊભી કરવાની અને તેને ધગશ અને કુશળતાથી નિયમિત રીતે ચલાવવાની જરૂર આજે પણ આપણને વર્તાતી નથી. એવી માહિતી મેળવવા પત્રો લખીએ તો આજે ચાર જવાબ પણ કદાચ ન મળે.

ક્યારે, શા માટે, લખ્યા હતા રણજિતરામભાઈએ આ શબ્દો? 'જ્ઞાનસુધા' માસિકના એપ્રિલ ૧૯૦૯ના અંકમાં પ્રગટ થયેલા 'ઇસુનું વર્ષ ૧૯૦૮' નામના ખાસ્સા લાંબા લેખના આરંભે તેમણે આ શબ્દો લખ્યા હતા. આજે જે કામ કરવા માટે અગિયાર જણની જરૂર પડે છે તે કામ તે વખતે રણજિતરામભાઈએ એકલે હાથે કર્યું હતું – ૧૯૦૮ના વર્ષમાં પ્રગટ થયેલાં પુસ્તકોનું સરવૈયું રજૂ કર્યું હતું. અને તેમાં તેમણે માત્ર 'સાહિત્ય'નાં પુસ્તકોની જ વાત નહોતી કરી. ધર્મ, ઇતિહાસ, સમાજ, રાજકારણ, કેળવણી, વગેરે વિશેનાં પુસ્તકોની પણ વાત કરી હતી. પણ માત્ર પુસ્તકોની જ વાત નહોતી કરી. વર્ષભરનાં સામયિકો અને અખબારોની વાત પણ કરી હતી. પણ માત્ર મુદ્રિત શબ્દની જ વાત નહોતી કરી. ધર્મ, સમાજ, રાજકારણ, કેળવણી, જુદી જુદી જ્ઞાતિઓ, વગેરેની સંસ્થાઓની અને તેમની પ્રવૃત્તિઓની પણ વાત કરી હતી. કારણ? કારણ એમણે જ કહ્યું તે આ પ્રમાણે હતું : 'જેવું જીવન તેવું સાહિત્ય, જીવનમાં વહેતાં બળોનો પ્રભાવ સાહિત્યમાં અંકાય છે. એટલે એ બળો વિશે કંઈક જાણવું આવશ્યક છે.... ધર્મ, સંસાર, રાજ્ય આદિ પરત્વે થતી પ્રક્ષોભણા – મંથનના પડઘા સાહિત્યમાં સંભળાય છે યા તો તેમનો પટ સાહિત્યને બેસે છે.'

'જ્ઞાનસુધા' પછી બીજો પ્રયત્ન કર્યો વિજયરાય વૈદ્યે, તેમના 'કૌમુદી' ત્રૈમાસિકમાં. હકીકતમાં તેઓ તો વાર્ષિક કરતાં પણ આગળ વધીને ત્રિમાસિક સરવૈયું રજૂ કરવા મથી રહ્યા હતા. ૧૯૨૪માં પ્રગટ થયેલા 'કૌમુદી'ના પહેલા જ અંકથી તેમણે 'સમકાલીન સાહિત્યપ્રવાહ' શીર્ષક નીચે પુસ્તકોનુ સરવૈયું પ્રગટ કરવાનું શરૂ કરેલું. વિલક્ષણ અને વિચક્ષણ વિવેચક વિજયરાય ચીલાચાલુ રીતે તો આવાં કામ કરે જ શાના? પહેલા અંકમાં આગલા ત્રણ મહિનામાં પ્રગટ થયેલાં પુસ્તકો વિશે લંબાણથી લખેલું. તો બીજા અંકમાં '૧૯૮૦નું વાઙમય' નામનો લાંબો લેખ એક મિત્રને પત્ર રૂપે લખેલો. તેની શરૂઅતમાં તેમણે મિત્રને ઉદ્દેશીને લખેલું : 'ગઈ પચ્ચીસીનું યુરોપી સાહિત્ય તમે ઘણું વાંચ્યું છે પણ આજના અગ્રણી ગુજરાતી લેખકોને તો સાભિમાન ઉવેખવામાં જ મહત્તા ને શોભા માની છે. નવાં નવાં પુસ્તકો કેવાં ને કેટલાં બહાર પડે છે તેની અધૂરી જાણ પણ તમને નથી. તમે કોઈ પણ માસિક નિયમિતપણે વાંચીને આજના લેખકવર્ગના બલાબલનો ક્યાસ કાઢતા નથી.' આજે પણ આવા 'મિત્રો' આપણી વચ્ચે ક્યાં નથી? એ જ અંકમાં 'સમકાલીન સાહિત્યપ્રવાહ'માં ૧૯૨૪ના 'ત્રીજા ચરણનું વાઙમય'ની વિસ્તૃત સમાલોચના તો આપી જ છે. પણ તેમણે તેમાં માત્ર પુસ્તકોનાં લખાણની જ વાત નથી કરી. રૂપરંગને આધારે પુસ્તકોને પદ્મિની, હસ્તીની, ચિત્રીણી, અને શંખિની, એવા ચાર વિભાગોમાં વહેંચ્યાં છે અને દરેક પુસ્તકને પોતે અમુક વર્ગમાં શા માટે મૂક્યું છે તે સમજાવવા પુસ્તકોનાં રૂપરંગની ચર્ચા કરી છે. જો કે વાર્ષિક સમીક્ષાનું આ કામ 'કૌમુદી'નાં પહેલાં બે વર્ષ સુધી જ ચાલુ રહ્યું હતું.

'કૌમુદી' પછી વાર્ષિક સમીક્ષાનો પ્રયત્ન ફરી એક વાર ગુજરાત વર્નાક્યુલર સોસાયટી (હાલની ગુજરાત વિદ્યાસભા) તરફથી થયો. ૧૯૩૦માં 'ગ્રંથ અને ગ્રંથકાર'નો પહેલો ભાગ પ્રગટ થયો તેમાં 'ગ્રંથકાર ચરિત્રાવળી'ની સાથે 'સન ૧૯૨૯નું ગ્રંથ પ્રકાશન' નામથી સરવૈયું રજૂ થયું હતું. બીજું એક કરવા જેવું કામ સાથોસાથ થયું તે એ વર્ષમાં પ્રગટ થયેલાં પુસ્તકોની વર્ગીકૃત યાદી પ્રગટ કરવાનું. આખું પુસ્તક 'તૈયાર કરનાર' તરીકે જેમનું નામ છપાયું છે તે હીરાલાલ પારેખ જ તેના કર્તા હતા. ૧૯૩૮ સુધી 'ગ્રંથ અને ગ્રંથકાર'નું પ્રકાશન દર વર્ષે નિયમિત રીતે થતું રહ્યું અને એ આઠે ભાગમાં પુસ્તકોની વર્ગીકૃત યાદી છપાતી રહી. જો કે કેટલાક ભાગમાં વાર્ષિક ગ્રંથસમીક્ષા જોવા મળતી નથી. ત્યાર બાદ ૧૯૪૪માં પ્રગટ થયેલા નવમા ભાગમાં 'પાંચ વર્ષના સાહિત્ય ઉપર દૃષ્ટિપાત' નામનો સુદીર્ઘ લેખ છે, પણ તેના કર્તાનો નિર્દેશ એ પુસ્તકમાં ક્યાંય નથી. તે પછી ૧૦મો ભાગ પ્રગટ થાય છે છેક ૧૯૫૨માં. તેમાં ૧૦૦ પાનાંનો પહેલો વિભાગ છે 'ગયા દાયકાના વાઙમય પર દૃષ્ટિપાત.' ૧૯૬૬માં પ્રગટ થયેલા 'ગ્રંથ અને ગ્રંથકાર'ના ૧૧મા અને છેલ્લા ભાગમાં ૧૯૫૧થી ૧૯૬૦ સુધીના સાહિત્યનું પ્રવાહ દર્શન ૧૧૮ પાનાંમાં રજૂ થયું છે.

'ગ્રંથ અને ગ્રંથકાર'નો ૮મો ભાગ ૧૯૩૭માં પ્રગટ થયો તે જ વર્ષે ગુજરાત સાહિત્ય સભાએ દર વર્ષે 'ગુજરાત સાહિત્ય સભાની કાર્યવાહી'ના એક ભાગ રૂપે 'ગ્રંથસ્થ વાઙમય' પ્રગટ કરવાનું શરૂ કરી દીધું હતું. વાર્ષિક પુસ્તક સમીક્ષાનો સૌથી વધુ વ્યવસ્થિત અને સાતત્યભર્યો પ્રયત્ન પણ ગુજરાત સાહિત્ય સભાએ જ કર્યો. ૧૯૮૩ સુધી – પૂરાં ૪૬ વર્ષ સુધી – તેણે આ કામ કર્યું. શરૂઆતનાં વર્ષોમાં આપણા ઘણા અગ્રણી વિવેચકોને તેણે આ કામ સોપ્યું. ડોલરરાય માંકડ, અનંતરાય રાવળ, મંજુલાલ મજમુદાર, વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, જેવાનો સહકાર શરૂઅતાનાં વર્ષોમાં તેને મળ્યો. પણ પછી ધીમે ધીમે વિવેચકોનો ઉત્સાહ ઓસરતો ગયો. પણ ત્યારે હતોત્સાહ થયા વગર પિતાને પગલે ચાલીને મધુસૂદન હીરાલાલ પારેખે થોડાં વર્ષો એ જવાબદારી એકલે હાથે પાર પાડી. પણ પછી આ જવાબદારી ઉપાડી લે એવી વ્યક્તિઓ ન મળતાં ૧૯૮૩ પછી 'ગ્રંથસ્થ વાઙમય'ની આ પ્રવૃત્તિ બંધ પડી.

ગુજરાત વિદ્યા સભાએ શરૂ કરેલું કામ ગુજરાત સાહિત્ય સભાએ ઉપાડી લીધું તેમ ગુજરાત સાહિત્ય સભાનું કામ ગુજરાતી સાહિત્ય પરિષદે તેનાં જ્ઞાનસત્રોમાંની 'સરવૈયું'ની બેઠકો દ્વારા ઉપાડી લીધું. અલબત્ત, જે કામ રણજિતરામ મહેતા, હીરાલાલ પારેખ, કે મધુસૂદન પારેખ એકલે હાથે કરતા એ કામ માટે ઉત્તરોત્તર વધુ ને વધુ મોટી વિવેચકોની ટીમ મેદાનમાં ઉતારવી પડે છે. પણ આ બેઠકોમાં રજૂ થતાં વક્તવ્યોને પ્રગટ કરવા અંગે આટલાં વર્ષોમાં કોઈ કાયમી અને નિયમિત વ્યવસ્થા ઊભી કરી શકાઈ નથી. ક્યારેક બધાં વક્તવ્યો 'પરબ'માં છપાય છે, ક્યારેક અમુક થોડાં જ છપાય છે, ક્યારેક એક પણ નથી છપાતું. કેટલાક સમીક્ષકો પોતાનુ વક્તવ્ય અન્ય કોઈ સામયિકમાં છપાવવાની વ્યવસ્થા કરી લે છે, કેટલાક નથી કરતા તેમનાં વક્તવ્યો બોલાયા પછી હવામાં ઊડી જાય છે. આવી સ્થિતિને કારણે સરવૈયાની પ્રવૃત્તિ ભવિષ્યના અભ્યાસીઓ માટે બહુ ઉપયોગી બની ન શકે તેમ બને. પરિષદે સરવૈયાની બેઠકોમાં રજૂ થતાં વક્તવ્યોના નિયમિત પ્રકાશનની વ્યવસ્થા કરવાની જવાબદારી ઉપાડી લેવી જોઈએ. વાતની શરૂઆત ૧૯૦૯માં લખાયેલા રણજિતરામભાઈના શબ્દોથી કરી હતી. વાત પૂરી કરતાં પણ એ જ રણજિતરામભાઈના, એ જ લેખમાંના આ શબ્દો યાદ આવે છે : 'આપણી પાસે પૈસો છે, યૌવન છે, બુદ્ધિ છે, ફક્ત તેનો સદુપયોગ કરવાની જરૂર છે.'*

* ગુજરાતી સાહિત્ય પરિષદના ૨૭મા જ્ઞાનસત્રની 'બે વર્ષના સાહિત્યનું સરવૈયું' બેઠકના અધ્યક્ષ સ્થાનેથી આપેલું વક્તવ્ય

e.mail : deepakbmehta@gmail.com

ગિર નવી નજરે

• કામિની સંઘવી

'જંગલમાં તો સિંહ જોવા જ જવું છે ને! બીજું તો શું ગિરમાં હોય?' યજમાનનો આવો જવાબ સાંભળી અમે યુધિષ્ઠિરની જેમ 'નરો વા કુંજરો વા' કર્યું.

'હા, આમ તો એવું જ.' અમારા અધ્યાહાર જવાબને સંપૂર્ણપણે સમજ્યા વગર જ તેઓ અમારી સાથે આવવા તૈયાર થઈ ગયા. મુશ્કેલી એ હતી કે ગાડી ફાઇવ સીટર અને અમે નાના મોટા મળીને થતાં હતાં સાત જણ. 'ખેર એ તો એડજેસ્ટ કરી લઈશું' એમ અમે યજમાનનું અને યજમાન અમારું માન રાખવા બોલ્યા. અમારાં સાતમાંથી ત્રણ ચાળીસીને આસપાસ પહોંચેલા, ત્રણ ટીનએજર તથા એક સાત આઠ વરસનું બાળક. અમારા બધામાં સૌથી ઉત્સાહથી થનગનતું હોય તો તે અમારો સૌથી નાનો પ્રવાસી. આગલે દિવસે જ થેપલા, સુખડી, અથાણાં, નાસ્તા, કેરી, દહીં, બિસ્કીટ વગેરેની વ્યવસ્થા કરી લીધી હતી. 'આ તો ભાઈ જંગલનો મામલો, કંઈ મળે ના પણ મળે.' યજમાન આવું બોલે, વળી આશ્વાસન પણ આપે કે, 'ત્યાં મંદિરમાં પ્રસાદ તો મળે છે, પણ વખતે આપણને ભાવ્યું કે ન ફાવ્યું તો ? વળી છોકરા સાથે છે તે આખો દિવસ તેમને કંઈક ને કંઈક તો જોઈએ જ,' અમે તેમની 'હા'માં હા મિલાવી. કહેવાનું મન થયું કે અમે ત્રણ વાર ગિરમાં જઈ આવ્યા છીએ ... પણ પછી તેમની ગિરમાં સિંહ દેખાડવાની ધગશ જોઈ માંડી વાળ્યું. આવા યજમાન રોજ થોડા મળે? ખેર, સવારે વહેલા નીકળવું હતું તો ય નીકળતા સવા છ તો ઘરમાં જ થઈ ગયા, 'જલદી કરો તડકો થશે ને ગિરમાં પહોંચીશું તો સિંહ દેખાશે જ નહીં,' પણ બૈરાંઓનું કામ તે એમ જલદી થોડું પતે? સાથે બે નવયૌવનાઓ એટલે ખલ્લાસ!

'હવે ત્યાં જંગલમાં કોણ તમને જોવાનું છે? જલદીથી કંઈ પણ પહેરી લો ને? તેની મમ્મીને આવું બોલતા સાંભળી મેં રમૂજ કરી, 'તેં સિંહ હશે ને! તેની સામે આપણો પણ વટ પડવો જોઈએ ને.' જવાબમાં બંને ખિલખિલાટ હસી પડી અને મોટીએ ફરી બીજું ટીશર્ટ હાથમાં લઈ પૂછ્યું, 'આ પહેરું કે?' જવાબમાં હું કંઈ બોલું તે પહેલાં પેલું નાનકડું ટેણિયું બોલી પડ્યું, 'રેડ કલરનું પહેરીશ તો પહેલા લાયન તને જ જોઈને ભડકશે,' છેવટે તેણે રેડ જ પહેર્યું. સારું છે ડેન્જરનું નિશાન તો હોય જ છે જંગલમાં, ખેર ! એમ કરતા અમારો કાફલો કારમાં સાંકડ-માંકડ ગોઠવાયો અને ગાડી સાડા-છએ ઉપડી, દલખાણિયામાંથી પ્રખ્યાત ગાંઠિયા-પેંડા લીધા. વધુ એક વાર હવા ચેક કરાવી લીધી. તે વખતે ગૅરેજવાળા માણસે સાવચેતીના સૂરે કહ્યું, 'સ્પેર ટાયર છે ને?' અમને ફાળ પડી ... .'કેમ?' 'તે રસ્તા તો બારેમાસ ખરાબ જ રહે છે, વધારાનું ટાયર રાખવું સારું' ને તેણે સ્પેર ટાયરમાં પણ હવા ચેક કરી આપી. એણે વળી બીવડાવ્યા, 'તે આ તમારી ગાડીનાં સ્કર્ટીંગ નીચે અડી જાહે,' એ તો પડશે એવા દેવાશે એમ માની અમે તો ગાડી મારી મૂકી, પણ મનમાં ચિંતા તો થઈ જ આવી, ખરેખર રસ્તો વધારે ખરાબ હશે? આ નવી અને નવીન રીતે સજાવેલી ગાડીમાં કંઈ તોડફોડ તો નહીં થાય ને?'

પ્રથમ ગ્રાસે મક્ષિકા તે આનું નામ, રસ્તો ભૂલી ગયા ને ભૂલમાં બગસરા તરફ કાર જવા લાગી. પણ વળી સાતમાંથી એકે બુદ્ધિ ચલાવી તે કોઈને પૂછ્યું એટલે પંદરેક કિલોમિટરનો ફેરો ફરી, ફરી ગિર તરફ ગાડી મારી મૂકી. બસ આવી પહોંચ્યા ગિર. પૂર્વ વન વિભાગ ધારી, સેમરડી ચેકિંગ નાકા. એક જણ પરમિશન કઢાવવા ગયું અમે અમે બોર્ડ પર લખાયેલી માહિતી વાંચી અમારું જ્ઞાન વધાર્યું. બે-ત્રણ નાનકડાં ઘરોનાં આંગણામાંની વનસ્પતિ પર બેઠેલાં પક્ષી પર નજર પડતાં જ બોલી પડાયું, 'બુલબુલ ... ઓહ! કાકોશી પણ છે' બસ અમારા મિશનની શુભ શરૂઆત થઈ ગઈ. યજમાનો પણ અમારી સાથે ડોક લંબાવી જોવા લાગ્યા. અમારો નાનકડો પ્રવાસી જંગલમાં શું શું જોવા મળશે તેનાથી

રોમાંચિત હતો અને થોડી થોડી વારે, હાથી, વાઘ, સિંહ, વાંદરા, રીંછ વગેરે જોવા મળશે તેવા ખયાલથી ખુશ થતો હતો. આ જંગલમાં શું જોવા મળે તે સમજાવવાનું મને મન થયું પણ પછી થયું કે અનુભવે જ શીખે તે યોગ્ય છે એથી તેનાં ઉત્સાહમાં વધારો કરવા જ સૂર પુરાવ્યો, 'જંગલમાં મોર, કોયલ, પોપટ વગેરે પક્ષીઓ પણ જોવા મળશે.' તે બાળ સહજ આનંદથી ઊછળ્યો. જંગલમાં જવાના એન્ટ્રીસ પાસ લઈ સાથીદાર આવ્યા એટલે ગાડીને વિધિવત્ રીતે ગેટ ખોલીને પ્રવેશ આપવામાં આવ્યો. ફરી અમે ઉત્સુક થઈને સાંકડમાંકડ ગોઠવાયાં. 'આહા! ગિરમાં આવ્યા .... એવા જ ડોકા અને આંખો ખેંચી બહાર અમે સિંહ જોવા દસ હજાર આંખો બીછાવી (તેલગુ કહેવત). વૈશાખના ક્યાંક સૂકાભઠ્ઠ અને ક્યાંક હજુ પણ લીલા રહેલાં જંગલમાં નજરો દોડાવી ... કશું દેખાય છે? યસ ... પહેલે ધડાકે ચાર-પાંચ હરણાં નજીકથી ઝાડીમાં ચરતાં દેખાયાં, અમે હર્ષઘેલા. ત્યાં જરાક ગાડી આગળ વધી તે મારી નજરે દૈયડ પડ્યું. ઊભી રાખો દૈયડ છે, ત્યાં તો સાથે રહેલા પક્ષીવિદ કહે, 'ના દૈયડ નથી ધોબીડો છે,' છેવટે ગાડી ઊભી રાખી ત્રણના મત મુજબ તે ધોબીડા તરીકે ફાઈનલ કર્યું. પછી તો આગળ જતાં ખરેખર જ દૈયડ દેખાયું અને તે પણ વળી એક-બે નહીં .... જાણે આંગણામાં ચણતાં કબૂતર .... અમે તો થયા હર્ષઘેલાં અને તેની પરાકાષ્ઠા ત્યારે આવી જ્યારે દૈયડને જોતા હતાં ને ઉપરની ડાળે લાંબો કેસરિયો-કથ્થાઈ ઝબકારો જોયો અને તરત જ જોરથી બોલી પડાયું, 'અરે ... ત્યાં દૂધરાજ છે.' પણ એક જગ્યાએ માત્ર એક બે સેકન્ડ બેસી રહેતું દૂધરાજ નિરાંતે તો ક્યાંથી જોઈ શકાય ?

પણ આ શું .... હજી તો જરાક આગળ વધ્યા તો બીજા બે-ત્રણ દૂધરાજ જોવા મળ્યાં. માદા જોવા ન મળી પણ નર દૂધરાજ એટલા મનભરી જોયા કે સંતોષ થઈ ગયો તેની મેટીંગ સિઝન એટલે હમણાં તેનો રંગ લગભગ કેસરી જેવો જ. સફેદ થવાને હજુ વાર .... અમે યજમાનને ભૂલી પક્ષીમાં અટવાયાં ... અમે તેમને રસ લેતા કરવાનો પ્રયત્ન કર્યો પણ સવારનું વાતાવરણ, બીજું દિવસે ફરવા જવાનું છે તેવા અજંપાથી ઓછી થયેલી ઊંઘ અને અમે સિંહ પડતા મૂકી પક્ષીમાં અટવાયેલા જોઈ તેમણે પણ નિંદ્રાદેવીનું શરણું લીધું. અમે ત્રણ અને અમારો નાનકડો સાથીદાર અમારા કરતાં પણ વધારે ઉત્સાહી. અમે જોતાં તે પક્ષીને રસપૂર્વક જોતો અને વર્ણન કરતો સાંભળી અમે પેલાં ઊંઘતા યજમાનને અવગણી નાનકડા દોસ્તારમાં ધ્યાન પરોવ્યું, અને મજેથી જ્યાં જે પક્ષી દેખાયાં ત્યાં ગાડી ઊભી રાખી ગાડીમાં બેઠે બેઠે જ જોયાં. શક્ય એટલા નજીક વાહન લઈ જવાનો પ્રયત્ન કરતાં. નિયમ ભંગ કરીને ગાડીમાંથી ઉતરી પડવાનું પણ બહુધા મન થતું પણ સેમરડી નાકા પર ગિર ફોરેસ્ટ ઑફિસરે ઉચ્ચારેલા પચ્ચીસ હજાર દંડનાં શબ્દ યાદ આવતાં અમે સમસમીને ગાડીમાં બેસી રહ્યાં. સોનેરી પીઠ લક્કડખોદ, મોર, ઢેલ, નવરંગ, લીલો કંસારો, ધૂકિયો (ઘુવડ), કોયલ, સમડી, ચાષ, કલકલિયો, ઘંટી ટાંકણો, વગેરે વગેરે પક્ષીઓ નજરે પડતાં ગયાં અને અમારા 'હાર્ટ લિફ્ટસ અપ' થતાં ગયાં. પેલા ઊંઘણશી વચ્ચે વચ્ચે અમારી હર્ષભરી ચિચિયારી સાંભળી ઝબકીને પૂછતાં, 'સિંહ દેખાયો? અમારા પ્રફુલ્લિત ચહેરા તેમને ગેરમાર્ગે દોરતા. અમારી ના સાંભળી તેઓ વળી પાછા નિરાશ વદને નિંદ્રાદેવીને શરણે થતાં. છોડવડીથી બીજી વાર પરમિશન લઈ ત્યાંથી ૧૨ કિલોમિટરનો કનકાઈનો રસ્તો અમે બેથી અઢી કલાકમાં કાપ્યો ત્યારે યજમાન કંટાળ્યા, 'હવે આપણે અહીં જ સાંજ પાડવાની છે કે શું? હાલો હવે તમારા પંખીડા જોવાઈ ગયાં હોય તો આગળ વધો જરા અને હવે ગાડી ઊભી ના રાખશો, એ તો ચાલુ ગાડીએ પણ પક્ષી દેખાય ને! અમારા નાનકડો સાથી

હૉલિવુડના વૈભવી ફિલ્મ ઉદ્યોગનો એકાએક ત્યાગ કરનાર, 'મિસ્ટર હૉલીવુડ' તરીકે ઓળખાતા સાચા તપસ્વી સ્કૉટ નીસન

દક્ષિણ ઑસ્ટ્રેલિયાના એક નાનકડા ગામમાં જન્મીને ઉછરેલા સ્કૉટ નીસને સિડની જઈને ફિલ્મ વ્યવસાયમાં ઝંપલાવ્યું. એ જ વ્યવસાયમાં છેક અમેરિકાની ફિલ્મ નગરી હોલીવુડ સુધી પહોંચી, ત્યાંની 20th Century Fox International કંપનીના પ્રેસિડન્ટનો હોદ્દો સંભાળ્યો. 'સોની પિક્ચર્સ' જેવી કંપનીઓમાં પણ જવાબદાર હોદ્દા સંભાળ્યા.

ઈન્ટરનેટના પ્રતિષ્ઠિત કાર્યક્રમ 'TED'માં આપેલા એક પ્રવચનમાં' એમણે કહેલું કે હું તો ખૂબ શ્રીમંત હતો. કદી દાનમાં પૈસા આપતો નહીં. આફ્રિકા અને એવા બીજા દેશોમાં ભૂખમરો, ગરીબી અને ભયંકર બિમારીઓ છે એ દુઃખદ કહેવાય, પણ એમાં મારો શો વાંક ! એમાં મારે શી લેવા દેવા ! આ રીતની મારી વિચારસરણી હતી.



'ટ્વેન્ટીએથ સેન્ચ્યૂરી ફૉક્સ ઇન્ટરનેશનલ'ના એક સમયના વડા સ્કૉટ નીસન હવે કમ્બૂજ બાળકો અને તેનાં પરિવારવૃંદની તહેનાતમાં રહે છે.

• પૂર્ણિમા ઠાકર

એક વખત, થોડા મિત્રો સાથે મળીને નીસને નક્કી કર્યું કે એક નાના વિમાનનો અને મોટર સાયકલ જેવાં વાહનોનો ઉપયોગ કરી, પૂર્વના દેશોમાં પ્રવાસે જવું. બેંકૉકથી ફરતા ફરતા છેક ઋષિકેશ સુધીના પ્રવાસની યોજના કરી હતી.

પ્રવાસ દરમિયાન ફરતા ફરતા કમ્બોડિયા આવ્યા. કમ્બોડિયાના નૉન્ગપેન્ગ શહેરની બહાર આખા શહેરના કચરાનો જબરજસ્ત ડુંગર જોયો. કચરાનો આ ડુંગર 27 એકર જમીન પર પથરાયેલો હતો. આ ડુંગરામાં અસંખ્ય ઝેરી સોયો (hypodermic needles) પડી હતી. એના ઉપર પગ પડતાં હેપેટાઈટીસ કે એઈડસ(AIDS)નો ચેપ લાગતાં વાર લાગે નહીં. કચરાના આ ઢગલામાં આખા શહેરની હૉસ્પિટલોએ વાપરીને ફેંકી દીધેલાં ખુલ્લાં ઈન્જેક્શનો, ઑપરેશનથી શરીરનાં કપાએલા અવયવો તથા ગર્ભપાતથી મરેલાં શિશુઓનાં નાજુક શબ પણ હતાં. આ ઢગલામાં ખડકાએલા સલ્ફર, સડેલું માંસ તથા મનુષ્યો અને પ્રાણીઓની હગારમાંથી માથું ફાડી નાખે એવી અસહ્ય દુર્ગંધ આવ્યા કરતી.

ફરિસ્તા જેવો, લાલ વાળવાળો, કદમાં ઊંચો અને પાતળો આ માણસ - સ્કૉટ નીસન - ફાટેલું ટીશર્ટ, ઘસાઈને જીર્ણ થયેલું પેન્ટ અને રબરના બુટ પહેરીને આ ઉકરડો ખુંદતાં બીજાં ગરીબ બાળકો સાથે પોતે પણ જોડાતો અને ઢગલો ખુંદતાં એ બાળકોને બહુ વહાલથી આવકારતો.

હવે જાણે નીસનને જીવનનું ધ્યેય – the purpose of life – મળી ગયું હતું. આ ઉકરડો એમનું મંદિર બની ગયું હતું અને બાળકો એમની મૂર્તિઓ હતી. આ બાળકોએ કારમી ગરીબીના સડામાંથી બહાર કાઢી નવું જીવન આપવું એ જ એમની યોગ-સાધના બની ગઈ હતી. એ જ એમનો મહાયજ્ઞ બની ગયો હતો. નીસન પરિવર્તન લાવનાર બન્યા - a difference maker બન્યા.

આ છોકરાં આ ઉકરડામાંથી જે કાંઈ ચીજ વસ્તુ ફરી ઉપયોગમાં લઈ શકાય એવી હોય તે એકઠી કરી કરીને એમાંથી પોતાનું ગુજરાન ચલાવતાં હતાં. ક્યારેક ઢગલો ફેંદતાં ફેંદતાં કોઈ ધારદાર વસ્તુથી બાળકો ઘવાતાં. ક્યારેક કચરાની એક નાની વસ્તુ માટે અંદરો અંદર મારામારી કરી લોહીલુહાણ થતાં. ગરીબી આ બધી વિકૃતિઓ જન્માવે છે. આ રીતે ઢગલો ફેંદતાં ફેંદતાં કે મારઝૂડ થવાથી જખ્મી થવું એ તો અહીં રોજનું હતું. ઘવાયેલાં બાળકોની પ્રાથમિક તબીબી સારવાર પણ સ્કૉટ નીસન જ કરતા.

કચરાના આ ડુંગરથી થોડે દૂર પ્લાસ્ટિક અને પૂંઠાના ટુકડામાંથી બનાવેલા ઝૂપડાંમાં બે બાળકીઓ સાથે એમની મા સુતેલી હતી. નીસનને પૂછવામાં આવ્યું કે 'આ માતા અને બે બાળકીઓ અહીં આ છાપરા નીચે એમના કામમાંથી થોડો આરામ કરવા સૂતાં છે?'

નીસને જવાબ આપ્યો કે 'ના, એ લોકો ત્યાં રહે જ છે. એ એમનું ઘર છે.'

નીસન આ વિસ્તારમાં બહુ જાણીતા છે. તરછોડાઈને દૂર કચરામાં ફેંકાઈ ગયેલાં આ માસુમ બાળકોને નવું જીવન આપવાની આકરી તપશ્ચર્યા કરનાર તપસ્વી કાંઈ ઢાંક્યો થોડો રહે ! આ વિસ્તારનાં છોકરાં 'અમારે નિશાળે

પક્ષીઓ ઉપરાંત હરણાં, વાંદરા, નીલગાય (ગિરની ભાષામાં રોજડા), જરખ, જંગલી ભૂંડ, શિયાળ વગેરે જોઈ ખુશખુશાલ. વચ્ચે વોકળો આવ્યો ત્યારે ગાડીમાંથી ઉતરવું જ પડ્યું. નિયમભંગ? નહીં! પણ આ તો જરૂરી છે, ગાડી 'ઓવરલોડ' છે અને પછીનો ટેકરો ચઢે નહીં એટલે ઉતરી શકાય, બસ એ તકનો લાભ લઈ અમે પણ વોકળામાં છબછબિયાં કર્યા. આજુબાજુનાં ઊંચા ઊંચા ઘાસમાં નજરુ દોડાવી, રખેને 'રમજાના' બેઠી હોય તો ? ('અકૂપાર' : ધ્રુવ ભટ્ટ), પણ આજે તો અમારો 'બર્ડ ડે' જ હતો. અને અમે તો તેથી પણ ખુશ હતા. માત્ર યજમાનને હજુ સિંહ ન દેખાયો તે વાત વારંવાર ઉચ્ચારતાં, 'એમ તો જેટલીય વાર આવ્યા એટલીવાર અચૂક જોયા જ છે. પણ કોણ જાણે આજે કેમ?' અમે તેમને આનંદમાં રાખવા તેમના સૂરમાં સૂર પુરાવતાં.

અંતે અમારા નિશ્ચિત થયેલા ડેસ્ટિનેશન કનકાઈ પર પહોચ્યાં. પ્રસાદ તથા સાથે લાવેલું ભાથું આરોગ્યું. પરંતુ અમારો ચેપ પેલા નાનકડા બાળકને બરાબરનો લાગ્યો હતો તેથી જમતાં જમતાં પણ તે વિહંગ અવલોકન કરતો રહ્યો, 'પેલું કબૂતર .... કાગડો ... કોયલ ... કાબર ....' તો ક્યારેક બુલબુલને ઓળખી ગયો, તેથી અમારું દિલ પણ બાગબાગ. છેવટે તેની મમ્મીએ અંગ્રેજીમાં ડારો દીધો ત્યારે કમને તેણે થોડું ખાધું. પછી તો અમે પણ જરા અફસોસભેર તેને 'ખવડાવવા'માં રસ દાખવ્યો. જમવાનું પૂરું થતાં જ યજમાને આરામ કરવાનું સૂચન કર્યું, પણ અમારું મન તો નદી તરફ જવાનું હતું એટલે તેમને, 'તમે આરામ કરો અમે જરા નદીએ જઈ આવીએ,' કહી નદી ભણી ઉપડયાં. આ વખતે પેલી બે નવયૌવનાઓ પણ જોડાઈ તેથી એમ ખુશ થતાં થતાં ગિરની નદીની સહેલે ઉપડયાં. નદીનાં પટ પર આવેલાં ઝાડવાંમાં ઘણાં નવાં પક્ષી પેલા બાળકને તથા યૌવનાઓને દેખાડી અમે અમારું અતિજ્ઞાન છતું કર્યું. પણ અફસોસ પેલા બાળક સિવાય કોઈએ વધારે રસ અમારામાં કે પક્ષીમાં દાખવ્યો નહીં.

ખેર, સેમરડીથી કનકાઈ સુધીનો રસ્તો એટલો ખરાબ કે ગાડીમાં પાંચ જણ હોત તો વધારે ઉછળીને વાગતે. અહીં તો બધાં સાંકડમાંકડ સમાયેલા એટલે પછડાવાનો સવાલ જ ન આવ્યો. ફરી સેમરડી નાકા પર આવ્યા ત્યારે ફોરેસ્ટ ઑફિસરને ફરિયાદ થઈ ગઈ, 'થોડા રસ્તા સારા બનાવો તો?' રસ્તા તો આવા જ રહેવાનાં ગિરમાં! શું છે કે જેને ખરેખર ગિરમાં આવવાનો રસ છે તે તો આવવાના જ, વધારામાં જંગલને પિકનિક પૉઈન્ટ સમજીને આવતા લોકોથી જંગલ બચે પણ ખરું.' અમે અમારો કાન પકડયો. કયા કયા પક્ષી જોયાં તે જણાવ્યું તો ખુશ થઈને ઑફિસર બોલ્યા, 'ગિરમાં સિંહ ન હોત તો ગિર પક્ષી અભયારણ્ય તરીકે ઓળખાતું હોત.' અમે તેમનાં આ વિધાનને સો ટકા સત્ય ગણાવ્યું. પણ અમને તો અમારા પ્રવાસની ફળશ્રુતિ ત્યારે અનુભવાઈ જ્યારે અમારાં નાનકડાં સાથીદારે ઘરે જઈ તેમના નાનકડાં કેમેરામાં પાડેલા પક્ષીઓનાં ફોટા તેના પપ્પાને દેખાડવા માંડ્યા, અને સોનેરી પીઠ લક્કડખોદ દેખાડીને પૂછ્યું પણ, 'આવું ગોલ્ડન-રેડ કલરનું બર્ડ તમે ક્યારેય જોયું છે?' અમે યજમાનને એટલું કહેવાની લાલચને રોકી ના શક્યા, 'ગિરમાં ફક્ત સિંહ જ છે એવું નથી.'

તે સમજ્યા કે નહીં રામ જાણે ....

e.mail : kaminiparikh25@yahoo.in

જવું છે. અમને નિશાળે લઈ જાવ.' એવી ચિચિયારીઓ સાથે કિલ્લોલ કરતાં નીસનને ઘેરી વળે છે. આજ સુધીમાં એમણે નૉન્ગ પૈન્ગ અને આસપાસના વિસ્તારોમાંથી 1200 જેટલાં બાળકોને ઉગારી લીધાં છે. એમણે સ્થાપેલી સંસ્થા 'કમ્બોડિયન ચિલડ્રન્સ ફંડ' દ્વારા આ બધું કામ કરે છે.

'હૃદયને હચમચાવી નાખે એવી આ બાળકોની પરિસ્થિતિ છે.' પોતાની પાસે દોડતા આવેલા છ વર્ષની ઉંમરના એક બાળકને પોતાના ઢીંચણ ઉપર બેસાડતાં નીસને એક પત્રકારને કહેલું, 'હું તો ઇચ્છું કે હું એકેએક બાળકને આ કંગાળ ગરીબી અને દૂષિત વાતાવરણમાંથી ઉગારી શકું.'

કચરાના આ ડુંગરમાં ઉંદરડાંની જેમ જીવતાં આ બાળકોને બચાવવા નીસન અચાનક કેવી રીતે એમની વ્હારે આવ્યા .... એ આખી કહાણી પણ બહુ અદ્‌ભુત અને પ્રેરણાત્મક છે.

નીસનનું જીવન સુખ, સંપત્તિ અને નર્યા વૈભવથી ભરેલું હતું .... 2003માં, *44* વર્ષની ઉંમરે, સોની-પિક્ચર્સના એક ઉચ્ચ અધિકારી તરીકે એમનો પગાર મિલિયન ડૉલર કરતાં પણ વધારે હતો. તે પહેલાં એ 20th Century Foxમાં હતા, જ્યાં એમની દેખરેખ નીચે, નામી ફિલ્મો Brave heart, Titanic, Star Wars અને X-Men રિલીઝ થઈ હતી. ફિલ્મ મીડિયાએ એમનું ઉપનામ પાડ્યું હતું - 'મિસ્ટર હૉલીવુડ'. મોટા મોટા અભિનેતાઓ – મેલ ગીબ્સન, ટૉમ ક્રુઝ અને હેરીસન ફોર્ડ જેવા સાથે રોજની બેઠક હતી. અમેરિકાના અતિ શ્રીમંત વિસ્તાર બેવરલી હીલ્સમાં આલિશાન ઘર હતું. 39 ફૂટ લાંબી પોતાની યાટ-દરિયામાં સહેલ કરવા માટે સંપૂર્ણ સગવડોથી સજ્જ એવી નાવ હતી. સૌથી મોંઘી કાર 'પોશ 911' ચલાવતા. લગ્ન ન્હોતું કર્યું. જાહેર સમારંભોમાં હંમેશાં અતિ સુંદર ગર્લફ્રેન્ડ સાથે જોવા મળતા. ભૌતિક સુખની ટોચ ઉપર એમનું જીવન હતું.

આ બધો વૈભવ હોવા છતાં એક વખત એમણે એક મિત્રને કહેલું કે 'માત્ર ફિલ્મો બનાવ્યા કરવી એ જ કંઈ જીવનનું ધ્યેય નથી. ફિલ્મો સિવાય જીવનમાં બીજું કંઈક તો વધારે મહત્ત્વનું હોતું જ હશે ...' નીસનનું મન અજાગ્રત રીતે જાણે જીવનનો હેતુ - the purpose of life શોધ્યા કરતું હતું.

એ વર્ષે, નીસને નિર્ણય લીધો કે ખભે બેક-પેક મૂકી, મોટર સાયકલ ઉપર પાંચ અઠવાડિયા માટે એશિયા ખંડના દેશોમાં ફરવા નીકળી પડવું. મિત્ર મંડળમાં બધાંને લાગ્યું કે એ રીતે ફરવા જવામાં એને કંઈ વાંધો નહીં આવે. એને જરા આ રીતે બહાર જઈને હળવા થવાની જરૂર છે.

ફરતાં ફરતાં કમ્બોડિયાના શહેર નૉન્ગ પેન્ગ પહોંચ્યા. નીસનને નૉન્ગ પેન્ગમાં થોડા દિવસોથી વધારે દિવસો ગાળવાનો ઇરાદો હતો જ નહીં. પણ ત્યાંના લોકોની આગતા સ્વાગતા અને પ્રેમ એમને સ્પર્શી ગયાં. સાથે સાથે ત્યાંની ગરીબી જોઈને એવો આઘાત અનુભવ્યો કે એશિયામાં આગળ ફરવા જવાનો પ્રવાસ રદ્ કરી એ જ શહેર વિશે વધારે જાણવાના પ્રયત્નો શરૂ કરી દીધા.

રસ્તા ઉપર ભીખ માગતા એક છોકરા સાથે વાતચીત કરીને એમણે એ છોકરાના કુટુંબને મદદ કરવાની ઇચ્છા બતાવી. એ કુટુંબને એમના ઝૂંપડાના ભાડા માટે પૈસા આપ્યા. રેફ્રિજરેટર ખરીદી આપ્યું. છોકરાને સ્કૂલે મોકલવા માટે પૈસા આપ્યા. બે અઠવાડિયાં પછી એમને ખબર પડી કે એ છોકરાના માબાપે બધા જ પૈસા દારૂ અને જુગારમાં ઉડાડી દીધા હતા.

એક કમ્બોડિયન મિત્રે એમને બાજુમાં લઈ જઈને સલાહ આપી કે 'સ્કૉટ, તું બહુ ભોળો છું. આ લોકો તારી ભલાઈનો ગેરલાભ ઉઠાવે છે.' આ મિત્રે એવી પણ સલાહ આપી કે 'સ્ટેયંગ-મીન્ચી' નામનો ઝૂંપડપટ્ટીનો વિસ્તાર છે ત્યાં તું જા. ત્યાંનાં એ બાળકોને તારી ખરેખર જરૂર છે.'

આ સ્થળે નીસને એક નાનું બાળક જોયું. ગંદવાડથી એ એટલું ખરડાયેલું હતું કે એ છોકરો છે કે છોકરી એ પણ સમજી શકાતું નહતું. પોતાના દુભાષિયાની મદદથી એટલી ખબર પડી કે એ છોકરી હતી અને એનું નામ હતું રીથી. બાર વર્ષની એની ઉંમર હતી. એ છોકરીએ નીસનને કહ્યું કે પોતે કદી સ્કૂલમાં ગઈ નથી. એટલામાં નવ વર્ષની બીજી છોકરી ત્યાં આવી અને આ બંન્ને વચ્ચે થતી વાતચીત સાંભળવા લાગી. આ છોકરીનું નામ હતું - નીક. આ બંન્ને છોકરીઓના માથાના વાળમાંથી, શરીરમાંથી અને ફાટેલાં ગંદાં કપડાંમાંથી માથું ફાટી જાય એટલી બદબૂ આવતી હતી. નીસન આ બન્ને છોકરીઓની માતાઓને પણ મળ્યા અને એ બન્નેને તાત્કાલીક દસ દસ ડૉલર આપી બીજે દિવસે ફરી મળવાનું ગોઠવ્યું.

બીજે દિવસે બપોરે, નદી કિનારે, ખાસ ટુરિસ્ટ લોકો માટે ચાલતી એક કૉફીની દુકાનમાં નીસન બેઠા હતા ત્યાં બે છોકરાં એમના ટેબલ પાસે આવ્યાં. આ એ જ છોકરીઓ હતી - રીથી અને નીક. એટલી સ્વચ્છ અને સાફ સુથરી હતી કે નીસન એમને જલદી ઓળખી પણ શક્યા નહીં.

પછી નીસને એ છોકરીઓની માતાઓને સમજાવી કે જો એ માતાઓ આ બાળકીઓને આ કચરાના ડુંગર ઉપર કામ કરવા મોકલવાને બદલે નિશાળમાં ભણવા મોકલે તો પોતે દર મહિને એમને પચાસ ડૉલર આપશે. માતાઓએ સહર્ષ એ વાત સ્વીકારી લીધી.

પછી એ બન્ને છોકરીઓએ એ જ કૉફીની દુકાનમાં નીસનની સામે બેસીને જિંદગીનો પહેલી વારનો આઇસ્ક્રીમ ખાધો. આઇસ્ક્રીમ ખાતી એ છોકરીઓના મોં ઉપરનો પરમ સંતોષ અને અદ્‌ભુત આનંદ જોઈને નીસને પોતાની જાતને એક પ્રશ્ન પૂછ્યો : બસ? આટલું જ? બે બાળકોની જિંદગીમાં અનેરો આનંદ ભરવા માટે આટલું જ કરવું પડે ! આ બે બાળકોની જિંદગીમાં પરિવર્તન લાવવા માટે આટલું જ કરવું પડે ! મારી પાસે તો કેટલું બધું છે ! અને આ લોકો પાસે કંઈ જ નથી ! નીસને નક્કી કરી લીધું કે વારંવાર પોતાને કરવી પડતી આંતરાષ્ટ્રીય બિઝનેસ ટ્રીપ દરમિયાન હવે પોતે દર વર્ષે થોડા દિવસ માટે અહીં આવ્યા કરશે.

સાત મહિનાના ટૂંકા ગાળામાં નીસને નોંન્ગ પેન્ગમાં એક મકાન ભાડે રાખી લીધું અને એ મકાનને રખડતાં બાળકો માટેનું આશ્રય સ્થાન બનાવી દીધું. બાર અનાથ બાળકોને એમાં આશ્રય આપ્યો. થોડા માણસોનો સ્ટાફ પણ રાખી લીધો. નીસનને પોતાને કાયમ માટે કંબોડિયા રહેવા આવી જવાનું મન થતું હતું. પણ નિર્ણય લઈ શકાતો ન્હતો.

એવામાં 'આ પાર કે પેલી પાર' જેવી નિર્ણયાત્મક ઘટના બની ગઈ.

જીવન પરિવર્તનની એ ઘડી : એક વખત નીસન બાળકોના આ આશ્રયસ્થાનમાં હતા ત્રણ – ચાર બાળકો ટાઈફોડના તાવમાં તરફડતાં હતાં. ક્યાંયથી તબીબી સારવાર જલદી મળે એમ નહતી. કોઈ ઈમરજન્સી ટેલિફોન તો ત્યાં હતો નહીં કે નહતી એમ્બ્યુલન્સની સગવડ. લાચારી અનુભવતા નીસનનું દિલ ચિંતાથી વ્યગ્ર હતું. કંઈ ન કરી શકવા બદલ લાચારી અનુભવતા હતા.

એટલામાં એમનો પોતાનો સેલફોન રણક્યો. એક મોટા ફિલ્મ સ્ટાર અને એના એજન્ટનો ફોન હતો. નીસને આ એક્ટરની ફિલ્મના પ્રચાર માટે અને ફિલ્મને પ્રમોટ કરવા માટે ટુર ગોઠવી હતી. અને એ માટે એક પ્રાયવેટ વિમાન ભાડે રોક્યું હતું. પોતે જ એ ટુરની વ્યવસ્થા સંભાળતા હતા.

'નીસન, સાંભળો.' ફિલ્મ અદાકારનો એજન્ટ ફોન ઉપર બોલ્યો. 'એક મોટો પ્રોબ્લેમ ઊભો થયો છે.'

'બોલો શું પ્રોબ્લેમ થયો છે?' બાજુમાં સૂતેલા બિમાર બાળક ઉપર નજર કરતાં નીસને ફોન ઉપર પૂછ્યું.

'નીસન, અમારી ટુર માટે તમે જે એરોપ્લેન ભાડે કર્યું છે એમાં અમારે જે જોઈએ તે પ્રકારના પીવાના પાણીની બાટલીઓ નથી. અમારે જે પ્રકારનો ખોરાક જોઈએ તે પણ નથી. આ પ્રશ્ન હલ નહીં થાય ત્યાં સુધી અમે એ પ્લેનમાં ચઢવાના નથી.' એજન્ટે ધમકી આપી.

પછી ફિલ્મ સ્ટારે પોતે એ ફોન લીધો.

'સ્કૉટ, મારા જીવનમાં આ રીતની હાડમારીઓ અને મુશ્કેલીઓ ના આવવી જોઈએ. આ તકલીફનો નિકાલ લાવો ...... જલદી.'

નીસને ફોન બંધ કર્યો. ઊંડા વિચારમાં ગરકાવ થઈ ગયા. ભીષણ મનોમંથન શરૂ થઈ ગયું.

જીવન પરિવર્તનની આ ઘડી હતી. ટાઈફોઈડથી પીડાતાં આ ગરીબ

માસુમ બાળકોને સારવાર મળતી નથી. એમના જીવન મરણનો સવાલ છે અને આ ફિલ્મવાળાઓને વિમાનમાં આપેલી પાણી અને ખોરાકની સગવડો ઓછી પડે છે! આ બધું શું છે? બસ .... એ જ ક્ષણે નીસને હૉલીવુડને છેલ્લા રામરામ કહી દીધા.

બેવરલી હિલ્સનું રાજમહેલ જેવું ઘર ત્યાગી દીધું. પોર્શ ગાડી છોડી દીધી. મોટા પગારને જતો કર્યો. સહેલ કરવાની મોટી નાવ (યાટ) છોડી દીધી. ભૌતિક સંપત્તિનો પૂર્ણ ત્યાગ કરી દીધો અને પરમસુખની પ્રવૃત્તિમાં લાગી ગયા .... **तेन त्यक्तेन भुंजीथा** : (ત્યાગીને ભોગવ). ઈસાવાસ્ય ઉપનિષદનો આ શ્લોક જાણે જીવંત બનીને પોથીમાંથી બહાર કુદી આવ્યો.

ત્યાર પછી 2004માં એમણે પોતાના એક લાખ ડૉલર મૂકીને 'કમ્બોડિયન ચીલરન્સ ફંડ'ની સ્થાપના કરી. ખર્ચ વધી ન જાય એટલા માટે પોતાને રહેવાની વ્યવસ્થા અલગ ન કરતાં ત્યાં જ નાની ઑફિસમાં એક સોફા ઉપર સૂવાનું રાખ્યું. આ સાચો સંન્યાસ નહીં તો બીજું શું કહેવાય! લોભ અને અહંકાર જેવી પોતાના ચિત્તની વૃત્તિઓનો નિરોધ કરનાર આ યોગી નહીં તો કોણ કહેવાય ?

પ્રવૃત્તિઓ : શરૂઆતમાં નક્કી કર્યું હતું કે 45 જેટલાં બાળકોને અહીં રાખી આશ્રય, ખોરાક અને શિક્ષણ આપવું. પણ પહેલા વર્ષને અંતે તો 100 જેટલાં બાળકો થઈ ગયાં. બીજે વર્ષે 200 થઈ ગયાં. આજે 'કમ્બોડિયન ચિલડ્રન્સ ફંડ' 1200 જેટલાં બાળકોને આશ્રય, ખોરાક, વૈદકીય સારવાર અને શિક્ષણ આપે છે. 445 વ્યક્તિઓનો સ્ટાફ પણ છે. બાળકો આસપાસમાં આવેલી સરકારી શાળાઓમાં ભણવા જાય છે. ઉપરાંત 'કમ્બોડિયન ચિલડ્રન્સ ફંડ' દ્વારા ચાલતા વર્ગોમાં અંગ્રેજી અને કમ્પ્યુટરનું શિક્ષણ પણ લે છે. 'કમ્બોડિયન ચિલડ્રન્સ ફંડ' 200 જેટલાં ધાવણાં બાળકો માટે નર્સરી અને બાલમંદિર પણ ચલાવે છે. આ બધાં બાળકો પણ તરછોડાયેલાં અને મારપીટ ભર્યા વાતાવરણમાંથી આવતાં હોય છે.

2009માં કચરાનો એ મોટો ડુંગર ખતમ થઈ ગયો. શહેરના એ કચરાનો હવે શહેરથી દૂર વ્યવસ્થિત રીતે નિકાલ થાય છે. પણ કચરાના એ ડુંગરાની આસપાસની ઝૂંપડપટ્ટીમાં રહેતાં 1400 જેટલા લોકોની ગરીબી અને હાલહવાલ હજુ એવા જ છે. કચરાનો નિકાલ થતાં એમની રોજીરોટી જતી રહી.

નીસન લગભગ રોજ ત્યાં જાય છે અને પ્રાથમિક સારવાર તથા ખોરાક પૂરો પાડે છે.

કેટલાક લોકો નીસનને 'ચમત્કારી' વ્યક્તિ માને છે. હાવર્ડ યુનિવર્સિટીની સ્કૂલ ઑફ પબ્લિક હેલ્થે નીસનને માનવતાના કાર્યમાં 'ખમીરવંતુ વ્યક્તિત્વ' (a genuine profile in courage) કહી, 2007માં એમનું બહુમાન કર્યું હતું. પરંતુ નીસન તો કહે છે કે હજુ તો મેં શરૂઆત જ કરી છે.

નીસન અવારનવાર પોતાના જૂના વતનમાં આવે છે. અને કમ્બોડિયાની સંસ્થા ચલાવવા માટે દર વર્ષના ખર્ચ માટે ત્રણ-સાડા ત્રણ મિલિયન ડૉલરની રકમ દાનમાં એકઠી કરવા પ્રયત્ન કરે છે. એ કબૂલ કરે છે કે હૉલીવુડમાં કે અમેરિકામાં અઠવાડિયું રહેવાનું થાય એટલામાં તો પાછા કમ્બોડિયા પહોંચી જવાની ચળ પોતાને ઉપડે છે - કમ્બોડિયાના એ સ્થાનને એ નક્કર 'વાસ્તવિકતા' અથવા તો reality કહે છે.

સ્કૉટ નીસનની આ સંસ્થાએ અસંખ્ય બાળકોની જિંદગી બદલી નાખી છે. પોતાની સંસ્થામાં રહેતાં બાળકોને એ 'પોતાનાં બાળકો' ગણે છે. સ્કૉટ નીસનનો પ્રેમ અને કાળજી મળવાથી પલટાઈ ગયેલી જિંદગીઓમાં કુંથીઆ નામના 21 વર્ષના જુવાનની જિંદગી પણ છે. ત્રણ વર્ષની ઉંમરે અનાથ બનીને કુંથીઆ આ કચરાના ડુંગરમાં જ જીવતો હતો. 15 વર્ષની ઉંમરે નીસને એને ઉગાર્યો. અત્યારે એ નોંન્ગ પેંન્ગના એક ઊંચી કક્ષાના મેટ્રો કાફે રેસ્ટોરન્ટમાં શૅફ (રસોઈયા) તરીકે કામ કરે છે. અને એક દિવસ પોતાનો રેસ્ટોરન્ટ ખોલવાની ઉમેદ રાખે છે.

એવી જ બીજી છોકરી છે ચાનરી. ચાનરીને સ્કૉટે શોધી ત્યારે એ 10 વર્ષની હતી. આજે 16 વર્ષની ઉંમરે એ દિવસે હાઈસ્કૂલમાં ભણવા જાય છે અને રાત્રે 'કમ્બોડિયન ચિલડ્રન્સ ફંડ' દ્વારા ઝૂંપડપટ્ટીમાં ચાલતી શાળામાં અંગ્રેજી ભણાવે છે. આ જ ઝૂંપડપટ્ટીમાં એ એક વખત રહેતી હતી. હવે એ મેડિકલ સ્કૂલમાં જવાની યોજના ઘડી રહી છે.

નીસનને આશા છે કે આ છોકરાઓ આવતી કાલના નેતાઓ થશે અને મુશ્કેલીઓના હલ શોધવાવાળા બનશે. આના અનુસંધાનમાં એ એક મા-દીકરીની ઘટનાને યાદ કરે છે. આ મા-દીકરીને એ પોતે આ જ ઝૂંપડપટ્ટીમાં મળ્યા હતા. આ મા-દીકરી ઉપર કોઈકે એસીડથી ઘાતકી હુમલો કર્યો હતો. એને લીધે એમનાં મોઢાં બળીને ભયાનક રીતે કદરૂપાં બની ગયાં હતાં. માતાની તો બંન્ને આંખો ફૂટી ગઈ હતી. પોતાની કદરૂપતાને કારણે એ બન્ને જણાં લોકો સામે બહાર આવવામાં એટલાં ગભરાતાં અને શરમાતાં હતાં કે ભાગ્યે જ એ એમના ગંધાતા છાપરામાંથી બહાર નીકળતાં.

છોકરીનું નામ હતું - શ્રી. આ છોકરી શ્રી એટલી બધી કદરૂપી હતી કે કોઈ સ્કૂલ એને ભણવા માટે દાખલ કરતી નહોતી. નીસનને પોતાને પણ ખબર નહોતી કે આ બાબતમાં પોતે આ મા-દીકરીને કઈ રીતે મદદ કરી શકશે ! છતાં એમણે તો વચન આપી દીધું કે પોતે જરૂર આ છોકરીને શિક્ષણ આપશે.

આ મા દીકરીની વાત નીસને પોતાના સ્ટાફના માણસોને કરી.

સ્ટાફ સાથે થતી આ વાત એ સાંજે 'કમ્બોડિયન ચિલડ્રન્સ ફંડ'ની 15 અને 16 વર્ષની બે છોકરીઓએ સાંભળી લીધી હતી. નીસન પાસે આવીને એ છોકરીઓએ કહ્યું, 'આ બરાબર નથી. આ તો હળહળતો અન્યાય કહેવાય. કદરૂપી બની ગયેલી શ્રીને શિક્ષણ મળવું જ જોઈએ.'

નીસન શાંતિથી છોકરીઓ તરફ જોઈ રહ્યા અને પૂછ્યું, 'તમારી વાત તદ્દન સાચી છે. તો પછી હવે તમે બન્ને આ બાબતમાં શું કરશો?'

નીસનને લાગ્યું કે હવે આ વાત અહીં જ ખતમ થઈ જશે. આ નાની છોકરીઓ શું કરી શકવાની હતી? પણ આ છોકરીઓએ આ પ્રશ્ન પોતાની ઉપર લઈ લીધો અને શ્રી તથા તેની માને એમના છાપરામાં જઈને મળવાનું નક્કી કરી લીધું. ત્યાં જઈને એમણે એ મા-દીકરીને સમજાવ્યાં અને વાત ગળે ઉતારી કે શ્રીએ 'કમ્બોડિયન ચિલડ્રન્સ ફંડ'ની શાળામાં દાખલ થઈને ભણવાનું શરૂ કરી દેવું જોઈએ.

એક દિવસ જ્યારે નીસન સ્કૂલમાં આંટો મારવા ગયા ત્યારે અંગ્રેજીના વર્ગમાં એક છોકરી શ્રીને ગળે વહાલથી હાથ વીંટાળીને જમીન ઉપર બેઠી હતી. શ્રીને હવે વિદ્યાર્થીનીઓનો પ્રેમ મળતો હતો. હુંફ મળતી હતી. એ હવે એકલી નહોતી.

આ દૃશ્ય જોયા પછી નીસને એક પત્રકારને કહેલું : 'મારી આંખમાં એમ જલદી આંસુ નથી આવતાં પણ આ દૃશ્ય મારા હૃદયમાં સોંસરુ ઉતરી ગયું હતું .... હવે શ્રી ક્યારે ય એકલી નથી પડતી. એની મા માટે પણ એમ કામ શોધી કાઢ્યું. આ ઘટનાનું મહત્ત્વ એ છે કે મેં તો ફક્ત અમારી છોકરીઓને શ્રીની પરિસ્થિતિની વાત જ કરી હતી. બાકીનું બધું એમણે જ સંભાળી લીધું. ક્ષિતિજ ઉપર ઉગતા સૂર્યનો જે પ્રકાશ હું શોધતો હતો તે આ છે - આ અદ્‌ભુત છોકરાં એમના તૂટેલા દેશને પાછો સાંધીને ઊભો કરશે.'

("રીડર્સ ડાઈજેસ્ટ" અને ઈન્ટરનેટના માધ્યમાંથી સાભાર)

e.mail : nima.arch@gmail.com

મળ્યાં વર્ષો તેમાં અમૃત લઈ આવ્યો અવનિનું …

કોમાગાટા મારુ. – કૅનેડાના પશ્ચિમ કિનારે, ઇંગ્લિશ ઉપસાગરમાં, બ્રિટિશ કોલમ્બીઆ પ્રાંતના, વૅનકૂવર નામે બંદરી નગરની ગોદીમાં, નાંગરેલા જહાજનું આ એક દૃશ્ય. એ સાલ હતી 1914. ઠીક એક સૈકા પહેલાંનું આ ચિત્ર ચાડી ખાય છે તેમ, અહીં, સૌ કોઈ પાઘડીધારી હિન્દવી જમાતની જ નસ્સલ છે.

એક જપાની વહાણવટા પેઢીનું જ આ જહાજ. હૉન્ગ કૉન્ગથી ચીનમાં સાંધાઈ થઈ, જપાનના યોકોહામા વાટે, તે વૅનકૂવર જવા રવાના થયેલું. આ કોમાગાટા મારુ જહાજમાં પંજાબથી ગયેલા 376 ઊતારુઓ હતા. તેમાંના 20 જ ઊતારુઓને કૅનેડામાં પ્રવેશવા પરવાનગી અપાયેલી અને બાકીના 356 લોકોને ઊતરવા દેવાયા નહોતા અને હિંદ ભણી જહાજને હંકારી જવાનું દબાણ કરવામાં આવેલું. તે ઊતારુઓમાં 340 શીખ, 24 મુસ્લિમ અને 12 હિન્દુઓ હતા.

'આપ્રવાસ', 'દેશાંતર', 'અધિવાસ' [immigration] — આ શબ્દને સૈકાથી ગંદો, ભદ્દો તેમ જ ઉપેક્ષિત ચિતરવામાં આવી રહ્યો છે. પૂર્વગ્રંથિઓ અને અધકચરી વિગતમાહિતીઓ દેશાંતર તો શું, પરંતુ પ્રાંતાંતર પણ મુશ્કેલી સર્જે છે. દૂર ક્યાં જઈએ, ભારતનો દાખલો લઈએ તો એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં ગયેલા લોકોને કેવા કેવા હડસેલા લેવા પડે છે તેની સિલસિલાભરી વિગતો સમૂહમાધ્યમોમાં ભરી પડી છે. … ખેર !

હિન્દુસ્તાનમાંથી લોકો દેશાંતર કરીને કૅનેડામાં પ્રવેશે નહીં તેને સારુ 1908ના અરસામાં પ્રતિબંધ મૂકવામાં આવેલો. … તે દિવસોમાં સિંગાપોરમાં સરહાલીના ગુરદીતસિંહ ઢીલોન વસતા હતા. તે સિંગાપોરના જાણીતા માછીમાર હતા. તે કહેતા : 'પ્રવાસ વાટે માણસોની દૃષ્ટિ વિશાળ બને છે. આઝાદ મુલકોના નાગરિકો સાથેના આદાનપ્રદાનને કારણે તેમનામાં સ્વતંત્રતાની લાગણીઓ ઊતરી આવે છે. અને વળી, પરદેશી શાસકોને કારણે કમજોર બનેલી પ્રજાના માનસમાં આવા પ્રવાસને લીધે આઝાદીની હવા ફૂંકાવી શરૂ થાય છે.' કૅનેડાએ દાખલ કરેલા અંકુશોનો તાગ તેમને આગોતરો મળી ગયેલો. કૅનેડા-પ્રવેશ માટે પંજાબીઓને જે હાલાકી નડતી તેની તેમને સમજણ પણ હતી. આથી, વાડમાં છીંડા શોધવાનું તેણે રાખ્યું. આવી છટકબારી હાથ લાગતા તેમણે જ આ કોમાગાટા મારુ જહાજ ભાડે કરવા મનસૂબો કર્યો. આમ, ગુરદીતસિંહે સાહસનો આ કેડો લીધેલો.

તે દિવસોમાં કૅનેડામાં એક બીજા ગુરદીતસિંહ હતા, જે ગુરદીતસિંહ જવાન્ડા તરીકે જાણીતા હતા. મૂળ હરિપુર ખાલસાના રહેવાસી આ પંજાબી સજ્જન 1906માં કૅનેડામાં સ્થાયી થયેલા પંજાબીઓમાંના સૌ પ્રથમ પૂરોગામી હતા, તેમ ઇતિહાસ નોંધે છે.

બીજી તરફ, કહે છે કે, ગુરદીતસિંહ ઢીલોને હૉન્ગ કૉન્ગમાંથી, આ જ અરસે, એટલે કે જાન્યુઆરી 1914 વેળા, 'ગદ્દર' આંદોલનનો પરચમ લહેરાવી જાણ્યો. કૅનેડા તેમ જ યુનાઈટેડ સ્ટેટ્સના પશ્ચિમી વિસ્તારોમાં જૂન 1913ના અરસામાં 'ગદ્દર' આંદોલનનો બૂંગ્યો ફૂંકવામાં આવેલો. હિંદમાં અંગ્રેજી શાસકોને તગેડી મૂકવાનો મૂળ આશય આ આંદોલનનો હતો.

કોમાગાટુ મારુ ઘટનાને નામે તે દિવસોમાં સંઘર્ષ પણ થયાનું કહેવાય છે. હસ્સન રહીમ તથા સોહનલાલ પાઠક સરીખા આગેવાનોએ ઠેર ઠેર સભા ભરી લોકો પાસેથી સહાય પેઠે ભંડોળ પણ એકઠું કરેલું. બરકતુલ્લા, તારકનાથ દાસ તેમ જ સોહન સિંહ જેવા ગદ્દર આગેવાનો ય પોતાના આંદોલનને સારુ જોમવંત પ્રચાર કર્યો અને લોકોને ગદ્દર તરફી કર્યાના હેવાલ મળે છે.

ભારત સ્વતંત્ર થયું, તે પછી, 1989ના અરસામાં વૅનકૂવરના શીખ ગુરુદ્વારામાં કોમાગાટા મારુ ઘટનાની યાદમાં એક સ્મારક તક્તિ જડવામાં આવી હતી. તે પછી,સન 1994 દરમિયાન, વૅનકૂવર બંદરના વિસ્તારમાં ય એક અધિકૃત સ્મારક તક્તિ જડવામાં આવી છે.

પ્રકાશની પગદંડીઓ

• બિપિન શ્રોફ

પ્રિય સંજયભાઈ,

તમારા દ્વારા ભાષાંતર કરેલા પુસ્તક, 'પ્રકાશની પગદંડીઓ'નો પુસ્તક-પરિચય "નિરીક્ષક"માં રમેશભાઈ શાહની કલમે વાંચ્યો. તરત જ ઉર્વીશ કોઠારી પાસે પુસ્તકની પાંચ નકલો મંગાવી લીધી. પુસ્તકની એક કોપી તો અમેરિકા મારા મિત્ર ગુલામનબી વોરાને જાન્યુઆરી માસના અંત પહેલાં મોકલી દીધી. બીજી ચાર કોપીઓ, તેમના સંપૂર્ણ નાણાંકીય સહકારથી ચાલતી બે સંસ્થાઓના મુખ્ય માણસોને વાંચવા માટે આપી દીધી. મેં તો તે પુસ્તકનાં પાનેપાનને બરાબર પચાવી લીધાં છે. તેની નિશાનીરૂપે તમારી ચોપડીનો મેં કરેલો રિવ્યુ અહીં સાદર છે.

શુભેચ્છા સાથે,

બિપિન શ્રોફ

(સદર પુસ્તક માણવા, વિચારવા અને વર્તનમાં મુકવા માટે પ્રેરણારૂપ છે. રેશનાલિઝમ, માનવવાદ, વૈજ્ઞાનિક અભિગમ જેવા કોઈ શબ્દો કે મૂલ્યોની વાત કોઈ પણ સ્વરૂપે સીધી બિલકુલ પુસ્તકમાં ન કરી હોવા છતાં તેનું દરેક પાનું આ મૂલ્યોના વાસ્તવિક (ડાઉન ધી અર્થ) જીવંત અમલથી ભર્યુંભર્યું છે. 'માનવી પોતે જ પોતાના ભાગ્યનો વિધાતા છે.' આ વાક્યના અર્થ પ્રમાણે મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ અને છત્તીસગઢ ત્રણે રાજયની જ્યાં સરહદ મળે છે, તેવા ચંદ્રાપુર જિલ્લાના 'હેમલકસા' જેવા સંપૂર્ણ જંગલ વિસ્તારમાં બાબા આમટેના વારસદારોએ તેમનો જ નહીં, પણ તે વિસ્તારમાં સદીઓથી રહેતી માડિયા અને ગૉન્ડનામની આદિવાસી જનજાતિઓના ભાગ્યને પણ સંયુક્ત પુરુષાર્થથી બદલી નાંખ્યુ છે. તે પુસ્તકના થોડાક અંશો અહીયાં રજૂ કરું છું.)

•

વિશ્વમાં એવુ ભાગ્યે જ કુટુંબ હશે, જેમાં બાપ અને દીકરા બંનેને, સરખાં કામો માટે, બાપને સને ૧૯૮૫ અને દીકરાને સને ૨૦૦૮માં, એશિયામાં નોબલ પ્રાઇઝની સમકક્ષ ગણાતો 'મૅગસેસ' એવોર્ડથી નવાજવામાં આવ્યા હોય.

(1) મૅગસેસ એવૉર્ડના સ્થાપક રેમન મૅગસેસ ફિલિપાઈન્સ દેશના દૂરંદેશી દૃષ્ટિ ધરાવનાર અસાધારણ નેતા હતા. દરેક માણસને આઝાદી અને આનંદમાં જીવવાનો અધિકાર છે, એવા વિચારના તે પુરસ્કર્તા હતા. પાનું – ૨.

(2) પોતાના અનુયાયીઓને નેતૃત્વકળા શીખવે તે જ સાચો નેતા. પાનું – ૩.

(3) ૧૯૭૩માં જયારે લોક બિરાદરી પ્રકલ્પ શરૂ કર્યો, ત્યારે અહીંના માડિયા ગોન્ડ આદિવાસી ભૂખ, રોગચાળા અને અંધશ્રદ્ધાના ભરડામાં જકડાયેલા હતા. ભામરાગઢના જંગલ સિવાયની બીજી કોઇ દુનિયાની તેમને ખબર જ ન હતી. તે બધા દુનિયાના કાયદા કાનૂનથી બિલકુલ અજાણ હતા. વહેતી નદીઓના અને જંગલના પ્રાણીઓના અવાજો ઉપરાંત ત્રીજો અવાજ આ વિસ્તારમાં સાંભળવા મળતો નહીં. અહીંનો વિસ્તાર સુંદર હતો પણ તે રૌદ્ર સૌંદર્ય હતું. પાનું – ૪.

(4) બાબા આમટેના આશ્રમનું નામ હતું 'આનંદવન'. તે રક્તપીત્તિયા અથવા કુષ્ઠરોગીઓ માટે કામ કરતા હતા. તેમાં તેમની સેવા ચાકરી કે સારવાર કરવી એટલું જ અપેક્ષિત ન હતું. આ બીમારીને કારણે કુષ્ઠરોગીઓના પરિવારજનો સહિત બધા લોકોની એમના તરફની વર્તણૂકથી રોગીઓનો આત્મવિશ્વાસ પડી ભાંગતો. એ આત્મવિશ્વાસ તેમને પાછો મેળવી આપવાનું જરૂરી બનતું. કુષ્ઠરોગીને એ વાત સમજાવવાની જરૂર પડતી કે તે પણ બીજા માણસોની જેમ કામ કરી શકે છે, પૈસા કમાઈ શકે, અને સામાન્ય જિંદગી જીવી શકે છે. આ વાત તેમને ગળે ઉતારવાનું કામ ઘણું અઘરું હતું. બાબાએ કુષ્ઠરોગીઓ તરફ ફક્ત સહાનુભૂતિ ન બતાવી. પણ એમને પ્રેમ અને વિશ્વાસ ચોક્કસ આપ્યા. એને કારણે જ આનંદવન ઊભું થઈ શક્યું. (પરંતુ બાબા આમટે પોતે જ નજીકનાં કહી શકાય, તેવાં બધાં સગાં સંબંધીઓથી સર્વસંબંધોમાં બહિષ્કૃત થઈ ગયા.) પાનું – ૯.

(5) અમારું બાળપણ રંગબેરંગી ન હતું, લાડકોડવાળું ન હતું. પણ શિસ્ત, વ્યવહારની ચોખ્ખાઈ, કોઈ પણ કામ કરવામાં શરમ ન રાખવી, વિચારોમાં મક્કમતા, આ બધા સંસ્કાર અમને મળ્યા. આ બધા સંસ્કારો જિંદગી સંતોષકારક બનાવવા માટે ઉપયોગી થઈ શકે એ અમને પછીનાં વર્ષોમાં સતત સમજાતું ગયું. પાનું – ૧૪.



(6) ભામરાગઢના રોકાણ દરમ્યાન અમે આજુબાજુનાં ગામડોમાં ફર્યા. ત્યાંના આદિવાસીઓએ બિલકુલ જરૂરિયાત પૂરતાં કપડાં પહેરાલાં અને કેટલાંકે એ ય નહોતા પહેર્યાં. શરીર લેવાઈ ગયેલાં. અમારી ગાડી ગામમાં પ્રવેશે એટલે આ બધા જંગલમાં ભાગી જતા. પ્રાણીઓ માણસથી ડરે તે ખબર હતી પણ માણસ પણ માણસથી ડરે એની નવાઈ લાગી. પાનું – ૧૯.

(7) તમે કાંઈ સારુ કરતા હોય તો બધા વર્ગના લોકો તમારી પડખે ઊભા રહે છે. પાનું – ૨૨.

(8) પ્રકાશ આમટે પોતાની પત્ની વિષે — પ્રેમમાં પડયા પછી વાતાવરણ લાગણીસભર હોય એટલે કેટલીકવાર માણસ લાગણીના આવેશમાં નિર્ણય લેતો હોય છે. પણ મને મંદા(પ્રકાશની પત્નીનું નામ જે ડૉ. એમ ડી એનેસ્થિસિયા છે.)ની નવાઈ એટલા માટે વધારે લાગે છે કે ભાવિ જિંદગી વિષે માત્ર કાને પડેલી માહિતી હોવા છતાં એણે મારાપર વિશ્વાસ મુકીને નિર્ણય લીધો. બીજી વાત એ કે જિંદગી કેટલી કઠોર હશે એનો અંદાજ તેને લગ્ન પછી અમે હેમલકસા ગયા, ત્યારે આવ્યો હતો. છતાં ય તેણે એ નિર્ણય કાયમ રાખ્યો અને નિભાવ્યો. બિલકુલ સહજતાથી અને ખુશીથી નિભાવ્યો – કોઈ પણ પ્રકારની ફરિયાદ વિના. પાનું – ૨૪.

(9) અમારા લગ્નના સ્થળે ડૉ. બાબાસાહેબ આંબેડકરની મોટી તસવીર લગાવેલી હતી. તેને પગે પડીને સમારંભ પૂરો કર્યો. જમણવાર તો હતો જ નહીં. બધા મહેમાનોને પેંડા વહેંચ્યા. જમવામાં મસાલા ભાત હતો. બધી જ રુઢિઓને બાજુએ મુકીને, પણ બધા મિત્રમંડળ, સગાંસંબંધીને સમાવી લઈને કરવામાં આવેલાં આ લગ્ન હતાં. પાનું ૨૬. લગ્ન પછી તરત જ આપણા પોતાના માણસોથી છુટા પડીને દૂર જંગલમાં આવીને રહેવાનો અમારા સહુનો આ પહેલો અનુભવ હતો. પાનું – ૩૫. જિંદગીની શરૂઆત કરવાની ઉંમરે અમે બધા જ અમારા પરિવારોથી બહુ દૂર આવ્યાં હતાં. વર્તમાન દુનિયાના કોઈ પણ સાધનથી અમારો સંપર્ક ન થઈ શકે તેવી જગ્યાએ અમે જીવન જીવવાનું શરૂ કરવાનો નિર્ણય લીધો હતો. 'નો ન્યુઝ, ઇઝ ગુડ ન્યુઝ' એવી માનસિકતા અમે ઘડી હતી. જે વિસ્તારમાં અમારી નવી જિંદગી ઊભી કરવા માંગતા હતા ત્યાંથી બહાર નીકળવા માટેના રસ્તા ન હતા. ન વાહનો હતા. બીજા સાથે સંપર્ક કરવા ન હતા ફોન કે ન હતી ટપાલ પેટી. જંગલની નીરવ શાંતિ એક બે દિવસ સારી લાગે, પણ કોઈ કોઈવાર તો તમારી માનસિક સ્થિતિ એવી હોય ત્યારે તો તે તમારા ઉપર જ ધસી આવે ! સતત સહવાસને કારણે મુશ્કેલીઓનો સાથે રહીને ઉકેલ લાવવાની વૃત્તિને કારણે અમે સહુ એકબીજાથી નજીક આવ્યા. અમારા સહુનો એક પરિવાર બન્યો. જે હજુ પણ ભેગો છે. પાનું – ૩૬–૩૭.

(10) કડકડતી ઠંડીમાં ય ઉઘાડા ફરનારા ગરીબ આદિવાસીઓને જોયા પછી, આપણે પૂરેપૂરા કપડાં પહેરીએ છીએ એની ય શરમ આવવા લાગી. પછી સફેદ રંગની અડધી ચડ્ડી અને સદરા જેવું અડધી બાંયનું બનિયન, એવાં કપડાં પહેરવાનું મેં શરૂ કર્યું. બહાર જવાનું થાય તો લેંઘો અને શર્ટ – વિદેશમાં પણ આ જ પોષાક. પાનું – ૪૧.

(11) જો કે દરદીઓને ન આવવા માટે ભાષા, પહેરવેશ એના કરતાં ય મોટી મુશ્કેલી હતી તે આદિવાસીઓમાંની અંધશ્રદ્ધાની. અમે એમના માટે આવ્યા છીએ. એમની સારવાર કરવા કરવા માંગીએ છીએ એ આદિવાસીઓને સમજાતું હતું. પણ ઘણાં વર્ષોથી ચાલી આવેલી રૂઢિઓ તે તોડી શકતા ન હતા. દરેક ગામમાં એક ભૂવો હોય. કોઈ બીમાર પડે એટલે તેણે ઈલાજ માટે ભૂવા પાસે જવાનું એવો રિવાજ હતો. એ ભૂવાને ખાસ ખબર પડતી નહતી, પણ જડીબુટ્ટીની મામુલી દવાઓ તે આપતો. ભભૂત ધૂપ એવું ભૂવો કરતો. ક્યારેક ક્યારેક દરદી સાજો થતો, ઘણી વખત ન થતો. પણ ભૂવાને બદલે અમારી પાસે આવે તો દૈવી પ્રકોપ થાય એવી કંઈક માન્યતા આ લોકોમાં હતી. એટલે તે બધા અમારી પાસે આવવાથી ડરતા. પાનું – ૪૧.

(12) દરદીઓ આજુબાજુના ગામોમાંથી આવતા હતા. આસપાસના ગામો એટલે ઓછામાં ઓછા ૧૦થી ૧૫ કિલોમિટરના અંતરે આવેલા. કેટલાક તો ૧૦૦થી ૧૫૦ કિલોમિટર દૂરથી પણ આવતા હતા. દરદીની હાલત ખૂબ ખરાબ હોય તો એને 'સ્ટેચર' પર મૂકીને લાવવામાં આવતો. કાપડની ઝોળી બનાવવી અથવા વાંસ એકબીજા સાથે બાંધીને એને ઝાડની છાલનું દોરડું બાંધવાનું. ત્રીજો વાંસ વચ્ચે નાંખવાનો અને એ ઝોળીમાં સુવડાવીને દરદીને લાવવાનો. અથવા ચારપાઈ કે ખાટલાને ઊંધો કરવાનો અને તેના પાયાને દોરી બાંધીને બે માણસો ઉપાડીને લાવે એવી બીજી રીત. દરદીને આટલા બધા અંતર સુધી લઈ જતાં બે માણસોના ખભા દુખવા લાગે, એટલે સાથે બીજા ચાર કે છ જણ સાથે આવતા. આવા ખાટલા કે સ્ટેચર પરથી દરદીને રસ્તા પરના બધા ગામોમાં થઈને અમારે ત્યાં લાવવામાં આવતો. સાજો થાય તો જીવતો તે પ્રમાણે અને મૃત્યુ પામે તો પણ તે રીતે જ લઈ જવામાં આવતો. આ વાતનો એ દિવસોમાં અમારા પર ખૂબ જ તણાવ રહેતો. પાનું – ૪૨.

(13) એક વખતે ભૂવાની છોકરીને જ તાવ આવ્યો. ભૂવાએ એની રીતે ઈલાજ કર્યો. પણ છોકરીને સારુ થતું ન હતું. છોકરીનો જીવ જતો રહેશે એવો ડર લાગતાં એ ભૂવો છોકરીને અમારી પાસે લઈ આવ્યો. અમે એને દવા આપી, બાટલા ચઢાવ્યા, અને તે બચી ગઈ. એટલે ભૂવાનો અને એના જેવા બીજા કેટલાકનો વિરોધ ઘટી ગયો. ટૂંકમાં દરદી અંગારા – ધુપારાથી નહીં પણ દવાઓથી જ સાજો થશે, એ અમે જાણતા હતા. પણ એ લોકોને આ વાત સમજાવાનું મુશ્કેલ હતું. પાનું – ૪૩.

(14) તેમની ભાષા માડિયા હતી. અમારી ભાષા મરાઠી. જાણે કે બંનેને એકબીજાં સાથે સંબંધ જ નહીં. દુભાષિયો નહીં હોવાને કારણે તેમના પ્રશ્નો સમજવા અને રોગનું નિદાન કરવા ખૂબ જ મુશ્કેલી પડતી. ક્યારેક ક્યારેક તેમના ગામોમાં જઈને ત્યાંના લોકો સાથે સંવાદ સાધવાનો પ્રયત્ન કરવા લાગ્યા. ધીમે ધીમે કામચલાઉ માડિયા ભાષા સમજાવા લાગી. પાનું – ૪૫.

(15) એમણે દવાઓ, ગોળીઓ ક્યારે ય જોઈ ન હતી. ગોળીનું રેપર કેવી રીતે કાઢવું એની પણ એ લોકોને ખબર જ ન હતી. એ લોકો રેપર સાથે જ ગોળીઓ ખાઈ જતા. તેમને દવા અને ડોઝનું પ્રમાણ પણ સમજાતું નહીં. ક્યારેક ક્યારેક બધી દવાઓ એક સાથે લઈએ તો વહેલા સાજા થઈ જવાશે, એવી સમજથી બધી ગોળીઓ સાથે ખાઈ જતા. આવું બે ત્રણ વાર બન્યું. અમારી સામે આવું બને ત્યારે અમે તેમને ઊલટીઓ કરાવી બધી દવાઓ બહાર કઢાવતા. આવું કાંઈ થાય એટલે અમને ડર લાગતો હતો. દવાનો પહેલો ડોઝ અમે અમારા હાથથી તેમના મોંમાં નાંખતા, પણ પછીના ડોઝનું શું ?

(16) અતિશય કુપોષણ. બધાં જ નંખાઈ ગયેલાં. એટલા બધા નંખાઈ ગયેલા કે અમારા દવાખાને આવેલા એક આધેડ વયના પુરુષનું વજન ફક્ત ૨૩ કિલો હતું. કુપોષણને કારણે માણસો ભર યુવાનીમાં પણ એવા કરચલીવાળા કે એમની ઉંમર એમના દેખાવ ઉપરથી ખબર જ ન પડે. એમનાં બાળબચ્ચાંની ઉંમર પરથી પણ એ ઉંમર અને સામી વ્યક્તિની સાથે એમનો મેળ જ ન બેસે. એવી થાપ ખાઈ જવાય એવી અમારી સ્થિતિ હતી. પાનું – ૪૭.

(17) નજીકથી તેમનું નિરીક્ષણ – એમને લખતાં વાંચતાં આવડતું નથી. કપડાં પહેરતાં આવડતું નથી. બીજી કોઈ ભાષા આવડતી નથી. આપણે ધાર્યું ન હોય તેટલી ગરીબાઈ અને અજ્ઞાનતા અમને દેખાઈ. ગરીબાઈને કારણે બે ટંક ખાવાના સાંસા. એટલે નાનાં બાળકોથી લઈને વૃદ્ધો સુધી બધાં ખાવાનું મેળવવાની તજવીજમાં હોય ! ખાવામાં શું ? તો કંદમૂળ, હાથથી છડેલા ચોખાની કુશકી પલાળીને બનાવેલ આંબીલ, ભાત અને જે મળે તે પ્રાણી. બિલકુલ કીડીઓની ચટણી પણ !

રોજબરોજની જિંદગીમાં સહજ રીતે વપરાતી વસ્તુઓની એમને ખબર જ ન હતી.

સાબુ તેના રંગ અને લીસાપણાંને કારણે તેમને ખાવાની વસ્તુ લાગતી. કેળાં, કલીંગડ જેવા ફળો તેમણે ક્યારે ય જિંદગીમાં જોયેલાં જ નહીં. આ બધું જોઈને મન ઉદાસ થઈ જતું. પાનું – ૪૬.

(18) આપણે એકાએક બહારથી આવીને 'તમે જે કરો છો તે ખોટું છે', એમ કહીશું તો એ વાત તેમને ગળે શી રીતે ઉતરશે? મારા કાર્યકર્તાઓએ શરૂઆતમાં એ લોકોના રુઢિચુસ્ત રીત રિવાજો સામે વાંધો ઉઠાવવાનો પ્રયત્ન કર્યો. એ અંગે આદિવાસીઓનું કહેવું હતું કે 'શું અમે તમને લોકોને અહીં આવવાનું આમંત્રણ આપ્યું હતું? તો પછી શા માટે તમે અમારી બાબતોમાં માથું મારો છો?' આ અમારા માટે એક બોધપાઠ હતો. એમાંથી સમજાયું કે આવા ફેરફારો ઉતાવળે થતા નથી. —— આ ફેરફારો કરવા જોઈએ તેમ એ લોકોને નક્કી કરવા દો, પછી એ લોકો ધીમે ધીમે બદલાશે. પહેલાં આ લોકોના મનમાં આપણા માટે વિશ્વાસ પેદા થવો જોઈએ. એમને ઉપદેશ આપવાને બદલે વિકલ્પ આપીએ.અને આશા રાખીએ કે એ લોકો યોગ્ય વિકલ્પ પસંદ કરે. પાનું ૪૭.

(19) આપણા મનની વિરુધ્ધ બનેલી વાતોની ચર્ચા કરવાની નહીં. સારુ એટલું લેવાનું, ખરાબ છોડી દેવાનું. પ્રવાહથી વિરુદ્ધ જઈને આપણે જે કામ શરૂ કર્યું છે તે ચાલુ રહે તે માટે અમારે ખૂબ જ કાળજી રાખવી પડી. બાંધછોડ કરવી પડી. બધાને કરવી પડી. પાનું – ૪૮.

(20) મારી પાસે એક કેસ આવ્યો. રાતનો સમય હતો. રીંછે કરેલા હુમલામાં એ માણસની ખોપરી ફાટી ગઈ હતી. આંખો પણ ગઈ હતી. એ લોહીલુહાણ હતો. તેના ચહેરાનો આખો આકાર જ બદલાઈ ગયો હતો. મારી પાસેના શીખાઉ ડૉક્ટરને તો આ બધું જોઈને ચક્કર જ આવી ગયા. — ચહેરો અસંખ્ય જગ્યાએથી ફાટી ગયો હોવાથી ટાંકા લેવા પડે તેમ હતા. એનેસ્થેશિયા હાથવગું હતું જ નહીં. એનાથી સહન થાય છે કે નહીં તે જોવા માટે મેં એક ટાંકો લીધો. એણે ચાલશે કહ્યું એટલે મેં પછી પૂરા દોઢસો ટાંકા લઈને એના જખ્મ સીવ્યા. એ બીચારાએ બધું શાંતિથી સહન કર્યું. એનામાં પુષ્કળ સહનશક્તિ હતી. એ સમયે મારા ધ્યાનમાં આવ્યું કે જીવવા માટેની લડાઈમાં આપણી પાસે હોય છે તેવા વિકલ્પો આ લોકો પાસે હોતા નથી. પછી તે માણસ આંધળો થઈ ગયો હોવાથી કોણ તેને કેટલા દિવસ ખાવાનું આપે. આખરે તે રીંછના હુમલામાંથી બચેલો માણસ ભૂખમરામાં મરી ગયો. કારણ કે અહીંયા જંગલનો નિયમ જ ચાલતો હતો. મહેનત કરે તેને ખાવા મળે. અહીયાં નાના બાળકો સુધ્ધાં પોતાનું ખાવાનું પોતાની મેળે જ મેળવી લે છે. એક જણ કમાય અને બાકીના ખાય એવી વાત અહીં જંગલના ન્યાયમાં ન હતી. પરિસ્થિતિ એટલી ભયાનક, ગરીબાઈઈ એટલી હદની કે 'સર્વાઈવલ ઓફ ધી ફીટેસ્ટ' વિધાન અહીં પૂરેપૂરું લાગું પડે તેવું હતું. પાનું ૫૩.

(21) અમારા પ્રકલ્પથી આશરે ૧૫ કિલોમિટર એક ગામમાં તાપણા પાસે એક પરિવાર સૂતો હતો. મણયાર જાતનો ઝેરી સાપ છોકરી પાસે આવ્યો. સાપનો ઠંડો સ્પર્શ થતાં છોકરીએ હિલચાલ કરી એટલે સાપ એને કરડયો. એણે હાથ ખંખેર્યો એટલે સાપ બીજી છોકરી પર પડયો. એને પણ તે કરડયો. તે છોકરીએ પણ પોતાનો હાથને ઠંડો સ્પર્શ થતાં તેણીએ પર હાથ ખંખેર્યો એટલે

સાપ બાજુ પર સૂતેલા તેના પિતાના શરીર ઉપર પડયો. અને તે સાપ તેના બાપને પણ કરડયો. આ દુર્ઘટનામાં પહેલી છોકરી ત્યાં ને ત્યાં જ મરી ગઈ. બીજી અને તેના પિતાને દવાખાને લાવ્યા. તેમને સંર્પદંશ પરની એન્ટી-વેમન દવા આપી. બીજી છોકરી પણ મરી ગઈ. ફક્ત પિતા બચી ગયા. આઠ દસ વર્ષની પોતાની બે દીકરીઓ આમ જોતજોતામાં ગુજરી ગઈ. એની વેદના એ પિતાને વેઠવી પડી. કેટલો મોટો આઘાત હશે તે માણસને ! પણ આ માણસોને દુ:ખ વ્યકત કરવા માટે સમય હોતો નથી. જે જીવી ગયા તેમને જીવાડવાનો પડકાર જ સતત તેમની સામે હોય છે. એક દુ:ખ અને બીજા દુ:ખ વચ્ચે પણ કેટલો ફેર હોય છે તે મને એ વખતે તીવ્રતાથી સમજાયું. પાનું – ૫૫.

(22) એકવાર પાંચ – છ જણ બાળક આડું આવ્યું હોય તેવી સ્ત્રીને ખાટલામાં નાખીને લાવ્યાં .... બાળક આડું હતું. એનો હાથ નીકળ્યો હતો. કુદરતી રીતે સુવાવડ શક્ય નથી, તે અમારા ધ્યાનમાં આવ્યું હતું. ચોમાસાના દિવસો હતા. રસ્તા બંધ થઈ ચુક્યા હતા. તે સમયે અમારી પાસે ગાડી પણ ન હતી. ઓપરેશન કરવું હોય તો ચંદ્રાપુર જવું પડે એમ હતું. પણ જવું શી રીતે? બાળક જયાં સુધી બહાર ન આવે ત્યાં સુધી માના જીવને પણ જોખમ હતું. સાથે આવેલાં સગાંવહાલાંને બધું સમજાયું. તેમણે કહ્યું અમે બીજે ક્યાં જઈએ? અમારી પાસે પૈસા નથી. ભાષા પણ આવડતી નથી. તમારા પર વિશ્વાસ રાખી અમે આવ્યા છીએ! તમે જ કાંઈ કરો! આ પરિસ્થિતિમાં બાળક અને માતા બંને બચે તે બિલકુલ અસંભવિત હતું. બાળકને જો બહાર કાઢવામાં આવે તો તેની મા બિલકુલ બચી શકે તેમ ન હતી. એ લોકોએ બાળકના જીવના ભોગે માને બચાવવામાં આવે તો ચાલશે તેવું કહ્યું ! અમારા માટે પણ જિંદગીમાં આ પ્રથમ પ્રસંગ હતો. દિલ પર પથ્થર મૂકીને ઓપરેશન શરૂ કર્યું. બાળકે ને કાપીને બહાર કાઢવું પડયું. આ બધું કરતાં ઘણું દુ:ખ થયું. પણ અમે કરેલા અપરેશનથી માનો જીવ બચ્યો. એ સ્ત્રી બે – ત્રણ દિવસ પછી ૧૫–૨૦ કિલોમિટર દૂર આવેલા તેના ગામમાં ચાલતી ગઈ. પાનું – ૫૬.

(23) કોલેરાના વાવર દરમિયાન બનેલો એક બનાવ અમારા મનના તળિયે એવો ખૂંપી ગયો છે કે તે હટતો જ નથી. એ સ્ત્રી નાના બાળકને લઈને આવી હતી. સારવાર અને ગ્લુકોઝના બાટલા ચઢાવવાથી એ બાળકની સ્થિતિ થોડી સુધરી. એટલે તરત જ તેણીએ એ બાળક અમને સોપ્યું. અને તે નીકળી જવા લાગી. અમારા એક સાથીએ તેણીને પૂછયું કે તું કેમ તારા બાળકને છોડીને જાય છે ? તારું બાળક પૂરેપૂરું સારું થઈ જાય પછી બાળકને લઈને જાને ! તેની સામે લાગણીવિહીન રીતે જોઈને કહ્યું 'ગઈ કાલે કોલેરામાં મારો વર મરી ગયો. તેનો ચેપ મારા બે બાળકોને લાગ્યો એટલે એમને લઈને અહીં આવવા નીકળી. એક બાળક તો રસ્તામાં જ ગુજરી ગયું. તેને એમનું એમ ઝાડ નીચે મુકીને આ જીવતા બાળકને અહીયાં લઈને આવી. હવે આને થોડું સારું છે ત્યાં સુધીમાં પેલાને દાટી આવું ! કોણ કોના માટે રડે ! અમે બધાં અવાક જ થઈ ગયાં.

•

પુસ્તકને પાનેપાન આવી દિલધડક વાસ્તવિક દાસ્તાંનોથી ભરચક છે. તમારે સારુ પુસ્તકમાંની આ કેટલી નોંધો તમારી સમક્ષ રજૂ કરું છું ! મારી વાતોમાં વિશ્વાસ પડયો હોય, તો પુસ્તક જ મંગાવી લેજો.

•

પ્રકાશની પગદંડીએ : લેખક - **પ્રકાશ આમટે** : અનુવાદક - **સંજય શ્રીપાદ ભાવે** :
પ્રકાશક - સ્વમાન પ્રકાશક. આલ્ફા ભવન, ૧૨, સુહાસનગર, સેલ્સ ઇન્ડિયા પાછળ, ઓફ આશ્રમ રોડ, દિનેશ હૉલ રોડના છેડે, સંકલ્પ રેસ્ટોરાંની સામેની ગલીમાં, અમદાવાદ – ૩૮૦ ૦૦૯..
ઈ–મેઈલ - mdave.swaman@gmail.com
or 1, Vanshree Society, Thaltej, Ahmedabad -380 054. :
કુલ પાનાં – ૧૭૪ : કિંમત રૂ. ૨૦૦.

e.mail : shroffbipin@gmail.com

નઝામ બદલે જાણગે

• દીપક બારડોલીકર

લાહોરને પંજાબીઓ લહોર કહે છે. આ શહેર પંજાબનું હ્રદય ગણાય છે. સુંદર શહેર ! દિલવાળાઓનું શહેર ! ઉદાર મહેમાનનવાઝ ઇન્સાનોનું શહેર ! અહીં શાહી કિલ્લો છે, શાહી મસ્જિદ છે, શીશમહલ છે, શાલીમાર બાગ અને દાતાનો દરબાર અને બીજું ઘણું છે. લખવા બેસું તો એનો એક અલાયદો લેખ થાય. … ગમે એમ પણ આ એક ભવ્ય શહેર છે. જોવા જેવું શહેર. અને એના વિશે કહેવાય છે કે 'જિસનું લહોર ના વેખ્યા વો જનમ્યાહી નૈ !'

ઉસ્તાદ દામન

આ શાનદાર શહેરમાં એક પંજાબી શાયર હતા. નામ હતું ઉસ્તાદ દામન. એ એક સારા દરજી હતા, આપણા સુરતના ગોપી પરાવાળા ગની દહીંવાળા જેવા. ગનીભાઈ સિદ્ધહસ્ત કવિ હતા. તેમની કેટલીક ગઝલો તો અભૂતપૂર્વ ગણાય છે. અનોખી શૈલી, અદ્‌ભુત ખયાલ ! ગનીભાઈ અને ઉસ્તાદ દામનમાં કેટલુંક મળતાપણું હતું. એ બન્ને ખુશમિજાજ, યારોના યાર અને દુનિયાથી બેપરવા હતા. ઉસ્તાદ દામનની લાહોરમાં ટેલરિંગ શોપ હતી, જે 1947માં ઉપખંડને આઝાદી મળી ત્યારે વિરોધીઓએ બાળી નાખી હતી. કહે છે કે આ આગમાં કપડાંભેગું, તેમનું ઘણું સાહિત્ય પણ બળી ગયું હતું. આ ઘટનાના તીવ્ર આઘાતે તેમને વિરક્ત કરી નાખ્યા હતા. અને ત્યાર પછી તેમણે કલંદરાના જિંદગી ગુજારી હતી. 1984માં તેમની વફાત થઈ હતી.

ગની દહીંવાળા

ઉસ્તાદ દામન કોઈ સામાન્ય, 'હેસો ભાઈ હેસો' કરનારા કવિ ન હતા. સમયની આરપાર જોઈ લેનારી દૃષ્ટિ ધરાવનારા કવિ હતા. આ હકીકતની શાખ પૂરે એવું તેમણે ઘણું લખ્યું છે. નમૂના રૂપે અહીં તેમની ચાર પંક્તિ ટાંકું છું :

દુનિયા હુણ પુરાણી એ, નઝામ બદલે જાણગે,
ઊઠ્ઠ દી સવારી દે, મકામ બદલે જાણગે.
અમીર તે ગરીબ દે, નામ બદલે જાણગે,
આકા બદલે જાણગે, ગુલામ બદલે જાણગે.

ઉસ્તાદ દામન કહે છે કે આ દુનિયા પુરાણી થઈ ગઈ છે. હવે એના શાસન, શાસકનો બદલાવ થશે, પુરાણું ઉખેડી નવું સ્થાપિત કરાશે. ઊંટોના કારવાનોના પડાવ, મંઝિલો, બદલાશે, અમીર અને ગરીબનું નવું અર્થઘટન થશે, માલિકો - શેઠો બદલાશે અને ગુલામોની ખેપ પણ બદલાઈ જશે. આજના માલિકો આવતી કાલના ગુલામો હશે !

ઉસ્તાદે આ પંક્તિઓ કેવી સ્થિતિમાં કહી હશે ? ખુદા જાણે. પણ તેમનું એ દર્શન કેટલું સાચું, સુરેખ છે એ તો જુઓ ! દુનિયા બદલાઈ ગઈ છે. બીજા વિશ્વયુદ્ધ પછીના વિજ્ઞાનજુવાળે દુનિયાની કાયાપલટ કરી નાખી છે. જાણે દુનિયાએ કાયાકલ્પ ન કર્યો હોય !

આ એક અજબ ક્રાંતિ હતી, જે ઉસ્તાદ દામને લાહોર શહેરના કોઈક ખૂણે બેસીને જોઈ હશે. તેમણે કદાચ વૈજ્ઞાનિક સંશોધનો અને તેનાં આશ્ચર્યકારક પરિણામોની ભરમાર નહીં દેખી હોય, પરંતુ શાહોના તાજ ને તખત તથા સરમુખત્યારોના પોલાદી પગ ઉખડતા - ફેંકાતા તો જરૂર જોયાં હશે ! અને સામાન્ય પ્રજાને અધિકારની શમશીરો ઉપાડીને છડેચોક ફરતીયે જોઈ હશે !

આવું અદ્‌ભુત દર્શન મિર્ઝા ગાલિબ, ઈકબાદ અને ફયઝ અહમદ ફયઝ અને અન્ય અનેક કવિઓને ત્યાં જોવા મળે છે. અહીં આપણે એ માંહેનું કેટલુંક ચૂંટેલું જોઈશું. મિર્ઝા ગાલિબ એક અનોખા શાયર હતા. પીડાઓને ય રમાડનારા ને ગમના ગુલારા ઉડખનારા કવિ. તેમને કોઈ સાહિત્યરસિક ભૂલાવી શકે નહીં. યાદ કરવા જ પડે. તેમના પોતાના શબ્દોમાં કહીએ તો :

હૂઈ મુદ્દત કે 'ગાલિબ' મર ગયા પર યાદ આતા હય
વહ હર ઈક બાત પર કેહના કે યું હોતા તો ક્યા હોતા !

તેમણે દુનિયાને બાળકોના ખેલ સ્વરૂપે રજૂ કરતાં એક શેરમાં કહ્યું છે :

બાઝીચએ ઈત્ફાલ હય દુનિયા મેરે આગે
હોતા હય શબોરોઝ તમાશા મેરે આગે.

અર્થાત્ : મારી સમક્ષ આ દુનિયા નાનાં બાળકોના ખેલ સમાન છે. એવા ખેલ જે છાશવારે બદલાય છે. – જાણે એક તમાશો ! જે રાત -દિવસ મારી સમક્ષ ભજવાઈ રહ્યો છે. આજે શું ! આવતી કાલે શું નું શું ! દરરોજ એક નવો તમાશો ! – પરિવર્તન, પરિવર્તન, પરિવર્તન !

વળી, આ પરિવર્તનની ગતિ તો જુઓ : **મેરી રફ્તાર સે ભાગે હય બયાબાં મુઝ સે !**

આ ગતિનું શું કહેવું ? ફાળ ભરતા એ પ્રવાસીને જોઈને બયાબાં, રણ, વગડો પણ ભાગવા માંડે છે. દીવાના પ્રવાસીની ઝપટમાં આવવાથી બચવા માટે ભાગે છે. પરંતુ એ પ્રવાસી – દિન-બ-દિન બદલાતી આ દુનિયા, ભાગતા રણની ક્યાં પરવા કરે છે ? તેની દૃષ્ટિમાં એ રણની હેસિયત શી છે ? જુઓ ગાલિબ શું કહે છે – એ સંદર્ભે :

જોશે જુનૂં સે કુછ નઝર આતા નહીં 'અસદ'
સહરા હમારી આંખમેં ઈક મુશ્તે-ખાક હય !

યાને દીવાનગીના જોશમાં, સંઘર્ષના જુસ્સામાં 'અસદ' (ગાલિબનું શરૂનું તખલ્લુસ અસદ હતું.) અમને તો કંઈ દેખાતું નથી, શું સહરા ને શું વગડો ! સૌ અમારી દૃષ્ટિએ એક મુઠ્ઠી ધૂળથી વિશેષ નથી !

અમારી સંઘર્ષશક્તિ, મનુષ્યનાં સાહસો - પરાક્રમો સામે દુનિયાએ ગોઠણ ટેકવી દેવાં પડશે. અને મનુષ્ય ઇચ્છે એવું સ્વરૂપ એણે ધરવું પડશે. દુનિયા અમારા માટે છે, અમે દુનિયા માટે નથી ! મહાકવિ 'ઈકબાલ'ના શબ્દોમાં કહીએ તો :

ઉસ્તાદ દામન (ડાબે) ને ફૈયઝ અહમદ ફૈયઝ (જમણે)

ન તૂ ઝમીં કે લિયે હય ન આસમાં કે લિયે
જહાં હય તેરે લિયે, તૂ નહીં જહાં કે લિયે.

'ઈકબાલ' ઉર્દૂ અને ફારસી ભાષાના શાયર હતા. તેમની શાયરી પ્રણાલિકાગત શાયરીથી અલગ પડે છે. ગાલિબની જેમ તેમણે પણ ચીલો ચાતર્યો હતો અને હિન્દુસ્તાનની ગુલામ પ્રજામાં પ્રાણ ફૂકવા માટે, આઝાદીનું સાનભાન જગાવી ગુલામીની ઝંજીરો કાપવાનો જુસ્સો જગાવવા ખાતર કલમ ચલાવી હતી. તેમની તો સમગ્ર કવિતા વીરરસથી ભરપૂર છે. અધ્યાત્મ પણ તેમનો પ્રિય વિષય હતો.

આ કવિનું જન્મસ્થળ સિયાલકોટ (પંજાબ), લાહોરમાં વર્ષો સુધી રહ્યા. તેમનો મકબરો પણ લાહોરમાં છે. એમના પૂર્વજો મૂળ કાશ્મીરી બ્રાહ્મણ હતા. ઉસ્તાદ દામનથી બહુ પહેલાં તેમણે વિશ્વપરિવર્તન વિશે ઘણું કહ્યું હતું. તેમનો એક શેર છે :

આંખ જો કુછ દેખતી હય લબ પે આ સકતા નહીં
મરવે હયરત હું કે દુનિયા ક્યા સે ક્યા હો જાયેગી !

એટલે કે મારી આંખો પ્રજ્ઞા દૃષ્ટિ જે અદ્દભુત દૃષ્યો દેખી રહી છે, મારું દર્શન મારા ઓષ્ટ પર આવી શકતું નથી. આશ્ચર્યમાં એવો ગરકાવ છું, ભાવિ પરિવર્તનોનાં અદ્દભુત દૃષ્યોએ, મારા દર્શને મને એવો ચકિત કીધો છે કે ઓષ્ઠ ખૂલી શકતા નથી ! શું કહું કે દુનિયા આવતી કાલે ક્યાંની ક્યાં પહોંચી જશે !

'ઈકબાલ' એક અણુમાં સમગ્ર રણને, સહરાને જુએ છે. **યહ ઝર્રા નહીં, શાયદ સિમટા હુઆ સહરા હય !** – તો વળી, તે આ જિંદગીમાં, હયાતીમાં ઉદ્યાનનું સ્વરૂપ બદલી નાખવાની અસામાન્ય શક્તિ જુએ છે. તે કહે છે :

ચાહે તો બદલ ડાલે હયઅત ચમનસ્તાં કી
યે હસ્તી દાના હય બીના હય, તવાના હય.

અર્થાત્ – આ જિંદગી અગર ઇચ્છે તો ઉદ્યાનનું - વિશ્વનું સ્વરૂપ બદલાવી શકે એમ છે. એ બુદ્ધિમાન છે, દૃષ્ટિવાન છે, સ્વાસ્થ્યવાન છે, શક્તિવાન છે.

મતલબ કે મનુષ્યએ તેની શક્તિને પરખવી જોઈએ, તેના પર ભરોસો કરવો જોઈએ અને કમ્મર કસીને આગેકૂચ કરવી જોઈએ. જાણવું જોઈએ કે જ્યાં ગતિ ત્યાં પ્રગતિ, જ્યાં હિમ્મત ત્યાં સરજત ! સંઘર્ષ વિશે ને હામ - હિમ્મત બાબત ફયઝ અહમદ ફયઝ શું કહે છે ?

અર્સએ દહર કે હંગામે તહે ખ્વાબ સહી
ગર્મ રખ આતિશે પયકાર સે સીના અપના.

એટલે કે વિશ્વ-આંગણની ધમાલો અત્યારે ભલે નીંદરમાં, ખ્વાબમાં પડી હોય, પરંતુ તું તારા સીનાને, તારી છાતીને સંઘર્ષના અગ્નિથી ગરમ રાખ. યાને તું સંઘર્ષ નિરંતર ચાલુ રાખ – સુષુપ્ત પડેલી વિશ્વની ધમાલો જાગૃત થઈ જશે અને પરિણામે વિશ્વની શિકલ બદલાઈ જશે, – આવા અવિરત, અણથક સંઘર્ષ કરનારા જવાનોના મોઢામાં ફયઝ સાહેબ આવા શબ્દો મૂકે છે :

ચંદ રોઝ ઔર મેરી જાન ! ફક્ત ચંદ હી રોઝ !

ઝુલ્મ કી છાંવ મેં દમ લેને પે મજબૂર હંય હમ
ઔર કુછ દેર સિતમ સેહ લેં તડપ લેં, રો લેં
અપને અજદાદ કી મિરાસ હય મઅઝૂર હય હમ

ચંદ રોઝ ઓર મેરી જાન ! ફક્ત ચંદ હી રોઝ !

જુલમની આ છાંઈ, આપણી લાચાર સ્થિતિ, વારસાગત મળેલી આ દુર્દશા ફક્ત ચંદ રોજ માટે છે. અને ત્યાર પછી ઉજ્જ્વળ પ્રભાત હશે. કવિ વિશ્વાસપૂર્વક કહે છે :

જો ઈસ સાઅત મેં પિન્હાં હય ઉજાલા હમ ભી દેખેં ગે
જો ફરકે સુબ્હ પર ચમકે ગા તારા હમ ભી દેખેં ગે

ફયઝ સાહેબ કહે છે કે સમયની ભીતર જે અજવાશ ગોપિત છે અને પ્રભાતના લલાટે જે સિતારો ચમકશે તે અમે પણ જોશું ! પરિવર્તનો, ક્રાંતિ વિશ્વની બદલતી શિકલ એ સૌ અમે જોશું. શાહોના તખત ઉથલી ગયા હશે અને તેમના તાજ સામાન્ય પ્રજાના ચરણોમાં હશે ! – અમે જોશું અને કદાચ એ જોવાનું અમારા ભાગ્યમાં ન હોય તો ? જુઓ એના ઉત્તરમાં ફયઝ સાહેબ શું કહે છે :

બલા સે હમને ન દેખા તો ઔર દેખેં ગે
ફરોગે ગુલ્શનો સવતે હઝાર કા મોસમ !

યાને આ ગુલ્શન અને આનંદોલ્લાસના પોકારોની રોનક અગર અમે ન જોઈ શકીએ તો ભલે – અન્ય લોકો, ભાવિ પેઢીના લોકો જોશે. કષ્ટની અમને પરવા નથી. અમારી ફરજ સંઘર્ષની છે. સંઘર્ષ કરીશું અંતિમ શ્વાસ સુધી. **સહર કરીબ હય, દિલ સે કહો ન ઘબરાતેં !**

•

[નોંધ : આ લેખમાંની ઉસ્તાદ દામન વિશેની કેટલીક વિગત 'લોકનાદ' – અમદાવાદના 2013ના કેલેન્ડર 'સાંઝી વિરાસત'ના આધારે લેવામાં આવી છે. શુક્રિયા.]

[136, Stamford Street,
Old Trafford,
MANCHESTER
M16 9LR, U.K.]

दुनिया हुण पुराणी ऐ, नज़ाम बदले जाणगे,
ऊठ दी सवारी दे, मकाम बदले जाणगे।
अमीर ते ग़रीब दे, नाम बदले जाणगे,
आका बदले जाणगे,
गुलाम बदले जाणगे॥

– उस्ताद दामन

This old world's rulers will be changed,
The caravan's destinations will be changed,
The meanings of rich and poor will be changed,
The masters will be changed, the slaves will be changed.

सौंझी विरासत, साची विरासत • *Shared Heritage, True Heritage*

ઉત્સાહ અને ક્રાંતિનું એક ઉમદા પ્રતીક

• વિપુલ કલ્યાણી

'હિંદી યુવાનોમાં હિંદી સંસ્કાર, સ્વદેશ પ્રેમ, અને રાષ્ટ્રીય ભાવનાની ઊર્મિઓ જગાડી વ્યાયામ, લેખનકલા, ચિત્રકલા અને વાણી વિકાસ સાધી સમસ્ત હિંદી કોમની સેવા કરવી.'

આવા ઉદ્દાત ઉદ્દેશ સાથે, 25 નવેમ્બર 1943ના રોજ, પૂર્વ આફ્રિકાના યુગાન્ડા દેશના પાટનગર કમ્પાલા ખાતે, 'શ્રી યુવક સંઘ - કમ્પાલા'ની સ્થાપના કરવામાં આવી. અને તેના દૂરંદેશ અગ્રગામી સ્થાપક હતા તુલસીદાસ રૂગનાથ માણેક. આ ટાંકણે બહાર પડેલી પત્રિકામાં તેના આ આગેવાન વાંચકને અનુલક્ષી કહે છે : 'આ પત્રિકા વાંચી, ગડી કરી ખીસામાં કે ફાડી ફેંકી દેશો નહીં. પરંતુ તેનું મનન કરી યુવકના કાર્યમાં યથા-શક્તિ સહકાર આપશો એવી આશા.'

આ ઘટનાને આ સાલ 70 વર્ષનું છેટું થયું છે. ત્યારે આ યુવાનનું વય હતું : ફક્ત 21 વર્ષ.

તુલસીદાસ રૂગનાથ માણેક
22 ઑગસ્ટ 1922 — 27 જાન્યુઆરી 1947

તત્કાલીન યુવક સંઘ માંહેના એક સાથીદાર તેમ જ મંત્રી તરીકે તુલસીદાસભાઈના અનુગામી બનેલા જયંતભાઈ કારિયાની નોંધ અનુસાર, પ્રથમ પહેલા મંત્રીની જવાબદારી સ્વીકાર કરતા, તુલસીદાસ માણેકે કહેલું, ' … આ સંસ્થા ઊભી કરવા પાછળ આપણું ધ્યેય અમુક યુવકોને ભેગા કરી ચર્ચા કે ઠરાવો કરી કાગળિયા અભેરાઈ ઉપર ચડાવવા તે નહીં; પરંતુ સંસ્થાનું મુખ્ય ધ્યેય રચનાત્મક કાર્યક્રમો યોજી હિન્દી યુવાનોમાં હિન્દી સંસ્કારો, સ્વદેશપ્રેમ અને રાષ્ટ્રીય ભાવનાની ઊર્મિઓ જગાડી વ્યાયામ, લેખનકળા, ચિત્રકલા અને વાણીવિકાસ સાધવાનો તેમ જ તેમના અભ્યુદય માટે યથા શક્ય પ્રયત્ન કરવાનો છે.'

આ ઉદ્દેશોને લક્ષમાં રાખી, આ યુવાન પોતાની જવાબદારી સમજીને ઉદ્દેશને એક પછી એક પાર પાડવા સંસ્થાના કાર્યમાં તલ્લીન બની ગયા હતા, તેમ જયંત કારિયા લખે છે.

તુલસીદાસભાઈને યુવક સંઘમાં મદનગોપાળ ચત્રથ પ્રમુખ બની સાથ આપે છે તો, હરિલાલ સામાણી ઉપ પ્રમુખપદે રહ્યા. સહમંત્રી તરીકે નવનીત શાહનો સહકાર હતો અને કોષાધ્યક્ષ તરીકે અમૃતલાલ દેવચંદનો સાથ હતો. વળી, સમિતિ પર ડાહ્યાભાઈ આ. પટેલ, સૂર્યકાન્ત સી. દેસાઈ, અંબાલાલ ભાવસર તથા મનસુખ ત્રિવેદી સભ્યો તરીકે હતા. મૂળ કાર્યવાહક સમિતિ ઉપરાંત, વ્યાયામ-શાળા સમિતિ ને ઉત્સવ સમિતિ પણ સક્રિય બનેલી.

'અ ગિફ્ટેડ યન્ગ મૅન - માય બ્રધર તુલસીદાસ' નામની પ્રભુદાસભાઈ માણેકની નોંધ અનુસાર, 1938ના અરસામાં, તુલસીદાસભાઈ હિંદથી ભણી ગણી યુગાન્ડા પરત થાય છે. વધુ અભ્યાસ સારુ કમ્પાલાની માધ્યમિક શાળામાં દાખલ થાય છે. ત્યાં એમના કેટલાક સાથીસહોદરો - વનુભાઈ વી. રાડિયા, અમૃતલાલ જી. મહેતા (જે પાછળથી કમ્પાલાના નગરપતિ બનેલા), અમૃતલાલ રણછોડ સેજપાળ, પુરુષોત્તમ નાથાલાલ મોરઝરિયા, હરિદાસ કાનજી મેઘજી રાડિયા, વલ્લભદાસ દેવીદાસ આશર, જનાર્દન એસ. પટેલ, સૂર્યકાન્ત જશભાઈ પટેલ અને ઈન્દુભાઈ જોશી સાથે મળીને એમણે 'કિશોર મંડળ'ની પહેલવહેલી રચના કરેલી. યુગાન્ડાની ધારાસભામાં પાછળથી સભાસદ બનેલા એમ. એમ. પટેલ આ જૂથના અધ્યક્ષપદે હતા.

'કિશોર મંડળ' હેઠળ એ સૌએ સાહિત્યિક પ્રવૃત્તિ ચલાવેલી. તેમાં "કિરણ" નામે હસ્તલિખિત ત્રૈમાસિકનો ય સમાવેશ અગત્યનો હતો. આ સામયિકને સફળતા મળતાં, તેને મુદ્રિત કરવાનું નક્કી થયેલું. કેટલાક સાથીમિત્રો ભણતર પૂરું થતાં નિશાળ છોડીને ગયા તેથી આ મુદ્રિત પત્રિકાની યોજનાને પડતી મૂકવી પડેલી. પરિણામે, 'કિશોર મંડળ'ને વીંટી લેવું પડેલું.

સ્થાનિક બેન્કમાં નોકરીએ લાગ્યા કેડે, કમ્પાલા લોહાણા સમાજના પુસ્તકાલયની પ્રવૃત્તિમાં તુલસીદાસભાઈ પ્રવૃત્ત બની રહ્યા. દરમિયાન, 1942ના અરસામાં નવનીતભાઈ શાંતિલાલ શાહ હિંદથી યુગાન્ડા આવી વસ્યા. બંને વચ્ચે મૈત્રી કેળવાઈ. નવનીતભાઈ વ્યાયામ તેમ જ સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં પાવરધા હતા. બંને વચ્ચે લંબાણથી ચર્ચાવિચારણા થતી રહી, અને આ બન્ને નરબંકા યુવકોએ 'યુવક સંઘ'ની રચના કરવાનો નિર્ણય કર્યો. તુલસીદાસભાઈને માથે સંસ્થાના મંત્રીપદની જવાબદારી આવી રહી અને એમણે મનસા, વાચા, કર્મણા તેને સુપેરે નિભાવી જાણી.

અહીં પણ સાહિત્યિક પ્રવૃત્તિઓને પ્રધાન સ્થાન મળવા લાગ્યું. ફરી એક વાર હસ્તલિખિત ત્રૈમાસિક કાઢવાનો મનસૂબો રાખ્યો. નામ રખાયું : "હાકલ". કવિ ડાહ્યાભાઈ પટેલ, ઉમાકાન્ત ટી. પટેલ, અંબાલાલ વી. ભાવસાર અને બીજા તેમાં તુલસીદાસ માણેક જોડાજોડ અગ્રેસર રહ્યા. તુલસીદાસભાઈને સુશોભનકળા હસ્તગત હતી, પરંતુ સામિયકને રૂપકડું બનાવવાની જવાબદારીઓ પોપટલાલ વાલજી ગજ્જર, અરવિંદ દામોદર ઓઝા તથા પ્રભુદાસ માણેકને ફાળે હતી.

એક તરફ તુલસીદાસભાઈના વડપણ હેઠળ સાહિત્યિક પ્રવૃત્તિઓ ધમધમતી થઈ, તો બીજી પાસ, નવનીતભાઈ શાહની આગેવાની હેઠળ અખાડા - વ્યાયામ - પ્રવૃત્તિએ જોર પકડ્યું. એન્ટેબી રોડ પર આવેલા સનાતન મંદિરના પ્રાંગણમાં એ ફૂલી ફાલતી રહી. તો ત્રીજી તરફ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મજબૂત બનવા લાગી. તેમાં ચર્ચાસભા, સંગીત અને નાટકને કેન્દ્રગામી સ્થાન મળવા લાગ્યું. જયંતભાઈ કારિયા, મનસુખભાઈ ત્રિવેદી તેમ જ કેટલેક અંશે અમૃત ગજ્જર તેમ જ જયન્ત ભાવસાર તેમાં પૂરેવચ્ચ રહ્યા.

આ લવરમૂછિયાને કુટુંબીઓમાં અને મિત્રવર્તુળમાં, સૌ કોઈ બચુભાઈના હૂલામણા નામે જાણે. આશરે 16 માઈલના અંતરે, કમ્પાલા પાસેના એક નાના ગામડે - મુકોનોમાં - તુલસીદાસભાઈનો જન્મ 22 ઑગસ્ટ 1922ના રોજ થયો હતો. એમના માતા દિવાળીબહેન અને પિતા રૂગનાથ જેરાજ માણેક. ગુજરાતના હાલ જામનગર જિલ્લામાં આવ્યા જામજોધપુરના એ મૂળ વતની. આ દંપતીનું એ સૌથી વડેરું સંતાન. એમના ઉપરાંત દંપતીને પ્રભુલાલભાઈ (બાબુભાઈ), શાન્તાબહેન, પ્રાણલાલભાઈ (છોટુભાઈ), શારદાબહેન, રમેશભાઈ, દિનેશભાઈ તથા ઈન્દુબહેન નામે સંતાનો હતાં. … ખેર !

પ્રભુદાસ માણેકના જણાવ્યા અનુસાર, ગણતરીના ગાળામાં 'યુવક સંઘ' યુગાન્ડાની અને તેમાં ય ખાસ કરીને કમ્પાલાની એક ગૌરવવંતી અગ્રગણ્ય સંસ્થા બની ગઈ. પુસ્તકાલય સહિતની આ તમામ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને સારુ એક કાયમી મથક હોય, તેમ તુલસીદાસભાઈને સબળ ઓરતા. અને તેને ચરિતાર્થ કરવાને સારુ એમને ન જોયા દિવસ, ન જ જોઈ રાત. સંસ્થાના કલ્યાણ સારુ એમણે લાંબા કલાકો આપવાના રાખ્યા. … અને તેને કારણે શરીર પર તેના શેરડા દેખાવા લાગ્યા. હવે શરીર ઝાઝું ખમી શકે તેમ હતું નહીં અને સારવાર અર્થે એમને

એક તાન્કા ! ૦ **ચીમન પટેલ 'ચમન'**

મળશો નહિ
મને હવે કદીયે,
લખ્યું'તું તમે !
વાતો કરો કાં, ફોટા
સાથે મારા, તો પછી?!

(02 ફેબ્રુ '13)

(યુવાનીમાં આંખ મિલાય અને પ્રેમ થઈ જાય.
પિતાની આપઘાત કરવાની વાતથી પ્રેમીકા ડરી જાય.
પ્રેમ અગ્નિને પત્રરૂપી પાણીથી પ્રેમીકા બૂઝાવે ..
પચ્ચાસ વર્ષ પહેલાંની અનુભૂતિને શબ્દદેહ આજે અપાય .)

e.mail : chiman_patel@hotmail.com

હિંદુસ્તાન મોકલવાનું પરિવારે નક્કી કર્યું. પરિણામે, એમણે પોતાની જવાબદારીઓનો હવાલો જયંતભાઈ કારિયાને સુપ્રત કર્યો.

પિતા, રૂગનાથભાઈ માણેકે, અભૂતપૂર્વ કહી શકાય તેમ, જ્યેષ્ઠ પુત્રની માંદગી તેમ જ તે પછીની પીડાકારી પરિસ્થિતિ અંગે વિગતે બયાન કર્યું છે. રૂગનાથભાઈએ તુલસીદાસભાઈની બાળ વયે થયેલા ન્યૂમોનિયા(કફજ્વર)ના દરદની વિષદ વિગતો ય આપી છે. પિતા લખે છે : ‘બાલ્યાવસ્થામાં, પોણા બે વર્ષની ઉંમરમાં, નિમોનિયાની બીમારીમાં પટકાઈ પડેલ ત્યારે કુદરતે યારી આપી તેની જીવનયાત્રા લંબાવી માતાપિતાની મીઠી છાયા તળે લાડકોડમાં ઉછરેલ તુલસીદાસે બાલપણમાં પાંચ વરસ પસાર કરી શિક્ષણ લેવાની શરૂઆત કરી.’ રૂગનાથભાઈનો ગુજરાતી ભાષા પરનો કાબૂ પોરસાવે છે. આ સમગ્ર લખાણ અંગત, પારિવારિક હોવા છતાં તર્કની એરણે પાર પડે તેવું છે. એમણે સતત સમથળ રહેવાનું ઉચિત માન્યું હોય, તેવી છાપ આ લખાણમાં સતત ઝવતી જોવા સાંપડે છે.

1928ની શરૂઆતમાં, કમ્પાલા ઇન્ડિયન એસોસિયેશનના આશરા હેઠળ ચાલતી ‘ઇન્ડિયન પબ્લિક સ્કૂલ’માં કિશોર તુલસીદાસને દાખલ કરવામાં આવેલા. બરાબર કાળજીપૂર્વક અભ્યાસ કરી લીધા બાદ, 1930માં નાઇરોબીમાં સ્થપાયેલા ‘શ્રદ્ધાનંદ બ્રહ્મચર્ય આશ્રમ’માં નજીવો સમય પસાર કરી, ગુજરાતના ભાવનગર પાસે આવેલા સોનગઢના આર્ય ગુરુકૂળમાં એમણે અભ્યાસ આદર્યો. થોડો વખત જામજોધપુરમાં ય શિક્ષણ લીધું અને 1938 વેળા એ કમ્પાલા પાછા ફરેલા.

આપણે આગળ જોયું તેમ, જયંતભાઈ કારિયાને હવાલો સુપ્રત કરીને તુલસીદાસ માણેકને, સન 1945ના અરસામાં, સારવાર સારુ મોકલવાનું નક્કી થયું, ત્યારે ‘યુવક સંઘ’ હેઠળ, કમ્પાલા ખાતે, એક જાહેર દબદબાભર્યો વિદાય સમારોહ યોજવામાં આવેલો. વેપારવણજના આગેવાનો, સામાજિક, ધાર્મિક સંસ્થાઓના અગ્રેસરો, સુધરાઈ સભ્યો, સરકારી આગેવાનો સહિતના તે મેળાવડામાં વક્તાઓએ ઉમળકાભેર તુલસીદાસભાઈના કર્તૃત્વને બીરદાવી જાણેલી. એમની અદ્વિતીય સેવાની નોંધ લઈને એક માનપત્ર પણ એનાયત કરવામાં આવ્યું હતું. આવડી નાની વયે આવું માનપત્ર મેળવનાર એ પહેલવહેલા જ યુવાન હતા, તેમ જાણકારોનું કહેવું છે.

ભાવિની ગર્તામાં શું પડ્યું છે તે ક્યાં કોઈને ખબર હતી ? … પોતાની માંદગીની સારવાર સારુ તુલસીદાસભાઈને મુંબઈ - પૂણેની દક્ષિણે આવેલા મિરજ ખાતે સારવાર સારુ લઈ જવાનું ગોઠવાયું. અને પછી બાપીકા વતન જામજોધપુર, જ્યાં, એમણે 27 જાન્યુઆરી 1947ના રોજ દેહ છોડ્યો. ત્યારે એમનું વય માત્ર 24 વર્ષનું જ હતું.

તુલસીદાસભાઈના અકાળે નિધનને લીધે, કમ્પાલાના જાહેરજીવનમાં અને ખાસ કરીને ‘યુવક સંઘ’માં જાણે કે સોપો પડી ગયો. યુગાન્ડાના લોહાણા મહાજને તેમ જ યુવક સંઘે તાત્કાલીક શોકસભાઓ યોજી આ દિવંગત યુવા આગેવાનને શ્રદ્ધાંજલિ અર્પી. એમની સ્મૃતિમાં સંઘે થોડા દિવસ પોતાની સઘળી પ્રવૃત્તિઓ સ્થગિત કરીને ય નિવાપાંજલિ આપી. યુવક સંઘનું જ્યારે ઉચિત ભવન બાંધવામાં આવે તે વેળા તેના સભાખંડને ‘તુલસીદાસ માણેક સ્મૃતિ ખંડ’ નામ આપવાનો પણ જાહેરમાં ઠરાવ કરવામાં આવેલો. જો કે, વિપરિત પરિસ્થિતિઓને કારણે આ યોજના અમલી બની શકી નહોતી. પોતાની અથાગ સેવાઓને કારણે, સમાજમાં અને સરકારમાં જે માનમરતબો મેળવાયો હતો, તેને કારણે ઑલ્ડ કમ્પાલાના એક જાહેર રસ્તા પરે સંઘ સારુ ઉચિત મકાન બંધાવી શકાય તેને સારુ જમીનનો એક ટૂકડો સરકાર પાસેથી મેળવવાને તુલસીદાસ માણેક સફળ રહ્યા હતા. ત્યાં એક વિશાળ સભાગૃહ બંધાવવાના એમને ઓરતા હતા.

વારુ, … જાહેર આગેવાનો, સરકારી અધિકારીઓ અને પોતાના નજીકના અનેક સાથીસહોદરોએ દવંગત તુલસીદાસભાઈને દિલ ભરીને અંજલિઓ આપેલી. તેમાં જયંતભાઈ કારિયા, કવિ ડાહ્યાભાઈ આ. પટેલ, ઘનશ્યામભાઈ આર. પટેલનો સમાવેશ હતો. એ દરેકે આ ખોટને જીરવવી અઘરી બનવાની છે, તેમ કહ્યું હતું.

પોતાના દિલોજાન મિત્ર તુલસીદાસને સ્મરણાંજલિ આપતું એક સૉનેટ કાવ્ય, શિખરિણી છંદમાં, કવિ ડાહ્યાભાઈ પટેલે લખેલું. તે પ્રસ્તુત છે :

અમારા મિત્રોના ઉપવન મહીં સૌરભ ભર્યું,
હતું તું તો પ્યારું રસભર મૃદુ પુષ્પ હસતું;
અમોને પ્રેરતું રજનીદિન કર્તવ્ય કરવા,
સુકાતી ઊર્મિને સિંચન કરતું પ્રેમ ઝરણું.
સખા ! શક્તિથી તું સભર વળી શી બુદ્ધિધીમતા,
હતી તારી પાસે જીવન પથ સાચો સૂચવવા;
કરી સેવા તેં તો તન મન અને સ્નેહધનથી
અહા યોગીઓને પણ અગમ, નિસ્વાર્થ હૃદયે.

અરેરે શેં પ્યાસ ! પ્રણયભર મૈત્રિ સકલ આ,
અમારાં હૈયાંની વિસરી દૂર ચાલ્યો, ક્રૂર બની.
વહી ચાલ્યો કિન્તુ દરદ દિલમાં હા વિરહનું
અને મીઠી મોંઘી સ્મરણ સુરભિ તું દઈ ગયો.
ભલે પ્યારા ચાલ્યો જગત કદિયે છો વિસરતું
અમારાં હૈયાંમાં પણ અમર થૈ તું રમી રહ્યો.

e.mail : vipoolkalyani.opinion@btinternet.com



આનંદાબ્ધિ • મોહન કાછિયા

વર્ષો વીત્યાં વહી જશે રહ્યાં જે ગણ્યાંગાંઠ્યાં;
જિંદાદિલીનાં ઉભય જીવને ગંગા ડૂબે સાગરે.
રહી જશે અવશેષો મૈત્રીના મધુર કડવાં;
અજાણ્યાં અટપટાં જે ભોગવ્યા સાનિધ્યે.

અભાવે ભાવે વા અનુભવી માત્ર પ્રેમમુદિતા;
પ્રસંગે હું – તુંનો અડિખમ પહાડ નાવ્યો વચ્ચે.
તમે વ્હારે ધાયા; અર્જુન સખા રક્ષે યુદ્ધ મધ્યે
શરણાર્થી; રક્ષ્યો, ધન્ય હું બન્યો ધરી મૂઠી ચોખા.

અસારે સંસારે છે નિશ્ચિત નિયતિ નિરમ્યા;
સંયોગો વિયોગો સ્નેહીજનોનાં જે ના ટળી શકે.
મળી કદી સિંધૂમાં પડે વિખૂટાં બે મહાકાષ્ટે;
ફરી ફરી જે ના મળે, જીવનની પણ આ ગતિ !

છલકતા યૌવન શા પ્રસંગો ભૂતના વહેંચી –
વાગોળી; દૂર રહ્યા કાં ન ડૂબીએ આનંદાબ્ધિમાં !

(લંડન, નાતાલ 25 ડિસેમ્બર 2012)

[37 Berkley Road, Kingsbury,
LONDON NW9 9DH]

હાઉ ઈઝ લાઈફ ?

• ચિરાગ ઠક્કર

વિરાજ એ વિશાળ ગારમૅન્ટ સ્ટોરની ઇંન્ડિયન કોમ્યુનિટીનો BBC રેડિયો હતો. મુખ્ય દરવાજા પાસે જ એનું કામ હતું એટલે આવતાં-જતાં બધાની ખબર પૂછતો રહેતો અને ખાસ તો બધાને ખબર આપતો રહેતો. બુધવારનો દિવસ ઓછામાં ઓછો વ્યસ્ત રહેતો હોવાથી તેને બધા જોડે વાતો કરવાનો અચ્છો સમય મળી રહેતો.

બપોરે સાડા બારે ક્લોક ઈન કરીને તે શોપ ફ્લોર પર આવ્યો. પોતાનો નેઈમ-બેજ સરખો જ કરતો હતો અને તેણે સ્વામીજીને જોયા. નકુલ પટેલ શાંત પ્રકૃતિનો માણસ અને સ્વામિનારાયણનો સગવડિયો અનુયાયી, એટલે સ્ટોરમાં તેને બધાં સ્વામીજી કહેતાં. 'જય સ્વામિનારાયણ, સ્વામીજી. હાઉ ઈઝ લાઇફ?' વિરાજે તેમને પૂછ્યું.

'બસ હાલે છે.' સ્વામીજીએ મિરાજ તમાકુને નીચલા હોઠ વચ્ચે દબાવતાં કહ્યું, 'તમે ક્યો ..'

'આપણું તો તમને ખબર જ છે. જિંદગી ઝંડવા, ફિરભી ઘમંડવા.' વિરાજે જવાબ આપ્યો. જિંદગી પ્રત્યે તેને હંમેશાં ફરિયાદ રહેતી. 'M.Sc. Biotech કરીને હેંગર પર કપડાં લટકાવીએ છીએ.'

'ઈ તો એમ જ હોય, માલિક. બેંકમાં પાઉન્ડ પડવા જોઈએ.' સ્વામીજીએ તમાકુનો રસ લેતાં-લેતાં પ્રેક્ટિકલ વાત કરી, 'હારી નોકરી ના મળે ત્યાં હુધી આંયા કુટાવું જ પડે ને?'

એક વાગે મિતુલની શિફ્ટ શરૂ થતી. જેવો તે શોપ ફ્લોર પર આવ્યો કે વિરાજે તેને ઝડપી લીધો. વિરાજ પૂણેમાં ફિઝિયોથેરાપિસ્ટ હતો. અહીં આવીને તે એ ક્ષેત્રમાં આગળ પણ ભણ્યો, પણ એ જ ક્ષેત્રની નોકરી મેળવવામાં પાસપોર્ટનો રંગ આડો આવતો હતો એટલે એ પણ ન છૂટકે આ કપડાંની દુકાનમાં લાગી ગયો હતો. બધા તેને 'ડૉક્ટર સાહેબ' કહીને જ કટાક્ષ કરતા. 'શું ડૉક્ટર સાહેબ! આવી ગયા કપડાંને કસરત કરાવવા?' વિરાજે આદત મુજબ વ્યંગબાણ છોડ્યું.

'આવવું જ પડેને, ડિયર?' મિતુલે નાક પર નીચે સરકી આવેલાં ચશ્માંને દર્શિકાથી ઉપર ચડાવ્યા, 'તમારું હજું પણ જિંદગી ઝંડવા, ફિરભી ઘમંડવા?'

'એક્ઝેટલી. હવે તું બી શીખી ગયોને? તું જ કોઈ ઉપાય બતાવને યાર. આખો દિવસ નીચે પડેલાં કપડાં ઊઠાવીને તો આ કમરનો કૂચો થઈ ગયો છે. શું કરવું?' વિરાજે ફરિયાદ કરી.

'એ બધું તો ચાલ્યા કરે હવે. મને એમ કહે કે આપણો ઇંગ્લિશ બાબુ કેમ નથી દેખાતો?' મિતુલે વાત બદલીને બાજુમાં આવીને ઉભેલા સ્વામીજીને પૂછ્યું. આવા ઘણા દર્દીઓને તેણે સાજા કર્યા હતાં પણ અહીં આ પરિસ્થિતિમાં તેનો ઉલ્લેખ થતાં એ નિસહાયતાની લાગણીથી ઊભરાઈ જતો. તેને ફિઝિયોથેરાપિસ્ટના બદલે આવું કામ કરવું પડતું, તેની નાનમ લાગતી.

'ઈ કે'દુનો એચ.આર.માં ગ્યો છે. ગમે ત્યારે ટપકી પડશે.' સ્વામીજીએ કહ્યું. મેનેજર પણ ભારતીય જ હતો, ત્રણ-ચાર વર્ષ લંડનમાં રહ્યાં બાદ તે લંડનના નામે મોટા ઘરની છોકરીને પરણી લાવ્યો હતો. મોટા ઘરમાં ઉછરેલી એ છોકરીએ કદી ય કામ નહોતું કર્યું એટલે લગ્ન પછી પણ સુહાસને જ ઘરના બધાં કામ કરવાં પડતાં. એક વાર પે-ડે પાર્ટીમાં બે-ત્રણ પેગ વધારે પીને એ પોતાના મનની વાત બકી ગયો અને કૂથલીકારોને તો જાણે ખજાનો મળી ગયો. ત્યારથી સુહાસની પીઠ પાછળ તેને 'ઇંગ્લિશ બાબુ, દેશી મેમ' ફિલ્મ યાદ કરીને ઇંગ્લિશ બાબુ તરીકે ઓળખવામાં આવતો. ધીરે-ધીરે સામાન્ય વાતચીતમાંથી કૂથલી શરૂ થઈ અને થોડી વારમાં એ ત્રણેય, બધા જ ઇમિગ્રન્ટ્સની જેમ, નોકરી-વિઝા-ઘરની વાતો કરવા લાગ્યા.

'હાલો, હાલો, કામે વળગો. ઈ આવતો જ લાગે છે કોઈ ગોરીને લઈને.' અડધા કલાક બાદ મરાઠી મેનેજર સુહાસને આવતો જોઈને સ્વામીજીએ ટહુકો કર્યો અને બિલાડીને જોઈને સરકી જતાં ઉંદરોની જેમ ત્રણેય સરકી જઈને કામે વળગ્યા. કોઈ નવી છોકરી આવી હશે એટલે સુહાસે તેને બધુ સમજાવતો હશે, તેવું ત્રણેયને લાગ્યું પણ અજીબ વાત એ હતી કે નવી છોકરી જોડે એક ઊંચો, કોકેશિયન ચહેરો ધરાવતો આદમી પણ ફરતો રહેતો હતો. તેની પીઠ આ લોકો તરફ રહેતી એટલે એ શું કરે છે તે સમજાતું નહીં પણ જ્યાં-જ્યાં નવી છોકરી ગઈ, ત્યાં-ત્યાં એ આદમી પણ ગયો. સુહાસે ફરી-ફરીને આખો સ્ટોર અને તેને લગતી વિવિધ વ્યવસ્થાઓ નવી છોકરીને બતાવી. એકાદ કલાક બાદ સુહાસે આખી ટીમને લોડિંગ-બેમાં ભેગી કરી.

વિરાજ, નકુલ, મિતુલ, મોહમ્મદ, મુમ્બા, ઓક્સાના અને સેન્ડ્રા – બધા જ આવી ગયાં એટલે મેનેજર સુહાસે કહ્યું, 'ગાઇસ, મિટ દનીસા. તે આજે જ આપણા સ્ટોરમાં જોડાઈ છે.' કહીને તેણે નવી છોકરીનો પરિચય કરાવ્યો. દનીસાએ નાનું છોકરું બોલે તેમ ખૂબ પ્રયત્ન પછી ઘોઘરા અવાજે 'હાઇ ..' કહ્યું અને પછી તેના હાથના ઊપયોગથી કંઈક ઈશારો કર્યો. તરત જ તેની બાજુમાં ઉભેલા પેલા કોકેશિયન પુરુષે કહ્યું, 'હાઇ, હું દનીસા, ઈસ્ટોનિયાથી આવેલી છું.' ત્યારે બધાના દિમાગમાં બત્તી થઈ. દનીસા બધીર હતી અને તેને કામમાં મદદ કરવા તેની જોડે ઈન્ટરપ્રિટર આવ્યો હતો. 'હું સાંભળી નથી શકતી કારણ કે મેન્યુફેક્ચરિંગ ડિફેક્ટ છે.' ઈન્ટરપ્રિટર બોલ્યો એટલે દનીસા હસી, પણ બીજો સ્ટાફ અવઢવમાં હતો કે હસવું કે નહીં. ઈન્ટરપ્રિટર પોતાની તરફ અંગૂઠો કરીને દનીસાના શબ્દો બોલ્યો, 'આ મારો ઈન્ટરપ્રિટર છે, માઇકલ, જે અહીં બે અઠવાડિયા મને મદદ કરશે. પછી હું જાતે જ તમારી સાથે વાત કરવાનો પ્રયત્ન કરીશ. ધીરજથી મને સમજવાનો પ્રયત્ન કરજો અને કંઈ પણ કામ પડે, તો તમારી મદદે હું હાજર જ છું.'

બધા ફોર્મલી 'હાઇ .. હલ્લો …' કરીને પાછા કામમાં પરોવાઈ ગયા પણ વિરાજથી રહેવાતું નહીં. તે વારે-વારે પાછો ફરીને દનીસાને કામ કરતી જોઈ લેતો. તે વાંકી પડીને શોપ-ફ્લોર પર પડેલાં કપડાં ઊઠાવતી, અસ્તવ્યસ્ત થઈ ગયેલાં કપડાંને સરખા ગોઠવતી, આડીઅવળી જગ્યાએ પડેલાં કપડાંને તેની યોગ્ય જગ્યાએ ગોઠવતી અને તેના ઈન્ટરપ્રિટરની મદદથી ગ્રાહકો જોડે વાત કરતી. લંચ સુધી એમ જ ચાલ્યું. લંચ ટાઈમમાં વિરાજે સ્વામીજીને પૂછ્યું પણ ખરું, 'શું લાગે છે આ દનીસાનું? કેટલી ટકશે આ કામમાં?' અને જવાબમાં સ્વામીજીએ બંને ખભાને કાન સુધી ઊંચા કરીને આશ્ચર્ય વ્યક્ત કર્યું. દનીસા આખો દિવસ વાંકી પડીને કપડાં ઊઠાવતી રહી અને ઈન્ટરપ્રિટરની મદદથી બધું સમજવાનો પ્રયત્ન કરતી રહી.

સાંજે જ્યારે વિરાજની શિફ્ટ પૂરી થવાની હતી, ત્યારે બધાને 'બાય' કહી તે છેલ્લે દનીસા જોડે ગયો. કઈ રીતે વાત કરવી એની અવઢવ હતી, છતાં તેણે આદત મુજબ પૂછી નાખ્યું, 'દનીસા, હાઉ ઈઝ લાઇફ?' દનીસાએ બંને હાથની મુઠ્ઠીઓ વાળીને અંગૂઠા ઊંચા કરીને 'થમ્બ્સ અપ' વાળી મુદ્રા બનાવી અને તેનો ઈન્ટરપ્રિટર બોલ્યો, 'આઇ એમ ફાઇન. યુ?'

વિરાજ તેનો 'જિંદગી ઝંડવા …' વાળો ડાયલોગ બોલવા જ જતો હતો અને તેણે દનીસા તરફ જોયું, તેના ઈન્ટરપ્રિટર તરફ જોયું અને …

e.mail : chiragthakkar.jay@gmail.com

ડમરાનાં પાન

• દીપક બારડોલીકર

હવે આ કાળમીંઢો પણ પીગળવાના
કોઈના હાથમાં છે પાન ડમરાનાં

વસંતો એટલે તો એને પોંખે છે
એ રાખે છે રંગેરંગ પાન ડમરાનાં

આ પચ્છમ છે, અહીં દિલ શું ને પ્રીતિ શું
નથી ખીલતા બરફમાં પુષ્પ તડકાનાં

હતું રણ, ઊંટ, અજરક, એમની સંગત
નકામા એની સામે ઢેર સોનાના

હતું ના કોઈ, તો પણ, ત્યાં હતું કોઈ
કે ટેબલ પર હતાં બે પાન ડમરાનાં

પછી ખાબો હતા ને હું હતો 'દીપક'
કોઈ ચૂંટી રહ્યું 'તું પાન ડમરાનાં

રોગ

• 'બાબુલ'

નિર્લજ વીર્યતા
અર્થાત
પ્રવૃત્ત દાનવતા
સાક્ષાત !
સ્ત્રી :
ઉપયોગ યા ઉપભોગ
ફ્રી
પુરુષાતન - રોગ

e.mail : drvision@gmail.com

અરસાથી, ભદ્રા વડગામાએ વિવિધ સમસામયિકોમાં વાંચ્યાં કેટલાંક પસંદગીનાં અંગ્રેજી કાવ્યોને ગુજરાતીમાં અનુદિત કર્યાં છે. તેવી જ રીતે, વળી, પસંદગી પામેલાં ગુજરાતીનાં ચંદ કાવ્યોને અંગ્રેજી ભાષામાં સર્જ્યાં છે. તે દરેક અનુદિત કૃતિ કાવ્ય બને છે કે ? … વારુ, તે કામ વિવેચકોને આદરભેર સોંપી, અહીં, આ પ્રયોગને, આ પાનાંઓ વચ્ચે, ભાવકોને સારુ સાદર કરીએ છીએ. માણજો …

•

Being a Little Well

By Brian Aldiss

Couldn't you be a little well
For a little while longer?
Oh how I love your presence
And your virtue
If you could be just a little stronger
Would that hurt you?
All fair things perish, we know,
Yet death is a horrid surprise –
Just to see you so low
It rips my heart in two.
Tears burst unprompted from my eyes
Is there nothing I can do?
No, there's nothing I can do.
Just for a little while
Be a little well, love, if you can
Grant me that lovely smile.
I promise I'll smile too.
As I hold your frail hand, I'll
Hold back the chill that will befall.
Can't you be a little well at all?

["The Guardian", Saturday, 14 May 2011]

શું તું થોડા જ વધુ સમય માટે
થોડી સાજી નથી થઈ શકતી ?
તને તો ખબર છે તારું સાન્નિધ્ય, તારાં ગુણ
મને કેટલાં વહાલાં છે.
શું થોડી વધુ શકિત તારામાં આવશે
તો તને પીડા થશે ?

જાણું છું જન્મેલાં માટે મૃત્યુ અનિવાર્ય છે
છતાંય આવે ત્યારે મૃત્યુ એક ભયાનક આશ્ચર્ય હોય છે -
તને આ રીતે શકિતહીણ થતી જોઈ
મારું હૃદય ભાંગી પડે છે.
મારી આંખો અમસ્તી જ ભરાઈ આવે છે
શું હું કંઈ પણ નથી કરી
શું હું કંઈ પણ નથી કરી શકતો ?

ના, હું કંઈ પણ નથી કરી શકતો.
પ્રિયે, બસ થોડા જ સમય માટે
થોડી સાજી થા, અને બને તો
તારું પેલું મીઠું સ્મિત ચહેરા પર લાવ.
વચન આપું છું હું પણ સામું હસીશ.
તારો દુર્બળ હાથ મારા હાથમાં લઈ
પેલી અસહ્ય ધ્રુજારીને આવતી રોકીશ.
શું તું કયારેય થોડી સાજી નહીં થઈ શકે ?

(© અનુવાદક ભદ્રા વડગામા)

Saturday, 14 May 2011

BONUS

By Blake Morrison

Time was when poetic talent came dearer than gold . . . (Ovid, Amores, 3, 8)

This poem is my annual bonus . . . I know, I know,
most folk slog away for a modest return with no extras,
and their work's in the public interest,
teaching and healing and cleaning and stuff. Whereas . . .
But I'm a poet, and who are you to interfere
if the powers above choose to reward me?
Remember the value of the words I generate
and all I contribute to the cultural economy.
Be warned: if you deprive us poets of our bonuses,
we'll be forced to move and work abroad
in a different language, and London will lose its place
as the poetry hub of the western world.
Is that what you want? No? I thought not.
You're just envious of the cats that got the cream.
Go on, admit it: we're bloody well worth our bonuses.
Every stanza. Every line-break. Every half-rhyme.

["The Guardian", Saturday, 22 January 2011]

બોનસ

એક એવો પણ સમય હતો જ્યારે કવિની કલમ શકિતની કિંમત સોના કરતાં વધારે મોંઘી હતી … ..

આ કાવ્ય મારું વાર્ષિક બોનસ છે. … હા, હા, મને ખબર છે, તમે કહેશો કે,
સાવ નજીવા બોનસ માટે મોટા ભાગનાં લોકોને ઢસરડા કરવા પડે છે,
વળી તેમનું કામ સમાજલક્ષી હોય છે,
શિક્ષણ આપવું, દર્દીઓને સારવાર પૂરી પાડવી, સાફસૂફી કરવી એવું બધું.
જ્યારે … …

પણ હું એક કવિ છું, અને તમે દખલ કરનાર કોણ
ઉપરી અધિકારીઓ જો બક્ષિસ આપવા મારી પસંદગી કરે તો ?
હું જે શબ્દો રચું છું તેની કિંમત તમે સમજો
અને સાંસ્કૃતિક ઉન્નતિમાં મારો ફાળો તો જુઓ !

તમને ચેતવું છું જો તમે અમ કવિઓને અમારા બોનસથી વંચિત રાખશો
તો અમને પરદેશ જઈ કામ કરવાની ફરજ પડશે
કોઈ પરાઈ ભાષામાં, અને ખોઈ બેસશે લંડન
પશ્ચિમની દુનિયામાં કવિતાના ધબકતા કેન્દ્ર તરીકેનું સ્થાન.

શું તમે એવું ઈચ્છો છો ? નહીં ને ? મેં એમ જ ધાર્યું હતું.
જે કાગડા દહીંથરાં લઈ ગયા તેમની તમને અદેખાઈ આવે છે.
છે ને? કરો, કબૂલ કરો અમારા બોનસ માટે અમે બેશક લાયક છીએને છીએ જ.
દરેક કડી, પંકિતઓ વચ્ચેનો દરેક વિરામ, દરેક અર્ધ પ્રાસ.

(© અનુવાદક ભદ્રા વડગામા)

A row of bottles on my shelf
Caused me to analyze myself.
One yellow pill I have to pop
Goes to my heart so it won't stop.
A little white one that I take
Goes to my hands so they won't shake.
The blue ones that I use a lot
Tell me I'm happy when I'm not.
The purple pill goes to my brain
And tells me that I have no pain.
The capsules tell me not to wheeze
Or cough or choke or even sneeze.
The red ones, smallest of them all
Go to my blood so I won't fall.
The orange ones, very big and bright
Prevent my leg cramps in the night.
Such an array of brilliant pills
Helping to cure all kinds of ills.
But what I'd really like to know ....
Is what tells each one where to go!

There's always a lot to be thankful for if
you take time to look for it. For example
I am sitting here thinking how nice it is
that wrinkles don't hurt ...

બુઢાપાની મજા

જોઈ અભેરાઈ પર ગોળીઓની હારમાળ,
થયું જાત પૃથક્કરણ કરવાનો આવ્યો છે કાળ.

એક પીળી ગોળી પડે મોઢામાં,
રાખવા અસ્ખલિત ધબકાર જાય સીધી હૃદયમાં.

નાની સફેદ ગોળી હું લઉં,
હાથની ધ્રુજારી બંધ કરી દઉં.

ગોળી લઉં હંમેશ ભૂરી
માંયલો ભલે હોય દુઃખી પણ દેખાઉં હું સુખી.

જાંબુડી ગોળી જાય સીધી મગજમાં.
લાગે કે નથી કોઈ પીડા આખા શરીરમાં.

કેપ્સ્યૂલ્સ કહે મને, જોજે ચડે ન શ્વાસ તને,
રખે ખાંસતો કે અંતરાતો, જોજે આવે ન છીંક તને.

મોટી ચળકતી કેસરી ગોળીઓ
મટાડે પગમાં રાત્રે ચડતી ખાલીઓ.

ભાતભાતની ગોળીઓનો આ પ્રબંધ,
દરેક જાતની પીડા પર મૂકે એ પ્રતિબંધ.

પણ જાણવું છે ખરેખર મારે એ ....
કોણ કહે છે દરેકને જવું ક્યાં ને ક્યારે.

વિચારીએ તો ખ્યાલ આવે કે આ ઉંમરે ધન્ય થવા જેવું પ્રભુએ ઘણું યે આપ્યું છે. જુઓને અત્યારે જ અહીં બેઠીબેઠી વિચારું છું અને ખુશ થાઉં છું કે ચહેરા પરની કરચલીઓથી જરા ય પીડા નથી થતી .....

(ઇન્ટરનેટ પર વાંચેલા આ એક અનામી કાવ્ય પરથી)

૧૧ માર્ચ ૨૦૦૮ (© અનુવાદક ભદ્રા વડગામા)

Mohamed Ebnu (Western Sahara, 1968) studied Spanish language and literature in Cuba. His poetry reflects the war, exile and the harsh living conditions of Saharawis in occupied Sahara and in the refugee camps. He has been included in two Saharawi poetry antholigies in Spanish: *Añoranza* [*Longing*] and *Bubisher*. He has also published two collections of his own: *Voz de fuego* [*Voice of Fire*] and *Nómada en el exilio* [*Nomad in Exile*]. He is a founder member of the Saharawi Friendship Generation.

Children of the sun and the wind

We still live on the corners
of the nothing
between the north and the south of the seasons.

We still sleep
embracing stone pillows
like our fathers.

We follow the same clouds
and we rest beneath the shadow of the bare acacias.

We drink down tea with sips of fire,
we walk barefoot so as not to frighten the silence.

And in the distance
on the slopes of the mirage
we still watch, like every evening
the sun setting on the sea.

And the same woman who pauses
at the lookouts of the dusk
in the centre of the map greets us.

She greets us and is lost
in the eyes of a child who smiles
from the lap of eternity.

We still wait for the following dawn
to start once more.

મહમદ એબ્નુ (વેસ્ટર્ન સહારા, 1968) ક્યૂબામાં સ્પેનિશ ભાષા શીખ્યા હતા. તેમની કવિતામાં યુદ્ધ, દેશનિકાલ અને પરહુકમી હેઠળના સહારામાં તેમ જ શરણાર્થીઓની છાવણીમાં, વસતાં સહારાવી લોકોના કઠણ જીવનસંજોગોની ઝાંખી થાય છે. નીચેનું કાવ્ય એ જ સંવેદનાનો એક નમૂનો છે :

સૂર્ય અને પવનનાં બાળકો

અમે હજુ પણ વસીએ છીએ
ઋતુઓની ઉત્તર દક્ષિણ વચ્ચેની
શૂન્યતાના ખૂણે.

અમારા પિતાની જેમ
અમે હજુ પણ સૂઈએ છીએ
પથ્થરના ઓશિકાને વળગીને.

અમે એ જ વાદળો તરફ મીટ માંડીએ છીએ
અને સૂકા બાવળના એ જ ઝાડો નીચે
અમે વિરામ કરીએ છીએ.

અમે ચા પીતાંપીતાં અગ્નિના ઘૂંટડા ઉતારીએ છીએ,
રખેને શાંતિને ડર લાગે એ બીકે
અમે ઊઘાડે પગે ચાલીએ છીએ.

અને દૂરદૂર ઝાંઝવાંની કોરે
હર સાંજની જેમ, અમે હજુ પણ
સમુદ્ર પર આથમતા સૂર્યને નિહાળીએ છીએ.

અને સંધ્યાકાળ સમયે એ જ સ્ત્રી
અમારી દૃષ્ટિ સમક્ષ રચેલા નકશા વચ્ચે
ક્ષણભર થોભી અમને જોઈ મીઠું હસે છે.

અમને મળી લઈ તે અદૃશ્ય થઈ જાય છે
શાશ્વતાના ખોળેથી સ્મિત વેરતા
એક બાળકની આંખોમાં.

અમે હજુ પણ વાટ જોઈએ છીએ
આવતીકાલના પ્રભાતના
પુનઃ આરંભની.

૧ મે ૨૦૦૬ (© અનુવાદ ભદ્રા વડગામા)

On Death

Kahlil Gibran

You would know the secret of death.
But how shall you find it unless you seek it in the heart of life?
The owl whose night-bound eyes are blind unto the day cannot unveil the mystery of light.
If you would indeed behold the spirit of death, open your heart wide unto the body of life.
For life and death are one, even as the river and the sea are one.

In the depth of your hopes and desires lies your silent knowledge of the beyond;
And like seeds dreaming beneath the snow your heart dreams of spring.
Trust the dreams, for in them is hidden the gate to eternity.
Your fear of death is but the trembling of the shepherd when he stands before the king whose hand is to be laid upon him in honour.
Is the shepherd not joyful beneath his trembling, that he shall wear the mark of the king?
Yet is he not more mindful of his trembling?

For what is it to die but to stand naked in the wind and to melt into the sun?
And what is it to cease breathing, but to free the breath from its restless tides, that it may rise and expand and seek God unencumbered?

Only when you drink from the river of silence shall you indeed sing.
And when you have reached the mountain top, then you shall begin to climb.
And when the earth shall claim your limbs, then shall you truly dance.

તમને મૃત્યુનું રહસ્ય સમજાશે.
પણ એ તમને જડશે કઈ રીતે, જ્યાં સુધી તમે તેને
જીવનના ધબકારમાં શોધશો નહીં?
રાતના અંધારામાં જોવાને ટેવાયેલી દિવસના આંધળી
બનેલી ઘુવડની આંખો કંઈ ઉજાસનો
પડદો થોડો ખોલી શકવાની છે?
જો મૃત્યુના આત્માને તમારે ખરેખર જોવો હોય તો,
જીવનના શરીર પ્રત્યે તમારું હૃદય સાવ ખુલ્લું મૂકી દો.

જો મૃત્યુના આત્માને તમારે ખરેખર જોવો હોય તો,
જીવનના શરીર પ્રત્યે તમારું હૃદય સાવ ખુલ્લું મૂકી દો.
કેમ કે જીવન અને મૃત્યુ એક જ છે.
તમારી આશા આકાંક્ષાઓમાં અગમ વિશેનું એક નીરવ જ્ઞાન છુપાયેલું છે,
અને બરફ નીચે પડેલાં સ્વપ્ન સેવતાં બીયાંની જેમ
તમારું હૃદય પણ વસંતનાં સ્વપ્નાં સેવતું હશે.
સ્વપનાં પર વિશ્વાસ રાખજો, કેમકે તેમની અંદર છૂપાયેલું છે શાશ્વતિનું દ્વાર.
તમે અનુભવી રહેલો મૃત્યુનો ડર બીજું કંઈ નહીં પણ
રાજાનો હાથ ગોવાળિયાને માન આપવા માટે તેને માથે મૂકાતાં પહેલાં
ગોવાળિયો અનુભવતો હોય તેવી ધ્રૂજારી જેવો છે.
આ ધ્રૂજારી હોવા છતાં પણ
શું રાજા દ્વારા મળતા માનથી ગોવાળિયો ખુશ નહીં થતો હોય?
અને તોયે શું તેને એ ધ્રૂજારીની અનુભૂતિ વિશેષ નથી થતી?

મરવું એ પવન મધ્યે નગ્ન ઊભું રહેવું કે સૂર્યના તાપમાં ઓગળી જવું એથી વધુ બીજું શું છે?
અને શ્વાસ લેવાનું બંધ કરવું, તે તેને ક્ષુબ્ધ ભરતીઓટમાંથી મુક્ત કરવા સિવાય બીજું શું છે,
જેથી પ્રભુને ખોળવા માટે તે વિઘ્નહીન ઊંચે જઈ અને વિસ્તરી શકે?
તમે જ્યારે નીરવતાની નદીનું પાણી પીશો, ત્યારે જ તમે ખરેખર ગાતાં થશો.
અને જ્યારે તમે પર્વતની ટોચે પહોંચશો ત્યારે જ તમે ઊંચે ચડવાની શરૂઆત કરશો.
અને જ્યારે તમારાં અંગો પૃથ્વીમાં એકમય બની જશે ત્યારે જ તમે ખરેખર નૃત્ય કરશો.

(© અનુવાદ ભદ્રા વડગામા)

Dreaming In Gujarati

by Shailja Patel

The children in my dreams
speak in Gujarati
turn their trusting faces to the sun
say to me
care for us nurture us
in my dreams I shudder and I run.

I am six
in a playground of white children
Darkie, sing us an Indian song!

Eight
in a roomful of elders
all mock my broken Gujarati
English girl!
Twelve, I tunnel into books
forge an armor of English words.

Eighteen, shaved head
combat boots -
shamed by *masis*
in white saris
neon judgments
singe my western head.

Mother tongue.
Matrubhasha
tongue of the mother
I murder in myself.

Through the years I watch Gujarati
swell the swaggering egos of men
mirror them over and over
at twice their natural size.

Through the years
I watch Gujarati dissolve
bones and teeth of women, break them
on anvils of duty and service, burn them
to skeletal ash.
Words that don't exist in Gujarati :
Self-expression.
Individual.
Lesbian.

English rises in my throat
rapier flashed at yuppie boys
who claim their people "civilized" mine.
Thunderbolt hurled
at cab drivers yelling
Dirty black bastard!
Force-field against teenage hoods
hissing
Fucking *Paki* bitch!
Their tongue - or mine?
Have I become the enemy?

Listen:
my father speaks Urdu
language of dancing peacocks
rosewater fountains
even its curses are beautiful.
He speaks Hindi
suave and melodic
earthy Punjabi
salty rich as *saag* paneer
coastal Kiswahili
laced with Arabic,
he speaks Gujarati
solid ancestral pride.

Five languages
five different worlds
yet English
shrinks
him
down
before white men
who think their flat cold spiky words
make the only reality.

Words that don't exist in English:
Najjar
Garba
Arati.

If we cannot name it
does it exist?
When we lose language
does culture die? What happens
to a tongue of milk-heavy
cows, earthen pots
jingling anklets, temple bells,
when its children
grow up in Silicon Valley
to become
programmers?

Then there's American:
Kin'uh get some service?
Dontcha have ice?
Not:
May I have please?
Ben, mane *madhath karso*?
Tafadhali nipe rafiki
Donnez-moi, s'il vous plait
Puedo tener…..

Hello, I said can I get some service?!
Like, where's the line for Ay-mericans
in this goddamn airport?

Words that atomized two hundred thousand Iraqis:
Didja see how we kicked some major ass in the Gulf?
Lit up Bagdad like the fourth a' July!
Whupped those sand-niggers into a parking lot!

The children in my dreams speak in Gujarati
bright as butter
succulent cherries
sounds I can paint on the air with my breath
dance through like a Sufi mystic
words I can weep and howl and devour
words I can kiss and taste and dream
this tongue
I take back.

ગુજરાતીનું સ્વપ્નું

મારા સ્વપ્નામાંનાં બાળકો
ગુજરાતીમાં બોલે છે

વિશ્વાસપૂર્ણ પોતાના ચહેરા સૂર્ય ભણી ફેરવીને
તે મને કહે છે
અમારી સંભાળ રાખ, અમારું પોષણ કર
મારા સ્વપ્નામાં હું કાંપી ઊઠું છું અને દોડી જાઉં છું.
છ વર્ષની હું
ગોરાં બાળકો વચ્ચે પ્લેગ્રાઉન્ડમાં રમું છું
એય કાળુડી અમને એક ઈન્ડિયન ગીત સંભળાવ!
આઠ વર્ષની હું
ઓરડામાં બધા વડીલો વચ્ચે બેઠી છું
મારી ભાંગીતૂટી ગુજરાતી બોલી પર તેઓ હસે છે
અંગ્રેજી છોકરી!
બાર વર્ષે, હું પુસ્તકોમાં ગરકાવ થઈ જાઉં છું
અંગ્રેજી શબ્દોનું બનાવટી બખ્તર પહેરી લઉં છું.
અઢાર વર્ષે, માથું મુંડાવી
લશ્કરી બૂટ પહેરી,
ધોળી સાડીઓવાળી
મારી માસીઓને શરમમાં નાખું છું
તેમના નિયોન સંકેતોથી
મારું પશ્ચિમી માથું દાઝે છે.
મધરટંગ
માતૃભાષા
માતાની જીભ
હું અંદર ને અંદર તેનું ખૂન કરું છું
વર્ષો સુધી હું જોતી આવી છું કે ગુજરાતી
પુરુષોના ઘમંડી અહમને પોરસતી રહી છે.

તેમના કદથી બમણા હોય
તેવું પ્રતિબિંબ અરીસામાં પાડે છે.
વર્ષો સુધી હું જોતી આવી છું કે ગુજરાતી
સ્ત્રીઓનાં હાડકાં અને દાંતને ગાળી નાખે છે,
જવાબદારી અને સેવાના એરણ નીચે તેમને તોડી ભાંગે છે,
અસ્થિપિંજર થાય ત્યાં સુધી તેમને બાળે છે.
જે શબ્દો ગુજરાતીમાં હયાત નથી
Self-expression.
Individual.
Lesbian.
અંગ્રેજીનો અવાજ મારા ગળામાંથી નીકળે છે
યપ્પી છોકરાઓ તરફ કટારની ધાર ચમકાવતી ભાષા.
તેઓ દાવો કરે છે કે તેમના લોકોએ મને સંસ્કારી બનાવી છે.
કેબડ્રાઈવરો તરફ વીજળીના કડાકાની જેમ
ગાળો ફેંકાય છે
Dirty black bastard!
હૂડથી ઢંકાયેલાં માથાંવાળા કિશોરો તરફ
જોરજોરથી ફૂંફાડા ફેંકાય છે
Fucking Paki bitch!
તેની ભાષા - કે પછી મારી?
શું હું હવે દુશ્મન બની ગઈ છું?
સાંભળો:
મારા પિતા ઉર્દૂ બોલે છે,
થનગનતા મોરલાની ભાષા
ગુલાબજળના ફુવારા
તેની ગાળો પણ સુંદર છે.
તે હિન્દી બોલે છે,
વિવેકી અને સુસ્વર
સ્થૂળ પંજાબી બોલે છે
સાગ-પનીર જેવી તમતમતી.
કાંઠાની સ્વાહિલી બોલે છે,
અરબી ભાષાથી રંગાયેલી,
તે ગુજરાતી બોલે છે,
બાપદાદાના પૂરેપૂરા ગર્વથી.
પાંચ ભાષા
પાંચ જુદી દુનિયાઓ
છતાં અંગ્રેજી તેમને
વામન બનાવે છે
ગોરા લોકોની સામે
જે માને છે કે તેમના ઠંડાગાર તીક્ષ્ણ શબ્દો જ
માત્ર સચ્ચાઈ રચે છે.
જે શબ્દો અંગ્રેજીમાં હયાત નથી
નજર
ગરબા
આરતી.
જેને આપણે નામ ન આપી શકીએ
તે અસ્તિત્વ ધરાવી શકે?
જ્યારે આપણે ભાષા ખોઈએ છીએ
ત્યારે શું આપણી સંસ્કૃતિ મૃત્યુ પામે છે? દૂધણી ગાયો,
માટીના ઘડા, રણઝણતાં ઝાંઝરો, મંદિરના ઘંટારવની ભાષાનું શું થાય છે?
જ્યારે તેનાં બાળકો પ્રોગ્રામરો બનવા સિલિકોન વેલીમાં
ઊછરી રહ્યાં હોય ત્યારે શું થાય છે?
ને પછી એક અમેરિકન ભાષા પણ છે:
Kin'uh get some service?
Dontcha have ice?
નહીં કે
May I have please?
બહેન, મને મદદ કરશો?
Tafadhali nipe rafiki
Donnez-moi, s'il vous plait
Puedo tener….
હલ્લો, મેં કહ્યું can I get some service?!
જેમ કે where's the line for Ay-mericans
in this goddamn airport?
જે શબ્દોએ બે લાખ ઈરાકીઓને ભસ્મભૂત કરી નાખ્યા:
Didja see how we kicked some major ass in the Gulf?
Lit up Bagdad like the fourth a' July!
Whupped those sand-niggers into a parking
મારા સ્વપ્નમાંનાં બાળકો ગુજરાતી બોલે છે
માખણ જેવી ચોખ્ખી
ચેરીઝ જેવી રસાદાર
મારા શ્વાસથી હવામાં ચીતરી શકું તેવા અવાજોવાળી
સૂફી સંતની જેમ ગોળાકારમાં નાચતી
જે શબ્દો હું રડી શકું, ચિત્કારી શકું, જેમનો સ્વાદ માણી શકું
જે શબ્દોને હું ચૂમી શકું, ચાખી શકું અને જેનાં સ્વપ્નાં જોઈ શકું
એ ભાષા
હું
પાછી અપનાવું છું.

(2008) (© અનુવાદ ભદ્રા વડગામા)

First Snow

This is the first soft snow
That tiptoes up to your door
As you sit by the fire and sew,
That sifts through a crack in the floor
And covers your hair with hoar.
This is the stiffening wound
Burning the heart of a deer
Chased by a moon-white hound,
This is the hunt, and the queer
Sick beating of feet that fear.
This is the crisp despair
Lying close to the marrow,
Fallen out of the air
Like frost on the narrow
Bone of a shot sparrow.
This is the love that will seize
Savagely onto your mind
And do whatever he please,
This the despair, and a moon-blind
Hound you never bind.

શિયાળાનો આ પહેલો બરફ, સુંવાળો
ચોરપગલે બારણા સુધી પહોંચ્યો છે
તમે ફાયરની પાસે બેસી કંઈક સીવી રહ્યાં છો
ને જમીનની એક તિરાડમાંથી તે છવાયો છે
તમારા વાળમાં રૂપેરી કણીઓની જેમ.
પાછળ પડેલા ચાંદા જેવા સફેદ કૂતરાથી
છટકવા માગતા હરણના હૃદયને દઝાડીને
જકડી લેતા ઘા જેવો એ છે
આ છે એવી મૃગયા, જેમાં મોતના મુખમાં

મૂકાયેલા પગનો ગભરાટભર્યો ધબકાર છે.
હવામાંથી ખરી પડી તમારી હાડોહાડ
પહોંચી ક્ષણમાં ભાંગી પડે તેવી હતાશા છે
જાણે ગોળીથી વિંધાયેલી ચકલીના
નાનકડા હાડપિંજર પર ચોટેલું હિમ.
આ એવો પ્રેમ છે જે તમારા મગજને
હિંસકપણે ઝડપી લેશે, અને
પોતાને મનફાવતું કરશે
આ હતાશા અને રાત્રિ સમયે ન જોઈ શકતા
કૂતરાને તમે ક્યારેય બાંધી નહીં શકો.

(© અનુવાદ ભદ્રા વડગામા)

Global warning

Martin James Powell

Tsunamis sweeping across the deep seas
Hurricanes howling with deafening breeze
Earthquakes shaking our tectonic plates
Volcanoes erupting round Earth as it breaks

Dinosaurs died and allowed man to stand
Millions of years changed the face of the land
A new world was born and with life it did flourish
Enough natural resources to keep us all nourished

For a long time the man and the Earth were as one
We drank from its rivers, bathed in light from the sun
The soil was rich, and ideal for seeds
The planet attended to all of our needs

But Earth for its pleasures could not comprehend
The mentality of its so newly found friend
We used and consumed without fear, or care
We scarred and we butchered a beauty so rare

Poisoning oceans and chopping down trees
Relaying landscapes to build as we pleased
Taking for granted our grand evolution
Seeds that were planted replaced by pollution

Have you not wondered why its so called "mother" earth?
Throughout all of history it has given birth!
This bluish green ball gently floating through space
Has potential for life quite like no other place

It gives and it gives and has nothing to ask
To treat it with love and respect is our task
For the moment the future we cant comprehend
Is the world that we know will soon come to an end

But there is still some time to undo what's been done
Requiring our species to all act as one
With wind turbines turning and running on air
Solar panels sourcing our suns constant glare

We could cut our emissions and clean up with care
Make it our mission to heal and repair
Salvage and save for all that its worth
Secure our existence as people of Earth

2008

વિશ્વ માનવીને ચેતવણી

ઊંડા સમુદ્રોનાં પાણીને ઉછાળતા સુનામીઓ
કાનને ચીરી નાખતા ગર્જતા પવનના વંટોળિયાઓ
પૃથ્વીની ટેકટોનિક પ્લેટોને ધ્રૂજાવતા ધરતીકંપો
તૂટેલી ધરતીમાંથી ચોમેર ફાટી નીકળતા જ્વાળામુખીઓ

ડાયનોસોરે મરી જઈને જગા કરી આપી ઊભા રહેવા મનુષ્યને
કરોડો વર્ષના ગાળાએ બદલી નાખ્યું પૃથ્વીનાં સ્વરૂપને
એક નવી દુનિયા સર્જાઈ અને નવજીવન ફરી પાંગર્યું
સૌનું પેટ ભરાય તેટલું કુદરતી ભંડોળ આપણને મળ્યું

લાંબા સમય સુધી માનવ અને પૃથ્વી એકમય બની રહ્યાં
આપણે તેની નદીઓનાં પાણી પીધાં, સૂર્યના ઉજાસે નાહ્યાં
બીજને ઉગાડવા માટે પૌષ્ટિક માટી હતી
આપણી બધી જરૂરિયાતો પૂરી પાડવા પૃથ્વી સમર્થ હતી

ઘણી ખુશી હોવા છતાં પણ સમજી શકી ન પૃથ્વી
તેના નવા બનેલા મિત્રની માનસિક પરિસ્થિતિ
વાપરી-માણી આપણે તેને બેફિકર બેપરવા બની
અરક્ષક બની તોડીફોડી કતલ કરી નાખી એ અપૂર્વ સૌંદર્યની

સમુદ્રોમાં ઝેર રેડ્યાં, અને વૃક્ષોને કાપ્યાં જડમૂળથી
મનફાવતાં બાંધકામ કર્યાં ધરતીપટ પર આપ ખુશીથી
જીવનનું પુનરાવર્તન થતું જ રહેશે એમ માનીને
રોપેલાં બીજની જગ્યા પર લાદી દીધાં પ્રદૂષણોને

કર્યો છે કદી વિચાર, કહીએ કેમ તેને ધરતીમાતા?
ઈતિહાસના હર પાને એ બની રહી છે જન્મદાતા
આ ભૂરો લીલો ગોળો હળવ હળવે ઘૂમી રહ્યો છે અવકાશમાં
જીવન ટકાવવા માટે ન કોઈ આપે તેવો અખૂટ ભંડોળ છે તેના પેટાળમાં

તે આપે છે, આપતી જ રહે છે, નથી માગ્યું કોઈ પાસે કદી તેણે
શું ફરજ થતી નથી આપણી સન્માન કરીએ તેનું પ્રેમે?
હાલ તો સમજી શકતાં નથી થશે શું આ પૃથ્વીનું ભવિષ્યમાં
શું દુનિયા જે જાણીએ આપણે થશે પ્રલય તેનો તુરતમાં ?

પણ કર્યું ન કર્યું કરવા માટે હજુ સમય છે બાકી
જો એકઠી મળી કરે કામ દુનિયાની બધી જાતિ
ફેરવીએ અને ચલાવીએ ચકકીઓ મુક્ત પવનથી
અને સોલર પેનલોને પૂરીએ શકિત સૂર્યના અખૂટ તેજથી

ઓાછા કરી પ્રદૂષિત ધૂમાડાઓને, સ્વચ્છતાની રાખીએ કાળજી
સારવાર કરી પૃથ્વીની સુસજ્જ કરવાના લક્ષ્યને જતનથી જાળવી
બને તેટલી સાચવણીથી બચાવીએ જો આ અમૂલ્ય પૃથ્વીને
તો બચાવી શકીએ આપણા આ ગ્રહ પરના અસ્તિત્વને

(© અનુવાદ ભદ્રા વડગામા)

એપ્રિલ 2011

Mind Without Fear

Where the mind is without fear and the head is held high;
Where knowledge is free;
Where the world has not been broken up
into fragments by narrow domestic walls;
Where words come out from the depth of truth;
Where tireless striving stretches its arms towards perfection;
Where the clear stream of reason
has not lost its way into the dreary desert sand of dead habit;
Where the mind is led forward by thee into ever-widening thought and action ---
Into that heaven of freedom, my Father, let my country awake.

જયાં મન નિર્ભય છે અને મસ્તક ઊંચું રહે છે;
જયાં જ્ઞાન મુકતપણે વહે છે;
જયાં ઘરેલુ દીવાલોથી પૃથ્વીનાં વિભાજનો નથી થયાં;
જયાં સત્યના ઊંડાણમાંથી શબ્દો ઝરે છે;
જયાં અથકય મહેનત સંપૂર્ણતા તરફ હાથ ફેલાવે છે;
જયાં અર્થપૂર્ણ નિર્મળ ઝરાણું મૃત ટેવોના
શુષ્ક રણની રેતીમાં વિલીન નથી ગયું;
જયાં હંમેંશ વિકસિત વિચાર અને કાર્ય પ્રત્યે,
તું અમારા મનને દોરી રહ્યો છે
તે સ્વતંત્રતાના સ્વર્ગ મહીં, હે પ્રભુ, મારા દેશને જાગ્રત કર.

(© અનુવાદ ભદ્રા વડગામા)

Phenomenal Woman

by Maya Angelou

Pretty women wonder where my secret lies.
I'm not cute or built to suit a fashion model's size
But when I start to tell them,
They think I'm telling lies.
I say,
It's in the reach of my arms,
The span of my hips,
The stride of my step,
The curl of my lips.
I'm a woman
Phenomenally.
Phenomenal woman,
That's me.

I walk into a room
Just as cool as you please,
And to a man,
The fellows stand or
Fall down on their knees.
Then they swarm around me,
A hive of honey bees.
I say,
It's the fire in my eyes,
And the flash of my teeth,
The swing in my waist,
And the joy in my feet.
I'm a woman
Phenomenally.
Phenomenal woman,
That's me.

Men themselves have wondered
What they see in me.
They try so much
But they can't touch
My inner mystery.
When I try to show them
They say they still can't see.
I say,
It's in the arch of my back,
The sun of my smile,
The ride of my breasts,
The grace of my style.
I'm a woman
Phenomenally.
Phenomenal woman,
That's me.

Now you understand
Just why my head's not bowed.
I don't shout or jump about
Or have to talk real loud.
When you see me passing
It ought to make you proud.
I say,
It's in the click of my heels,
The bend of my hair,
The palm of my hand,
The need for my care.
'Cause I'm a woman
Phenomenally.
Phenomenal woman,
That's me.

© Maya Angelou From Lines of Life: 101 Poems by 101 Women, edited by Germaine Greer, published by Faber. Originally from And Still I Rise published by Virago. To order a copy of Lines of Life for £7.99 with free UK p&p call Guardian book service on 0870 836 0875.

"The Guardian" Saturday, May 13, 2006

અસાધારણ સ્ત્રી

સુંદર સ્ત્રીઓ વિમસે છે રહસ્ય મારું તાગવા,
આકર્ષક હું નથી કે નથી ફેશન મોડેલની મારી કાયા
પણ જયારે તેમને કહેવાનું કરું શરૂ,
માને બોલું હું જૂઠું.
હું કહીશ,
એ છે મારા બાહુઓની પકડમાં,
મારા નિતંબના વિસ્તારમાં,
મારી ચાલની ગતિમાં,
મારા હોઠના વળાંકમાં.
હું એક સ્ત્રી છું
વિલક્ષણા.
અસાધારણ સ્ત્રી,
તે છું હું.

હું પ્રવેશું ઓરડામાં
તમને ખબર પણ ન પડે તે રીતે,
અને હર એક પુરષ
થઈ જાય ખડો કે
નમે ઘૂંટણે પડી.
પછી ભમરાની જેમ ફરી વળે મને,
ટોળું પુરુષોનું.

હું કહીશ,
એ છે મારી આંખોમાંની જ્વાળામાં,
મારી દંતાવલિની ચમકમાં,
મારી કેડની મરોડમાં,
અને મારા પગના ચેતનમાં.

હું એક સ્ત્રી છું
વિલક્ષણા.
અસાધારણ સ્ત્રી,
તે છું હું.

પુરુષો પણ પામે છે વિસ્મય
છે શું એવું મારામાં જે આકર્ષે તેમને.
કરે પ્રયત્નો ઘણા
પણ ન છૂઈ શકે
રહસ્ય મારી ભીતરનું.
દેખાડું તેમને એ, તો
કહે નથી જોઈ શકાતું હજુ પણ.
હું કહીશ,
એ છે મારી પીઠની કમાનમાં,
મારા હાસ્યના સૂર્યમાં,
મારાં સ્તનની હલકમાં,
મારી છટાની મોહિનીમાં.
હું એક સ્ત્રી છું
વિલક્ષણા.
અસાધારણ સ્ત્રી,
તે છું હું.

(© અનુવાદ ભદ્રા વડગામા)

My Blood Oath

by Zargana

With Row upon row of iron bars,
They can cage me.
With the heat of seven suns,
They can roast me.
With a battalion of ogres
They can guard me.
But if I took my scarlet blood
And sprayed it all across the sky
The bars would melt
The ogres kneel
Their suns kowtow before me.

11.11.88

[The Guardian, Saturday, 13 October 2007]

While in prison, he was denied pen & paper so he scratched poems on the floor of his cell with a piece of broken pottery, and committed them to memory.

Maung Thura "Zarganar" Zargana; born 27 January 1961) is a popular Burmese comedian, film actor, and a film director as well as a fierce critic and often political prisoner of the Burmese military government. Known for his wicked puns against the government who is a military junta, Zarganar, whose name translates to "tweezers", is widely considered to be the most popular comedian and satirist in Myanmar.

In September 2006, Zarganar was banned indefinitely from performing publicly or participating in any kind of entertainment related work. He was arrested on 4 June 2008 for speaking to foreign media about the situation of millions of people left homeless after a cyclone devastated the Irrawaddy delta. In November 2008, he was sentenced to 59 years in prison, convicted of "public order offenses", under four sections of the criminal code—17/2, 32 (b), 295 (a) and 505 (b), much more than the anticipated maximum of two years. On 16 February 2009, following the appeals by the family, Yangon Divisional Court reduced the prison sentence by "up to 24 years", bringing the sentence down to 35 years. In December 2008, Zarganar has been sent to Myitkyina Prison in Kachin State in the country's far north, from which he was freed on 11 October 2011 in a mass amnesty of political prisoners.

મારી રક્ત પ્રતિજ્ઞા

લોખંડી સળિયાની હારમાળ પાછળ
તેઓ મને બંદીવાન કરી શકે છે.

સાતસાત સૂર્યના તાપથી
તેઓ મને દઝાડી શકે છે.

તેમનું રાક્ષસી પહેરેદારોનું લશ્કર
મારી ચોકી કરી શકે છે.

પણ જો હું મારું લાલચોળ રક્ત
સમગ્ર આકાશમાં છાંટી દઉં
તો લોખંડી સળિયા ઓગળી જશે
રાક્ષસી પહેરેદારો ઘૂંટણિયે પડશે
તેમના સૂર્યો મને દંડવત પ્રણામ કરશે.

11.11.88

(© અનુવાદ ભદ્રા વડગામા)

'Stephen Lawrence'

by Carol Ann Duffy

Written by the poet laureate after the conviction of two men for the teenager's murder in 1993, this poem appeared in the Review supplement of the Guardian, 7 January 2012.

Cold pavement indeed
the night you died,
murdered;
but the airborne drop of blood
from your wound
was a seed
your mother sowed
into hard ground –
your life's length doubled,
unlived, stilled,
till one flower, thorned,
bloomed
in her hand,
love's just blade.

સ્ટીવન લોરેન્સ

ખરેખર ઠંડીગાર જમીન હતી એ
જેના પર પડ્યો તારો મૃત દેહ
જે રાત્રે તારું ખૂન થયું,
પણ તારા જખમમાંથી

લોહીનું એક કણ હવામાં
બીજ થઈ ઊડ્યું
તારી માતાએ
સખત જમીનમાં તે વાવ્યું -
તારી જીવનદોર બેવડાઈ,
જીવ્યા વિનાની, નિસ્તબ્ધ
આખરે એક ફૂલ ખીલ્યું
તેના હાથમાં, કાંટાળું
મઘમઘતું
હતું એ
પ્રેમનું ન્યારી પાંદડું.

(© અનુવાદ ભદ્રા વડગામા)

by John Lennon

Imagine there's no heaven
It's easy if you try
No hell below us
Above us only sky
Imagine all the people living for today

Imagine there's no countries
It isn't hard to do
Nothing to kill or die for
And no religion too
Imagine all the people living life in peace

You, you may say
I'm a dreamer, but I'm not the only one
I hope some day you'll join us
And the world will be as one

Imagine no possessions
I wonder if you can
No need for greed or hunger
A brotherhood of man
Imagine all the people sharing all the world

You, you may say
I'm a dreamer, but I'm not the only one
I hope some day you'll join us
And the world will live as one

કલ્પના કરો

કલ્પના કરો, સ્વર્ગ નથી
પ્રયત્ન કરો, માની શકાશે
પાતાળમાં નર્ક નથી
ફક્ત એક આકાશ આપણી ઉપર છે
કલ્પના કરો, લોકો ફક્ત આજના દિવસ માટે જ જીવી રહ્યાં છે

કલ્પના કરો, દુનિયામાં દેશો નથી
માનવું મુશ્કેલ નથી
મારવા કે મરવા માટે કોઈ કારણ નથી
અને કોઈ ધર્મ પણ નથી
કલ્પના કરો, બધાં લોકો શાન્તિથી જીવે છે

તમે, તમે કહેશો કે
હું સ્વપનશીલ છું, પણ હું એકલો જ નથી
ઈચ્છું છું કે ક્યારેક તમે પણ મારી સાથે જોડાશો
અને વિશ્વ એકમય બની જશે

કલ્પના કરો કે આપણી પાસે કંઈ જ નથી
કલ્પી શકશો કે કેમ?
નથી જરૂર લાલચની કે ભૂખની
મનુષ્યજાતિનું બંધુત્વ
કલ્પના કરો, બધાં લોકો માટે આખું વિશ્વ સહિયારું છે

તમે, તમે કહેશો કે
હું સ્વપ્નશીલ છું, પણ હું એકલો જ નથી
ઈચ્છું છું કે ક્યારેક તમે પણ મારી સાથે જોડાશો
અને વિશ્વ એકમય બની જીવશે.

8 Jan 2013

A Childhood

by Robin Robertson

The last bottle of lemonade is nodding
in the rock pool, keeping cold. A childhood,
put away for later. I'm too busy to notice
the sun is going, that they're packing up,
that it's almost time for home. The low waves
warm round my knees as I dig in,
panning for light, happy to be here, dreaming
of the evening I'll wake on the lilo
singing my head off, somewhere
in the sea-lanes to Stavanger, or Oslo.

The Guardian <http://www.guardian.co.uk/theguardian> , Friday 22 February 2013

પત્થરો વચ્ચે દરિયાનાં છીછરાં પાણીમાં
લેમનેડની છેલ્લી બોટલ, હલકડોલક થતી
ઠંડી થઈ રહી છે. જાણે એક બાળપણ
ભવિષ્ય માટે કોરે ન મૂક્યું હોય! પણ હું મારામાં મગ્ન છું.
મને ખ્યાલ પણ નથી રહ્યો કે સૂર્યાસ્ત થઈ રહ્યો છે,
તેમણે બધું સમેટવા માંડ્યું છે કે ઘેર જવાનો સમય થયો છે.
આછાં આછાં મોજાં મારાં ઘૂંટણને ગરમાવો આપી રહ્યાં છે
અને હું રેતીમાં વધુ ને વધુ ખૂંપી રહ્યો છું;
વધુ ઉજાસ માટે હું આમતેમ ખસું છું.
અહીં છું તેની જ ખુશી છે. સ્વપ્નું માણી રહ્યો છું કે સંધ્યા ટાણે
ઊઠીશ ત્યારે જોરશોરથી રાગડા તાણતો હું પ્લાસ્ટિક્ની પથારી પર
ક્યાંક સ્ટવાન્ગર, કે ઓઝલોની દરિયાઈ કેડી પર સરકી રહ્યો હોઈશ.

(© અનુવાદ ભદ્રા વડગામા)

ગદ્ય પદ્ય

સુરેશ દલાલ

હું અસહાય મૌનથી તને જોઈ રહું છું અને તારે
માટે કશું કરી શકતો નથી. હોસ્પિતાલની ધોળી
દીવાલોમાં તું કાળું કાળું કણસે છે. કોઈ આશીર્વાદ
વરસે તો તારી પીડા ઓછી થાય. મારી પાસે
પ્રાર્થના સિવાય કશું નથી. હું મારી તમામ
પ્રાર્થનાઓ પહોંચાડું છું પરમેશ્વરને. પ્રયત્ન કરું છું કે
હું કઈ રીતે ઢંઢોળી શકું તેના મૌનને. તારી
આંખમાં લાચારી અને શૂન્યતા જોઈને હું અકળાઈ

જાઉં છું અને ચૂપચાપ તારા ખંડમાંથી બહાર નીકળું
છું ત્યારે મને મરણનો પગરવ સાંભળીને મારા કાન
નાખવાનું મન થાય છે. પણ એનાથી પણ
મરણની ગતિ ઓછી રૂંધાય છે? તારા મરણ
પહેલાના મૌનમાંથી હું તારા મરણ પછીના મૌન
તરફ પ્રયાણ કરું છું ભ અને મારી અસહાયતા પર
ગુસ્સો કરવાનું કે આંસુ સારવાનું પણ મને મન નથી થતું.

Prose Poem by Suresh Dalal
<http://uk.mg.bt.mail.yahoo.com/poets/Suresh_Dalal>

I look at you in helpless silence, incapable of doing
a thing for you. In the middle of the white-washed walls
of the hospital ward you lie, groaning quietly in the dark abyss of pain.
Only a miracle can bring you some relief. I have nothing to offer,
but a prayer. All my prayers reach the Almighty, an attempt I shall make.
I am trying to find ways to shake off His unbearable silence.
Desolation and numbness in your eyes drive me crazy and as
I leave the ward quietly, I hear the footsteps of death. I want to
cut off my ears to block their sound. But will that delay the advent of death?
From your voicelessness before death, I move towards your silence
after death – and I do not even want to feel angry or shed tears at my helplessness.

(© અનુવાદ ભદ્રા વડગામા)

Destruction !

Mother
I had an eternal wish
To be borne by you !

To enter
Your sensitivities,
Your desires,
Your closeness.
Floating around your pure, white, auspicious egg,
Trying to grab it
Finally….
Only one of the innumerable sperms
Was able to penetrate its membrane
To become one with it.

Then,
At the climax of love-making
A union took place
And that was I !

Gradually
The embryo started to take a shape.
With a soothing tune on your lips,
With intense love,
Your gentle hand
Stroked the abdomen;
Embracing me, totally,
With your palm,
Stirring me up
From the dark abyss
Of your womb.

And one day
The embryo had new buds;
It had hands, feet, nose
And limbs.
And it got the sex
Of a GIRL !
Oh, what a delightful moment
That was for me!
My dream had come true
To become like Gargi, Maitreyi !
You too must have been over the moon
Relishing this special moment.

That's what ***I*** thought !

But the fate had its own
Hidden agenda !
Scanning, screening revealed my sex !
And I invited destruction !
Total ….. total …. destruction ….

You and only **You**
Had made the decision
To terminate me
Who forced you?
What struggles did you face?
What doubts did you have?
And one day I will be borne by you
My eternal wish,
Was ruined in a moment !

I screamed
As a sharp tool
Pierced me again and again
I was suffocated,
Mute within a second,
Mute…. mute …. mute.

How I had convulsed
As I was asphyxiated !
No one understood my pain
And my lament.
Not even you ?
Being a woman
No… no… being a mother?
You - only YOU became the butcher.

In this country - this great country
Female shakti is worshipped as
Lakshmi, Saraswati, Kali,
Durga, Parvati !

Where remarkable women once lived -
Gargi, Maitreyi, Draupadi,
Razia, Chand Bibi,
The brave Queen of Jhansi
How many names,
Who can I count them to?
Wow ! What an admirable past !

At present -
Today,
Many, like me
Would sigh and curse you for
Our sorrow, our ruin
The society, reduced to ashes,
A girl,
A clan,
A family
Will face - Destruction !

Translation of the original poem called *Vinash* written in Gujarati by Niranjana Desai in the title *Itar, 2009 pg. 98-101*
21 Nov 2009

(© અનુવાદ ભદ્રા વડગામા)

e.mail : bhadra.v@btinternet.com

અબીહાલ, અમેરિકાના મિશિગન રાજ્યના ડેટ્રોઇટમાં રહેતા, એક આશાસ્પદ ગુજરાતી કવિ ચિંતન શેલતે, પોતાના Facebook પાને, 25 ફેબ્રુઆરી 2013થી, આ નીચે આપી ચર્ચા માંડી છે. શક્યતાનુસાર, તેને, અહીં, સૌજન્યભેર, ઉદ્ધૃત કરીએ છીએ. વાક્યરચના, વ્યાકરણ, જોડણી જે છે તેમ જ રહેવા દઈ, મૂળ જાળવવાનો પ્રયાસ કર્યો છે.

•

ચિંતન શેલત : કવિતાનું એવું કયું અંગ છે જે કવિતાને ડાયસ્પોરા બનાવે છે? આટલી બધી ચર્ચાઓ પછી એ તો નક્કી છે કે દેશની બહાર નીકળી ઝૂરાપાનાં રોદણાં રડવા એને તો ડાયસ્પોરા ના જ કહેવાય. જો એમ કહેવાતું હોય તો ગુજરાતની બહારનાં કવિઓની કવિતાઓ પણ ડાયસ્પોરા જ કહેવાવી જોઈએ. પછી ભલે ને એ મુંબઈ, કે દિલ્હી ગમે ત્યાં રહેતો હોય. અને ગુજરાતમાં રહીનેય જે ઝુરાપાની કવિતાઓ લખે છે એને શું કહીશું?

માત્ર સ્થળ-કાળનાં બદલાવથી આ કવિ ઉશનસે કવિતા લખી એને શું ડાયસ્પોરા કહી શકાય?

આવી જ એક ક્ષણ હોય,
સામે અષાઢ ઘન હોય,
ફણગો ફૂટે અડકતાં જ,
ભીનો ભીનો પવન હોય
જે તે ચણ્યું ગમે ના,
કાચું પીમળતું વન હોય,
ઊગી જવાય વાડે,
જો આ ક્ષણે વતન હોય
જામીય જાય મૂળિયાં,
જો થોડું બાળપણ હોય,
સિમેન્ટમાં ઢંઢં છું,
એકાદ મિટ્ટીકણ હોય
ઠરવા ચાહે છે આંખો,
હરિયાળું ક્યાંક તૃણ હોય,
બોલાવે ઘેર સાંજે,
બા ના સમું સ્વજન હોય.

— ઉશનસ્

અને આ ડાયસ્પોરા, દલિત સાહિત્ય વગેરે વગેરે તો મને સાહિત્યમાં કરેલો કોમવાદ લાગે છે, સાહિત્ય એ સાહિત્ય છે, કવિતાને ડાયસ્પોરા થોડી થવાનું હોય છે? કવિતાને તો કવિતા થવાનું હોય, બસ વાત ખતમ.

જો જરૂરી જ હોય તો ડાયસ્પોરાને એક કાવ્યભાવ તરીકે જોઈ શકાય, પણ કાવ્યપ્રકાર તો ન જ હોવો જોઈએ.

જાહ્નવી અંતાણી : કવિતાને તો કવિતા થવાનું હોય, ... true.

સંજુ વાળા : બિલકૂલ સંમત ચિંતન ! ડાયસ્પોરાના નામે હમણાં કેટલાંક અન્ય ટાર્ગેટ સિદ્ધ થાય છે, એ તો આપણે જાણીએ છીએ. હું પણ કવિતાને કવિતા જ રહેવા દેવાના મતનો છું. આપણે વિશેષણોની ભરમારમાં આવી જઈને મુખ્ય વાત તો ક્યાંક ભૂલી નથી જતાને ? એ હવે નક્કી કરી લેવાનો સમય થઈ ગયો છે.

શીતલ જોશી : ખુબ સાચી વાત ચિંતનભાઈ ... કવિતા સમય અને સ્થળ સાથે બદલાવ જરુર પામે છે અને આપણે એની 'ફોઇ' બની નામકરણ ' સવિતા ' કે ' લલિતા ' કરીએ તો એનાથી કવિતા થોડી બદલાવવાની....? ...હાં જેમ કે ચીનુ મોદી ને ' મળે ના મળે ' માં અમદાવાદના ' આદિલ' સાહેબ અમેરીકામાં બદલાયેલા લાગ્યા પણ કવિતા તો કવિતા જ રહી.......રહેવી જ જોઈએ......કવિતાને તો કવિતા થવાનું હોય, બસ વાત ખતમ.

અનિલ જોશી : ડાયસ્પોરા સાહિત્ય એ તુત છે .ગુજરાતીના અધ્યાપકોની નવરાશની પ્રોડકટ છે .આપણે સહુ પૃથ્વીના ગ્રહ ઉપર માઈગ્રેટ થયેલા વસાહતીઓ જ છીએ .અમેરિકા હોય કે પછી યુરોપનો કોઈ પણ દેશ હોય એમાં રહેતો કવિસર્જક વિદેશી હોતો નથી ,જેને ઘરઝુરાપો લાગતો હોય તો ભલે લાગે .સંતરાને સફરજન ન હોવા બદલ ઠપકો અપાય નહિ .

ભરત ત્રિવેદી : ડાયસ્પોરા એ પાણીમાંથી પોરા કાઢવાની વાત છે. અહીં બંને પક્ષને ફાયદો થવાની વાત આવે છે એટલે ગુજરાતી કવિતામાં એ બધું ચાલી શકે છે. ઘરજુરાપાની કવિતા ડાયસ્પોરા કવિતા જેને કહેવી હોય તે ભલે કહે. 'વિ-દેશવટો ' આપ્યા પછી પણ મારો મત જરા પણ બદલાયો નથી. મારી કોઈ પણ કવિતા ઘરઝૂરાપાની નથી. એ ઝૂરાપો એ કવિની મર્યાદા છે . કવિ પોતાની આસપાસની આબોહવામાં વસે ને સ્વસે ને જે તેની કવિતામાં આવે તેનો મહિમા હોય. આસપાસ બનતી ઘટનાઓ પ્રત્યે કવિનો શો પ્રતિભાવ એના લખાણમાં ઓળઘોળ થઈને આવે અને તેણે સ્વીકારેલી ભાષાને નવું શું મળ્યું તેના પરથી જ તેનું મૂલ્યાંકન થાય. હું તો કહું છું બીજી ભાષા પર તણી કવિતાની શી અસર થઈ તે જ તેને ડાયસ્પોરા કવિતા બનાવે. ચિંતન તેમ તો મારી લવ પોએમ્સ તો ધી ટાઈગ્રેસ વાંચી છે ને ? ઈતિ અલમ.

પારુલ ખખ્ખર : કવિતાને તો કવિતા થવાનું હોય, બસ વાત ખતમ. agree ...

ભરત ત્રિવેદી : ડાયસ્પોરા નામની બિલાડી છે પણ આ લોકો તેને ઓળખતા નથી અને ભળતી બિલાડીને જ ડાયસ્પોરા કહીને ભાવ વધારી મૂકે છે ! અમેરિકામાં વસ્યા પછીની આદિલજીની કવિતાએ જે વળાંક લીધો તે અભ્યાસીઓને બહુ નથી ગમ્યો. તેમની અગાઉની ગઝલોમાં જે ઉન્મેષ હતો તે ઓછો થઈ ગયો હતો તેઓ કેવળ આદતવશ લખતા હતા તેના પુરાવા શોધનારને મળી રહે. કોઈ પણ સર્જક પાસે એકસરખી ગુણવતાવાળી કવિતાની આશા વધુ પડતી ગણાય. સચિનને પણ તકલીફ પડે છે જ ને ! કોઈ પણ સર્જક અમુક સંખ્યામાં કવિતા લખ્યા પછી નિચોવાઈ જતો હોય છે અને પછી પોતાની નકલ કરતો થઈ જાય છે ને તેની આગલી સફળતા ટકાવી શકતો નથી. જોકે તેમાં અપવાદ હોય શકે પણ ખૂબ ઓછા.

Bharat Trivedi : I wonder as to what makes a poem Dalit-kavita ! In poetry it is never the subject of the poem that essentially matters then it is the last name of the poet ? Or is it something to get exemption from the strict demands of the 'poetry' thing ? Why dalit poetry in the first place ?

Pancham Shukla : Chintan, let the bunch of lovers and loathes of the word 'diaspora' fight for their own interests or lack of them.

We better try to understand it logically, academically and with open mind. If you are interested, here is one link that may be useful in understanding what is 'diaspora'? Diaspora comes in various dimensions - literature, history, language, multi-layered connectivity etc.

http://www.diasporamatters.com/what-is-meant-by-diaspora/2011/

In my opinion, there is only one genuine and credible authority on Gujarati Diaspora/Diasporic literature and his name is Vipool Kalyani.

Pancham Shukla : Syllabus for integrated PhD in Indian Diaspora:

http://www.gujaratuniversity.org.in/web/NWD/Admission/2012_Study%20Abroad%20Programme%20Admissions-2012/9000_Admission%20Announcement/7000_Syllabus%20Integrated%20Ph%20D%20in%20Indian%20Diaspora.pdf

Anil Chavda : Khub saras charchà thai rahi chhe

ૠતુલ જોશી : ડાયાસ્પોરા કે દલિત સાહિત્ય/કવિતા એ ઝુરાપા કે અન્યાય એક એકાંગી પરિમાણથી ચાલતા નથી, ચાલવા ના જોઈએ. કવિતા એ કવિતાનું કામ કરવાનું હોય એ વાત સાચી પણ કવિતાને જે તે કવિના સામાજિક પરીપેક્ષ્યથી પણ જોઈ શકાય, તેને વિવિધ એન્ગલેથી જોઇને તેના વિષે વધુ સમજી શકાય કે તેનું કોઈ નવી રીતે રસપાન કરી શકાય. જેમ કવિતા લખવાની એક જ રીત ન હોય તેમ કવિતા વિષે વિચાર કરવાની કે તેનું રસપાન કરવાની પણ એક

જ રીત ન હોઈ શકે. તેથી જ ડાયાસ્પોરા કે દલિત જેવા સાહિત્ય પ્રકારો જન્મે છે. જે કવિતાને નવા પરિમાણ આપવાની કસરત માત્ર છે, તેનાથી કઈ બંધિયાર ક્યારેય થઈ જતું નથી. ખેર, બંધિયાર લોકો તો કવિ જ ન થઇ શકે! ખરાબ દલિત કવિ કે નબળા ડાયાસ્પોરા કવિ પણ હોઈ જ શકે.

ખાસ તો દલિત કવિતામાં - મારા માટે એ પ્રશ્ન નથી કે દલિત કવિતા એટલે શું અને તે કેમ હોવી જોઈએ? પણ હકીતત એ છે કે દલિત કવિતા/ સાહિત્ય છે. જીવે છે. પ્રવર્તે છે. ભારતમાં કરોડો દલિતો છે. પહેલા તો આ સામાજિક વાસ્તવિકતાને સ્વીકારીને પોતાની પૂછપરછની શરૂઆત કરીએ. આ વર્ગના પ્રતીકો, ભાષા, અભિવ્યક્તિ, આંતરીક સંઘર્ષો, દ્રષ્ટિકોણનું શું? શું દલિત કવિતા ન હોત તો આ બધું ક્યારે બહાર આવ્યા હોત? કવિતાની મુખ્ય ધારાના પ્રભાવમાં બીજા સાહિત્ય પ્રકારની થતી અવગણનાનું શું? આ પ્રશ્નો પૂછવાથી કે તેના જવાબ શોધવાથી કોઈ 'કોમવાદી' નથી થઇ જતું. કોમવાદ તો ત્યારે થાય છે કે જ્યારે પોતાની મુખ્ય ધારાની પોઝીશન અને પ્રિવિલેજ અંગે પરિચિત કે સંવેદનશીલ થયા વગર એમ પૂછવામાં આવે કે આ છેવાડાના સાહિત્ય પ્રકારો હોવા જ કેમ જોઈએ? તમે જેને મુખ્ય ધારા માનો છો તે પોતે પણ એક બંધિયાર વાડો ન હોવાની ખાતરી ખરી?

In every discipline, there are areas which either marginalised by the mainstream discourse or they are about the marginal groups. For example, the subaltern studies in the Indian history.

Nalin Suchak : ek machhli jal ma rahi ne y koru koru tarfade to ene tame shu kahesho?

Pancham Shukla : http://opinionmagazine.co.uk/details/5/%E0%AA%A1%E0%AA%BE%E0%AA%AF%E0%AA%B8%E0%AB%8D%E0%AA%AA%E0%AB%8B%E0%AA%B0%E0%AA%BF%E0%AA%95-%E0%AA%97%E0%AB%81%E0%AA%9C%E0%AA%B0%E0%AA%BE%E0%AA%A4%E0%AB%80-%E0%AA%B8%E0%AA%BE%E0%AA%B9%E0%AA%BF%E0%AA%A4%E0%AB%8D%E0%AA%AF-%E0%AA%B8%E0%AA%B0%E0%AB%8D%E0%AA%9C%E0%AA%A8-:-%E0%AA%A6%E0%AA%B6%E0%AA%BE-%E0%AA%85%E0%AA%A8%E0%AB%87-%E0%AA%A6%E0%AA%BF%E0%AA%B6%E0%AA%BE

ચિંતન શેલત : રુતુલભાઈ, સંમત છું આપની સાથે, અને પંચમ સર, હું વિપુલ સરની અગેઈન્સ્ટ કંઈ જ બોલી નથી રહ્યો, એ મારા વડીલ છે અને એમનાં કાર્યથી હું ખૂબ વાકેફ છું, અને એમનું માર્ગદર્શન સમયાંતરે મળી જ રહે છે માટે હું એમનો ખૂબ ઋણી છું.

સરરીયલ, ઈમેજીસ્ટ, સીમ્બોલીસ્ટ, ક્યુબીક, ડાયસ્પોરા, દલિત, આ બધી અલગ અલગ વિભાવનાઓ, સૈદ્ધાંતિક રીતે કવિતા, આર્ટ ને સમજવા માટે ખૂબ જરૂરી છે એ ખરું. પણ માત્ર આ વિભાવનાને પકડી રહી ને શુદ્ધ કવિતા સાથે છેડછાડ એ પણ યોગ્ય નથી. કોઈ પણ પ્રકારનો કવિ હોય, એની પાસે થી પહેલા કવિતાની અપેક્ષા રાખીએ, ત્યારબાદ પ્રકારનો વિચાર કરીએ એમ મારું માનવું છે.

ફલાણો કવિ તો ડાયસ્પોરિક છે અને ફલાણો કવિ તો દલિત છે એમ કહી ને/ વિચારી ને એની પાસે થી રાખવામાં આવતી કવિતાની અપેક્ષા બદલાઈ જાય એ તો કોઈ પણ સાહિત્યનાં હિતમાં નથી.

અને માન્યું કે આ નોસ્ટાલ્જીયા એક જરૂરી અંગ છે ડાયસ્પોરાનું, But this nostalgia is always interpreted as a denial. Denial of life that they have here, in the other land. why is that? Because I see here everyday hundreds of indians living in USA but they are actually living in India, they are not really living here, all they want is indian environment. so of course their nostalgia is interpreted as denial.

Every Indian who goes out of the country, he is left alone so he is stuck in the time frame of the day he left india and he constantly lives in it. He expects his friends and family to be there in the same frame, but when he comes back he discovers that no they all moved on, and that is when he feels left alone and comes back and lives life in the same nostalgia and misery of being left alone. why???

If I try to decipher diaspora very academically, a true diasporic should live here and there at both places. people exist at one place but feels related to another. (You can find references for this in the link given by Pancham sir.) but these indians are not existing here at all, so how come they are diasporic? A true nostalgia should not be interpreted as denial, it should be interpreted as fear of losing the reminder of what he still has back home. A true nostalgia should be care for those relationships.

ઓપીનીયનનાં ગયા અંકમાં એક અમેરિકા સ્થિત કવિની કેટલીક કવિતાઓ છપાઈ છે, (જો કે એ કવિતાઓ વિશે એવું કંઈ કહેવામાં નથી આવ્યું કે તે ડાયસ્પોરા છે કે નહીં) પણ એ બધી જ કવિતાઓમાં રહેલો ઝૂરાપો ડીનાયલ છે.

(આ ડાયસ્પોરા ખૂબ વિશાળ છે, હું માનું છું એટલું નાનું નથી, પણ જ્યાં સુધી કવિતાની વાત આવે છે અને કવિ પાસેથી રાખવામાં આવેલી અપેક્ષાની વાત આવે છે, ત્યાં સુધી ડાયસ્પોરાના નામે કાચું કામ ન જ ચલાવી લેવાય, અને મારો વિરોધ એ કાચું ચલાવનારાઓ સામે જ છે.)

Pancham Shukla : Thanks Chintan for the explanation. This would help me to understand the under-currents of your mindset.

Usually, genuine writers don't write as per dictated guidelines. And no writer (including diaspora writer) should be forced what to write and what not to. However, academically, one may study the style, characteristic patterns, and core elements of an individual writer or common trends among groups of writers under similar circumstances/environment. Whether we like it or not (or whether we approve of it or not), various studies have shown that the nostalgia is a vivid ingredient of diaspora writings. Nostalgia may manifests in multitude of forms including denials, adjustments, suffocations and celebrations. But as you pointed, a cognisant writer would be watchful that he doesn't slip into a forlorn and self repeating type writer.

If I dare to cite my poem 'યાદ કર તું પંચમ' [http://spancham.wordpress.com/2012/02/07/yaad-kar-tu-pancham/], I am not sure how would you see (or classify it). However, I am pretty sure that I would not have written such a poem if I were still residing in Gujarat/India. I guess that there is some blend of nostalgia, adjustment and acceptance woven with distinct material objects, metaphors and similes of two lands that makes it different from mainstream Gujarati poems in texture and taste.

Nonetheless, I must admit that not all my poems are of similar blend (and of course it should/may not be) and hence the word 'diasporic' should be used with caution against the word 'diaspora'.

Surely, as you said, a poem must be judged as a poem on its merit first but then let it be classified and categorised next for correct understanding and appreciation of the diversity of the literature.

Finally, thank you so much for allowing me to participate in this discourse on diaspora/ diasporic literature.

•••

On a light and philosophical note I would quote Bharatbhai Trivedi's FB status: 'દરેકને પોતાના લેવલની જ કવિતા સમજાતી હોય છે ! સારી કહેલી કવિતા સારી જ હોય કે ખોટી લાગતી હોય તે કવિતા ખોટી જ હોય એવું જરા પણ હોતું નથી. આ સત્ય લખનાર અને વાંચનારે સમજી લેવાની જરૂર હોય છે.'

Shivani Desai : Have to say a lot .... will get back soon.....

– ગુફ્તગૂ

આ તો સાવ જાનવર જેવો છે !

• આશા બુચ

આવા ઉપાલંભ આપવાના બંધ કરીએ એ જરૂરી છે.

કારણ કહું ? એક હજાર 'ને એક છે, બોલો છે તૈયારી સાંભળવાની ?

૧. કોઈ પશુ, પક્ષી કે પ્રાણી પોતાને નર કે માદા અવતરશે એ જાણવા તપાસ કરાવવા જાય છે? અને જો જાણ થાય તો માદા આપનાર ઈંડાને સેવે નહીં કે ઈંડામાંથી માદા નીકળતી જુએ તો તેની ડોક મરડી નાખે એવું જાણ્યું નથી હોં, ભાઈ !

૨. પ્રાણી પોતાના બચ્ચાં માટે મારણ લાવીને, પક્ષી ચણ લાવીને અને જીવ જંતુ નાની જીવાત લાવીને ભરણ-પોષણ કરે અને બીજા ભક્ષકોથી એમનું જતન કરે છે. કોઈ દી હાથી કે હાથણી પોતાના મદનિયાને જન્મ આપતા જ જંગલની કેડીઓ પર મૂકીને રફુચક્કર થઈ ગયા હોય એવું છાપામાં આવ્યું નથી.

૩. મનુષ્ય બુદ્ધિ અને વાણીનો સ્વામી હોવાને કારણે અન્ય પ્રાણીઓથી પોતે ઉચ્ચતર કોટિનો છે એમ માને છે. બંધુઓ, એ જ એક એવી જાત છે જે પોતાના બચ્ચાંને સાચવવા ભાડૂતી માણસો રોકે છે, જયારે બીજા પ્રાણીઓમાં એ કામ જન્મ આપનાર પોતે જ કરે છે (કોયલનો દાખલો આપશો મા, એ પણ કુદરત નિર્મિત નિયમનું પાલન કરે છે).

૪. જળચર, ભૂચર અને ખેચર એવા તમામ પ્રાણીઓ પોતાનાં બચ્ચાંઓને જીવન ટકાવવા માટે ખોરાક કેમ મેળવવો એ ય જાતે જ શીખવે છે, કંઈ એને માટે બીજા પ્રાણીઓને નોકરીએ રાખીને એમને 'ડોનેશન'ના નામે લાંચ આપીને પોતાની સંસ્કૃતિને એ લોકો લાંછન નથી લગાડતા. સાચ્ચું ને?

૫. સિંહ પોતાનું અને પોતાના બચ્ચાંનું પેટ ભરવા હરણ કે ઝેબ્રા મારશે પણ કોઈ દી સાંભળ્યું છે કે બે સિંહને એક બીજા સાથે દુશ્મનાવટ થઈ અને એકે બીજાનો વિના કારણ જાન લઈ લીધો? માણસ આવું કામ કરી દે, હો ભાઈ !

૬. પ્રાણી જગતમાં માદા પર પોતાનો અધિકાર જમાવવા બે નર વચ્ચે ખુલ્લે આમ લડાઈ થાય છે, તેની ના નહીં. પણ એક બળદની ગાય પર બીજો બળદ બદનજર નાખે, એને ભગાડીને લઈ જાય કે એના પર બલાત્કાર કરે એવું તો કળિયુગમાં ય નથી બનતું. પણ માનવ જાતને તો આમાંનું કાંઈ પણ કરતા થડકારો ન થાય, ભાઈ.

૭. વાનર જાત કેટલાંક શસ્ત્રો વાપરતાં શીખી છે, જેમ કે પત્થરનો ઉપયોગ લીલાં-સૂકાં ફળો તોડવાં અને ઝાડની ડાળનો ઉપયોગ મધપૂડામાંથી મધ મેળવવા કરે છે. પણ કોઈ દી વાનરે એ સાધનો કોઅલા બેરને વેંચ્યાનું સાંભળ્યું છે, મારા વીરા? માણસ જ એક એવી કજાત છે જે શસ્ત્રો બનાવી પોતાની જ જાતના લોકોને મારે, અને એનાથી ધરાયો ન હોય એમ વધુ શસ્ત્રો બનાવી બીજા દેશોને વેંચે! મોતનો વેપાર કરવાની સૂઝ કેળવવા બદલ ધન્ય છે એને.

૮. દરેક પશુ-પક્ષી પોતાના રહેઠાણ માટે બખોલ બનાવે, માળો બાંધે કે પોતાની સરહદો નક્કી કરીને એનું રક્ષણ કરે. બીજા જીવોને મારીને અને અમુક ચરાણમાંથી ઘાસ ખાઈને પોતાનું તથા પોતાના બચ્ચાંનું ભરણ-પોષણ કરે, પણ એ કુદરતના નિયમોને અનુસરીને એની નક્કી કરેલી મર્યાદામાં રહીને જીવે. ગાયની ગમાણમાં ઘોડા ચડી આવે, ઝપાઝપી થાય અને ગાયો વિસ્થાપિત થાય, નિરાશ્રિત બને એવી કલ્પના આવે છે?

૯. કીડીને કણ અને હાથીને મણ જોઈએ એ ખરું. આમ જુઓ તો માનવેતર હર જીવ સૃષ્ટિ રોજે રોજનો ખોરાક મહેનત કરીને મેળવે છે. તમે કીડીને ક્યારેય કણની બદલે મણ જેટલો ખોરાક એકઠો કરીને સંતાડતી નહીં જુઓ. તેમ હાથી ય મણ જેટલાં ઝાડ-પાનની જગ્યાએ દસ મણ ઝાડ-પાનનો સોથ વાળી, એ જથ્થાને દબાવીને બેસી નહીં જાય તેના પર. આવું તો માણસ જ કરે, ભાઈ.

૧૦. જીવો જીવસ્ય ભોજનમ એ કુદરતના ક્રમ ઉપર સમગ્ર જીવ સૃષ્ટિ ટકી રહી છે. આ શૃંખલામાં માનવ જાત સહુથી ઉપર છે એટલે બીજાં કોઈ પ્રાણીઓનું એ ભક્ષ્ય નથી બનતો. આ સ્થિતિનો લાભ લઈને એ પરસ્પર વૈમનસ્યના વાવેતર કરીને છુટ્ટે હાથે આતંકવાદ વેરે છે. સૌથી વધુ ઝેરી, વિકરાળ કે મહાકાય પ્રાણીઓ, પક્ષીઓ કે જંતુઓ પણ પોતાની કે બીજી જાત ઉપર માણસની જેમ પદ્ધતિસરનું આક્રમણ કરીને જાનહાનિ નથી કરતાં, એ સર્વ વિદિત છે.

૧૧. તમામે તમામ જીવ સૃષ્ટિ જીવન ટકાવવા અને સંવર્ધન કરવા પ્રાકૃતિક સંસાધનોનો પોતાના ખપ પૂરતો – (અહીં ખપ પૂરતો શબ્દ નોંધવા વિનંતી છે) ઉપયોગ કરે છે, જેમાં એક માનવ જાત અપવાદ છે. પ્રાણીની એક પણ જાત એવી નથી જે કુદરતે આપેલ હવા પાણી અને ખોરાકને ચાર હાથે લૂંટે અને બદલામાં કાંઈ ન આપે.

આપણી આસપાસ નજર કરીશું તો ખ્યાલ આવશે કે અન્ય જીવસૃષ્ટિનો એક પણ પ્રકાર એવો નથી કે જે ખોરાક મેળવવા કે ખાધા પછી, મળ-મૂત્રના વિસર્જન પછી કે પોતાની જીવન રીતિના પરિણામ રૂપ ગંદકીના એવા ઢગ સર્જતા હોય જેને કારણે પોતાનું અને બીજા જીવોનું સ્વાસ્થ્ય માત્ર નહીં, પણ સમૂળગું અસ્તિત્વ પણ જોખમાય. પૃથ્વી પરની ગંદકી અને પ્રદૂષણ જોઈને માનવને થોડી બુદ્ધિ અને વાચા આપ્યા બદલ બ્રહ્માને પેટ ભરીને પસ્તાવો થતો હશે.

માનવીની ઊણપો બતાવતા પાસાઓના આટલા ઉદાહરણો આપીને આજે અટકું. બાકીના ૯૯૦ દાખલા વાચકોને અવશ્ય સ્ફુરશે. હવે ક્યારેય પણ તમારા પરિચિત/અપરિચિત વ્યક્તિ કે સમૂહને સમાજના ધોરણ, કાયદા કે નીતિ નિયમો વિરુદ્ધ વર્તન કરતા જુઓ તો 'આ તો સાવ જાનવર જેવો છે' કે 'આ તો ઢોરથી પણ બદતર છે' એવા ઉદ્ગાર કાઢતાં વિચાર કરજો. માનવ જાત જેવો અત્યાચારી, દૂરાચારી, અનાચારી, ભ્રષ્ટાચારી અને વ્યભિચારી બીજો કયો પ્રાણી સમૂહ છે એની ભાળ મળે તો બીજાને ય જાણ કરજો. ક્યારેક વિમાસણ થાય કે ઉત્ક્રાંતિની ફલશ્રુતિ સ્વરૂપ માનવ જાત અસ્તિત્વમાં આવી અને તે પછીની સહસ્ત્રાબ્દીઓમાં પહેલેથી ભ્રુણ હત્યા કરતો આવ્યો હશે? પોતાના જ સંતાનો પ્રત્યે ક્રુરતા આચરવી, એનો ઉછેર ભાડૂતી લોકો પાસે કરાવવો, એનું શિક્ષણ નિષ્ઠા-શૂન્ય શિક્ષણ પદ્ધતિને હવાલે કરવું એ જ એની પ્રગતિનો માપદંડ બન્યો? અન્ય દેશો પર આક્રમણ, આતંકવાદનો ફેલાવો અને શસ્ત્રોનો વેપાર એ શું માનવની યુગો જૂની પ્રવૃત્તિ રહી હશે? હવસખોરી શું એની પ્રકૃતિનું અંગ હશે? સંઘરાખોરી, ગંદકી અને પ્રદૂષણ માનવ જાતના આભૂષણ ક્યારથી બન્યાં હશે?

માનવી પોતે 'સંસ્કૃત' થયો એમ માનવા લાગ્યો ત્યારથી એની પ્રકૃતિમાં વિકૃતિ આવવા લાગી એમ પૂરવાર થાય છે. મનુષ્ય માત્રએ અગણિત ક્ષેત્રોમાં અદ્દભુત સિદ્ધિઓ મેળવી છે પરંતુ માનવેતર પ્રાણી જગત પાસેથી આપણે ઘણું શીખવાનું છે અને તેના શ્રીગણેશ પ્રાણીઓને આપણાથી ઉપરતી કોટીના ગણીને આપણા દુષ્કૃત્યોને ઢોર સાથે સરખાવવાનું બંધ કરવાથી કરવા રહ્યા. જો પ્રાણીઓને વાચા હોય તો એક ગાય બીજી ગાયના કપાસિયાના તગારા પર તરાપ મારે તો પહેલી ગાય, 'અરે, સાવ માણસ જેવી ભૂખાળવી કાં થા? જરા ગાયની સંસ્કૃતિ સાચવ, નહીં તો ગાયોના ધણમાંથી ગઈ સમજ!' એવું કહેતી સંભળાય તો નવાઈ નહીં. આવું બને તે પહેલાં જ મનુષ્ય જાતિને શોભે તેવું વર્તન કરતા થઈએ.

e.mail : ten_men@hotmail.com

તું હઉ જઉં છું?

• ભદ્રા વડગામા

તું હઉ જઉં છું? – એકવાર સોજીત્રામાં શિક્ષક તરીકે કામ કરી ચૂકેલા અને નૈરોબીમાં રહીને ચૌદ ગુજરાતી સામયિકોના ગ્રાહક, વિશાળ વાચનની રુચિવાળા મારા સસરાએ જ્યારે મને આમ પૂછ્યું, ત્યારે મને થયું કે આ પટેલ લોકો આવું વિચિત્ર ગુજરાતી કેમ બોલતા હશે? ત્યાં વળી એકવાર મારાં લગ્નનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું હતું, આપણા લગ્ન. જે સાંભળી મને આંચકો લાગેલો. તો શું એ ખોટું ગુજરાતી બોલતા હતા?

ફરી એક ઝાટકો લાગ્યો હતો, જ્યારે હું અને મારા પતિ સોજીત્રા ગયાં હતાં અને કુટુંબની એક છોકરીએ મને કહ્યું, ભાભી, તમે કેવું વિચિત્ર ગુજરાતી

બોલો છો! હું વિચિત્ર ગુજરાતી બોલું છું? તે શકય જ નહોતું ! હજુ ય યાદ કે નવમા ધોરણમાં આવી, ત્યારે ગુજરાતીના શિક્ષકે બારમા ધોરણની બાળાઓને કહેલું, સ્કૂલમાં એક નવી છોકરી આવી છે તેનું ગુજરાતી આખી સ્કૂલની બધી છોકરીઓથી વધુ સારું છે. તેથીસ્તો સિનિયર કેમ્બ્રીડ્જની પરીક્ષામાં ડિસ્ટિંકશન મળેલું. વળી મારી ઘરની કહું કે માતૃભાષા કહું તે હતી કચ્છી એટલે જે ગુજરાતી શીખી હતી તે પર કોઈ પણ પ્રાંતની છાપ નહોતી. મારી દૃષ્ટિએ હું શિષ્ટ ગુજરાતી બોલતી હતી.

આ શિષ્ટ ગુજરાતી વિષેની ચર્ચા અમારી 'ગુજરાતી સાહિત્ય અકાદમી'ના રીડર્સ ગ્રુપમાં હાલ થઈ હતી. નીરવ પટેલના 'ગુજરાતી મારી માતૃભાષા, અંગ્રેજી મારી ફોસ્ટર મધર' લેખ પર આધારિત અમે તે ચર્ચા કરી હતી. બેઠકના સંચાલક ધવલ વ્યાસે ત્યારે કહ્યું હતું કે બોલવાની ભાષા પર બોલીની અસર થાય અને લખવાની ભાષા તો શિષ્ટ ગુજરાતી જ હોવી જોઈએ. તો પછી મારું ગુજરાતી વિચિત્ર કેમ હોઈ શકે?

અને વિચારમાળા આગળ ચાલી. શું મારી ભાષા પર કચ્છી બોલીની અસર હતી? પણ કચ્છી ભાષા લખાતી ન હોતાં શિષ્ટ કચ્છીની વ્યાખ્યા પણ મારે માટે શકય નથી.

અંગ્રેજીમાં જેને harsh એટલે કે કર્કશ કહી શકાય તેવા ઉચ્ચાર અમારી કચ્છી બોલીમાં વધારે છે. દાખલા તરીકે દોડ ને અમે કહીએ ધોળ, દુખને કહીએ ડુખ, ઠંડાને કહીએ ઠઢો, બટેટાને કહીએ ભટેટા, ખાંડ ને કહીએ ખંઢ. તે જ પ્રમાણે કચ્છીમાં એકાક્ષરી શબ્દો પણ ઘણા છે, દા.ત. ધો, ધૂ, પી, ખા, ડીં, કીં વગેરે. વળી મેં એ પણ જોયું કે અમે ભાટિયા કચ્છી ભાષા બોલીએ છીએ, એમાં શબ્દને જેટલો બને એટલો ટૂંકો કરી નાખીએ છીએ. દા.ત. આ શબ્દો ખોજા લોકોની બોલીમાં તમે કદાચ સાંભળ્યા હશે : વિન એટલે કે જા, લિખ એટલે કે લખ. અમે ભાટિયા બોલીએ ત્યારે કહીએ વ્ન્ કે લ્ખ્. પૂરા અક્ષર વન પણ ન બોલીએ.

એકવાર ઝાંઝીબારમાં અમારે ત્યાં સ્વામી કૃષ્ણાનંદજી મહારાજ મહેમાન થઈને આવ્યા હતા. તેમણે મને કહ્યું કે મારે તેમને કચ્છી ભાષા શીખવવી. હું શીખવવા લાગી તો આ શબ્દો સાંભળી તેમણે કહ્યું, 'આ તો ગુજરાતી શબ્દો છે.' એ શબ્દો હતા : અંદર (માંહ્ય) અથવા (મંજારા), ઠંડી (સી), વરસાદ (મી), ચાવી (કુંજી). એ શબ્દોની સાથે કૌંસમાં લખેલા કચ્છી શબ્દો હોવા છતાં અમારી બોલીમાં તે જવલ્લે જ બોલાતા. તો શું અમે કચ્છની બહાર વસતાં હતાં એટલે કે પછી ગુજરાતીની અસર અમારી બોલી પર ઘર કરી ગઈ હતી?

વળી વિચારમાળા ગઈ હાલારી કચ્છી તરફ. અહીંથી કચ્છી ભાટિયા કુટુંબમાં પરણેલી એક હાલારી કચ્છી બહેન મુંબઈ પિયરે ગઈ હતી. માને કહ્યું હતું કે તેની દીકરી રાધા કચ્છી બોલતાં જાણે છે. એકવાર રાધા રમતી હતી ત્યાં એની હાલારી નાનીએ એને કહ્યું, 'રાધા, ઉપર જો જોઉં'. અને રાધા સમજ્યા વિના તેનાં નાનીની સામું જોઈ રહી. માએ દીકરીને કહ્યું, 'તું તો કહેતી હતી રાધા કચ્છી જાણે છે. મેં તેને ઉપર જોવાનું કહ્યું પણ તે તો કંઈ સમજતી જ નથી.' એટલે માએ કહ્યું, 'રાધા મથે નાર ત.' અને તરત રાધાએ ઉપર જોયું. આ વાકય પરથી તમે જોઈ શકશો કે હાલારી કચ્છી પર ગુજરાતીની અસર કેટલી મોટી રહી છે. એ લોકો સાધારણ રીતે કચ્છીઓ કરતાં ઘણા વધારે ગુજરાતી શબ્દો બોલશે. દા.ત. ભાઈ, વાત, ઉપર. (કચ્છીમાં અમે કહીએ : ભા, ગાલ, મથે).

આગળ કહ્યું તેમ કચ્છની કચ્છી, હાલારી કચ્છી કરતાં બોલવામાં વધુ કર્કશ હોય છે. અમે કહીએ : આંવ નથો વનાં - હું નથી જતો. તે લોકો કહશે, આંવ નાંય વનનોશ. અમે કહીએ આંવ ખાંધોશ - હું ખાઈશ, એ લોકો કહેશે : આંવ ખાનોશ. અમે કહીએ : આંવ વનાંતો - હું જઉં છું, એ લોકો કહેશે : આંવ વનનો અઈંયાં. આ છેલ્લા વાકયમાં હાલારી કચ્છીમાં ગુજરાતી શબ્દ છું (અઈંયાં)નો ઉપયોગ થયો છે જ્યારે અમારી કચ્છીમાં તેનો છેદ છે.

વળી સાંભળવા પ્રમાણે પાકિસ્તાનમાં વસતાં કચ્છી મુસ્લિમોની ભાષા પર સિંધીની અસર વધારે હોય છે. પણ તે વિષે કંઈ લખી શકું તેમ નથી કેમ કે ન તો હું સિંધી જાણું છું કે નથી કોઈ પાકિસ્તાની કચ્છીને મેં બોલતાં સાંભળ્યાં. ઘણા કચ્છી શબ્દો પંજાબીને મળતા આવે છે. દા.ત. ધી-દીકરી, પુતર-દીકરો, નોં-પુત્રવધૂ,

પછી બીજો એક વિચાર આવ્યો કે કચ્છીમાં નાન્યેતર જાતિ ન હોવાથી તે જાતિના શબ્દોને પુરુષ જાતિમાં ફેરવી દીધા છે. કેળું બને છે કેલો, નાળિયેર બને છે નાલર, ખાવાનું બને છે ખાધેજો. એટલે જ કચ્છના લેવા પટેલો ઘૂંટણને માટે કચ્છી શબ્દ ધૂડો વાપરે છે અને તેને પુરુષ જાતિમાં ફેરવી દે છે. તમે તેમને બોલતાં કદાચ સાંભળ્યા હશે, 'મારો ધૂડો ડુખેરો રી.' અને એમાંથી વળી બીજો એક ખ્યાલ આવ્યો કે કચ્છીમાં 'મેં' જેને અમે 'મૂં' કહીએ તે શબ્દનો ઉપયોગ અમારી બોલીમાં ખૂબ ઓછો થાય છે. દા.ત. 'મૂં કેલો ખાધો'ને બદલે અમે કહેશું 'આંવ કેલો ખાધો.' અને 'આંવ ચીકી ખાધી.' ત્યારે મુસ્લિમ કચ્છી વળી ક્રિયા કરનારની જાતિ પરથી ક્રિયાપદ નકકી કરશે. પુરુષ હશે તો કહેશે, 'આંવ કેલો ખાધોશ' અને સ્ત્રી હશે તો કહેશે , ' આંવ કેલો ખાધીશ.' એ જ રીતે ઈથનાશરી લોકો ગુજરાતી બોલતાં હશે તો પણ મુસ્લિમ કચ્છીઓની જેમ, પુરુષ હશે તો કહેશે, 'હું કેળું ખાધો' અને સ્ત્રી હશે તો કહેશે, 'હું કેળું ખાધી.' એ પણ ખ્યાલ આવ્યો કે કચ્છી વ્હોરા કહેશે, 'હુંએ કેળું ખાધું'.

આ લખાણ માટે કોઈ પણ પ્રકારનું સંશોધન નથી કર્યું. અનુભવે જોયું, સાંભળ્યું અને વિચાર્યું છે તે પરથી આ લખાણ. તેથી કઈ કચ્છીને શિષ્ટ કહેવી તે ન જાણતી હોવાથી તેનો નિર્ણય ભાષાશાસ્ત્રીઓ પર છોડું છું.

e.mail : bhadra.v@btinternet.com

એતાનશ્રી –

'વૅબગુર્જરી'

• "ઓપિનિયન"નો ફેબ્રુઆરી 2013નો અંક મળ્યો. સાદ્યંત વાંચવા જેવી સામગ્રી આપી છે.

બીજું તમે જાણો છો કે અમે કેટલાક સાથીઓએ, જુગલભાઈ વ્યાસની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ, હાલમાં જ, ૨૬મી જાન્યુઆરીએ એક નવી વેબસાઈટ webgurjari.in <http://webgurjari.in> શરૂ કરી છે. આનો હેતુ બધા જ બ્લૉગોની સંકલિત માહિતી આપવાનો છે. આજે આ દિશામાં પહેલું પગલું માંડ્યું છે અને webgurjari.in <http://webgurjari.in> પાંચ બ્લૉગનો પરિચય આપ્યો છે, જેમાંથી એક તમારો બ્લૉગ છે. અહીં જૂઓ : http://webgurjari.in/2013/02/23/mulakat/

સંપર્ક અને સંકલનની પ્રક્રિયાના જ ભાગ રૂપે આ સાઈટ પર લેખક પરિચય, સમીક્ષાત્મક લેખો, કાવ્યવિવેચના વગેરે વિષયો પર સ્વતંત્ર લેખો પણ અમે રજૂ કરીશું. તે ઉપરાંત, સાહિત્યેતર બ્લૉગો પર પણ પ્રકાશ પાડવાની અમારી નેમ છે.

અમે તો તમારા બ્લૉગને 'ફોલો' કરીએ જ છીએ, અને આ સાથે, અમે તમને અને તમારા મિત્રો, વાચકોને પણ આ નવી વેબસાઈટના સભ્ય બનવા આમંત્રણ આપીએ છીએ. તમારા વાંચવામાં કંઈ સારું કે તમને ગમતું ધ્યાનમાં આવે તો અમને જાણ કરવા વિનંતિ પણ કરીએ છીએ.

તમારા બ્લૉગને ગૂગલમાં બનાવેલા ગ્રુપ webgurjarifriends સાથે જોડશો, તો તો આપણા વચ્ચે નિયમિત સંપર્ક શક્ય બનશે અને તમને માત્ર અમારી વેબસાઈટની જ નહીં, બીજા બ્લૉગ અને સાઈટ વિશે પણ માહિતી મળતી રહેશે. તે ઉપરાંત, તમારા બ્લૉગ/સાઈટની માહિતી અમે બીજા સભ્યો સુધી સહેલાઈથી પહોંચાડી શકીશું. ગુજરાતી ભાષા અને ગુજરાતી બ્લૉગજગતને સક્રિયપણે એકબીજા સાથે જોડવા માટે બ્લૉગરો અને વાચકોનો સહકાર જરૂરી છે. આથી અમારા આ પ્રયાસને પ્રોત્સાહન આપવા આ સંદેશ તમારા બ્લૉગ પર સાથીભાવે મૂકશો એવી આશા રાખીએ છીએ. આભાર.

આવું લખાણ તમારાં કામ અંગે 'વૅબગુર્જરી'માં મુકાયું છે :

'પણ મને થયું કે ગુજરાતીઓ તો આખી દુનિયામાં વસે છે અને બ્લૉગજગતમાં પણ ઘણા બ્લૉગ તો વિદેશવાસી ગુજરાતીઓના છે. આથી મેં

તો મારા સન્મિત્ર વિપુલભાઈ કલ્યાણીના ઈ-મૅગેઝિન http://www.opinionmagazine.co.uk/ પર પહોંચવાનું નક્કી કર્યું.

'ખોલતાં જ ગાંધીજીનાં અલપઝલપ દેખાતાં દૃશ્યો આ સાઇટનો લહેરાતો પરિચાયક ધ્વજ બની રહે છે. વિપુલભાઈ પ્રિન્ટ મૅગેઝિન તરીકે "ઓપિનિયન" પ્રકાશિત કરતા હતા, અને પછી, એનો ડિજિટલ અવતાર શરૂ કર્યો હતો. હાલમાં જ એને એમણે વેબસાઇટનું રૂપ આપ્યું છે. બ્રિટનમાં રહીને માતૃભાષાની અર્ધી સદીથી સેવા કરનારા આ ગુજરાતીને સલામ. અહીં ગંભીર અને સ્વસ્થ વિચારો સુરુચિપૂર્ણ ભાષામાં મળ્યા. તેને મમળાવતો બહાર આવ્યો. તમે પણ અચૂક જજો.'

- દીપક ધોળકિયા

e.mail : web.gurjari@gmail.com

"ઓપિનિયન"નો પ્રાણ હવે તેના નવા ખોળિયામાં પ્રવેશે છે

• ડે વનથી, હું "ઓપિનિયન"ની યાત્રાનો સાક્ષી રહ્યો છું. એના પ્રથમ અંકથી એના ગ્રાહકોની સંખ્યા 500થી વધી નથી. તો પણ તે ટકી શક્યું છે. ઇંગ્લૅન્ડની ધરતી પરથી "ઓપિનિયને" એક નવા જ પ્રકારનો વાચક વર્ગ ઊભો કર્યો છે. "ઓપિનિયને" કેટલીયે કલમને બોલતી કરી છે. એનું એ પાસું પણ દાદ માગી લે છે.

"ઓપિનિયન"માં જાહેરખબર લેવામાં આવી નથી, તે પણ એની એક વિશેષતા છે. લગભગ બધા જ સમાચારપત્રો અને મૅગેઝિન્સમાં જાહેરખબર લેવાતી હોય છે.

માર્ચ 2013નો આ અંક "ઓપિનિયન"નો આખરી અંક હશે. તે છેલ્લો ડિજિટલ અંક પણ હશે. ત્યાર પછી, "ઓપિનિયન"નો પ્રાણ તેના નવા ખોળિયામાં પ્રવેશશે.

"ઓપિનિયન" નિયમિત રીતે પ્રગટ થાય તે માટે વિપુલભાઈ, તમે અથાગ માનસિક અને શારીરિક શ્રમ કરતા રહ્યા છો. તમને ખોબો ભરીને અભિનંદન.

તમારી હિંમત અને તમારી કલમ દાદ માગી લે છે. તમને અને તમારા પરિવારને અભિનંદન. આરંભથી, આ યાત્રાનો સાક્ષી અને સાથી રહેવાનું બન્યું છે તેનું મને તેમ જ મારા પરિવારને ગૌરવ છે.

– રમણભાઈ પટેલ

e.mail : ramanlal_d_patel@hotmail.co.uk

સરસ ચોખ્ખા ચિત્રો

• 'મળ્યાં વર્ષો તેમાં અમૃત લઈ આવ્યો અવનિનું …' પાને ફોટાઓ સાથે બહુ સરસ લખાણ થયું છે. ફોટાઓ પણ ચોખ્ખા છપાયા છે.

બીજા ફોટામાં મારાં બહેન, પત્ની અને બા પણ જોવાં મળે છે. પહેલા ચિત્રમાં સર ઈબૂ પીરભાઈ અને એમના પત્ની પણ છે, તે તમે જોઈ શક્યા હશો.

ભવિષ્યમાં તમે જો દિવંગત ધીરુભાઈ ચાવડા વિશે લખાણ કરવાના હો, તો એમની છબિ હું આપી શકીશ. મારી કને એમણે આપ્યા, એમણે લીધેલા કેટલાક ફોટાઓ પણ છે. આ બધું હું તમે આપી શકીશ.

– ચંદુ શાહ

e.mail : cknshah@aol.com

વાંચતાં વાંચતાં મારી આંખો ઊભરાતી રહી

• હું સદાને સારુ તમારી ઋણી છું. … મારા પિતાને તમે સહૃદય તેમ જ નિખાલસ અંજલિ પ્રગટ કરી છે. વારી જવાયું.

મારી આંખોની પાંપણ ભીની બની છે. મારા પિતા પાસે જે શબ્દશક્તિ હતી તે કાશ મારામાં હોત ! એમની સ્મૃતિ તાજી રાખવા તમે જે રીતે દીપક બારડોલીકર કનેથી મેળવીને અંજલિલેખ આપ્યો છે, તેને સારુ હું કયા શબ્દોમાં તમારો આભાર માનું ? સહૃદય આભાર.

મારા પિતાની (હયદરઅલી જીવાણીની) ટૂંકી જીવનકથા મોકલવામાં જ હતી, ત્યાં આ લખાણ જોયું, વાંચ્યું. આનાથી સારું હું કરી જ ન શકત.

— અનીસ હુસૈન

e.mail : hussain.anis@gmail.com

મારી ભારતની કાવ્ય-યાત્રા

• કુશળ હશો / છું. … હું તો બસ આભાર વ્યકત કરવા આવ્યો છું …

"ઓપિનિયન"નાં મહામૂલ્ય પાનાંમાંથી તમે એક આખું પાનું મારાં કાવ્યોને ફાળી દીધું, તે બદલ હું તમારો ઋણી છું. તમારા આ કાવ્ય પ્રેમના આંનદને હું શબ્દમાં કહી રીતે વ્યકત કરી શકું !!!

આ બદલ તમારો આભાર વ્યકત કરીશ, તો તમને નહીં ગમે અને જો હું આ બદલ તમારો આભાર વ્યક્ત ન કરું તો મારા મનને ચેન નહીં પડે … તન મનથી તમારો હૃદયપૂર્વક આભાર વ્યકત કરતા આંનદ અનુભવુ છું …

હું ૧૭ વર્ષ બાદ, ભારત કાવ્યયાત્રા માટે, માર્ચ દરમિયાન, જવા નીકળીશ અને અમેરિકા મેના આરંભે પાછો ફરીશ .. અત્યારે ૩૧ કાવ્ય વાંચનના કાર્યક્રમોનું આયોજન થઈ ગયું છે. આ વખતે 'અસ્મિતા પર્વ'માં કાવ્ય વાંચનમાં ભાગ લઈશ … મુંબઈમાં ૧૧ કાર્યક્રમોનું આયોજન થયું છે. આ ઉપરાંત અમદાવાદ, ગાંધીનગર, રાજકોટ, જૂનાગઢ, વાંકાનેર, આણંદ, વડોદરા, વલ્લભવિધાનગર, વેરાવર, ભાવનગર, અમરેલી, … અને તે ઉપરાત ટી.વી/ રેડિયો તો ખરા … ચાલો ત્યારે આવજો ….

– પ્રીતમ લખલાણી

e.mail : preetam.lakhlani@gmail.com

વેદ અને જ્યોતિષ – રસના વિષય

• ખરેખર અંક રસપ્રદ રહ્યો. આવું કહું છું એટલે તેનો અર્થ એવો નથી કે આ પહેલાંના અંકો ગમ્યા નહોતા !

જેમ્સ પ્રિન્સેપની તમે જે કડી આપી તેનો જો ત્રીજો ભાગ હોત તો … મને ગમતી બાબતોની તેમાં સરસ મજાની ચર્ચાવિચારણા કરવામાં આવી – વેદ અને જ્યોતિષ. મારા વ્યાખ્યાનોમાં આની રજૂઆત હું કરતો રહ્યો છું.

—ભસ્માંક મહેતા

e.mail : indianmaharaj@hotmail.com

ભાવગ્રહી રીતે થયેલી રજૂઆત

• "ઓપિનિયન"નો આ અંક પણ વાંચવો ગમ્યો છે. તેમાં ય ખાસ કરીને તમારો લેખ તેમ જ આશા બૂચ અને જવાહર બક્ષીના લેખો પણ પસંદ પડ્યા છે. અંબાલાલભાઈ પટેલ અંગે તમે અસરકારક લખાણ કર્યું છે. ભાગ્યે જ જોવા વાંચવા મળતા આપણા ઈતિહાસની આ વિગતો છે. તમે ભાવગ્રહી રીતે વિગતોને અહીં પેશ કરી છે.

પ્રાસ્તાવિક પત્રમાં તમે જે કડીઓ આપી છે તે ખરેખર જબ્બર રહી. ગુજરાત તેમ જ ડાયસ્પોરા સહાય અંગેની બાતમી રસપ્રદ હતી. જેમ્સ પ્રિન્સેપની ફિલ્મ મને વિશેષ જચી. સઆદર હસન મન્ટો વિશેની વિગતથી અભિભૂત બની રહી.

"ઓપોનિયન"ના ભવિષ્યને મારી શુભ કામનાઓ હજો.

– ઉષા ઠક્કર

e.mail : ushathakkar@yahoo.com

ગામડું ગોતે

• મકવાણા અરુણા

ભીડના શોરબકોરથી થાક્યો,
રસ્તા વચ્ચે હાંફતો ભાગ્યો,
ક્યાંક એકાંતે જઈ જુઓને મ્હાલવું ગોતે.

દિવસે દિવસે વધતો જતો,
લાગણીઓનો હ્રાસ,
આજ ફરી મન,'મન બ્હાવરુ' ગોતે.

ઊંચી ઊંચીને અડગ,
ઈમારતોમાં રહેતો બંદ,
ગુંગળાતો માણસ આંગણું ગોતે.

બજારે બજારે ફરી, માટીનું ઠામણું ગોતે,
નગર નગર કરતો આ માણસ,
જૂઓ અહીં ગામડું ગોતે.'

e.mail : anjaliparmar@ymail.com

માત્ર

બોલ્યા કરો મા.

કંઈક

કહો.

જોગાનુજોગ !

• વલીભાઈ મુસા

આજે જ્યારે તમે, લક્ષ્મણ, પીએચ.ડી. માટેની પૂર્વતૈયારીરૂપ ગુજરાત યુનિવર્સિટી સાથેની ઔપચારિકતાઓ પતાવવા અમદાવાદ તરફ આગળ વધી રહ્યા છો, ત્યારે તમારું મન તમારા શોધમહાનિબંધ(Thesis)ના વિષયના મુદ્દે રહીરહીને પાછું પડી રહ્યું છે. મનોવૈજ્ઞાનિક પરિપ્રેક્ષ્યે કહેતાં તમારી બોધાવસ્થાની સપાટી ઉપર અંકિત એવી ભૂતકાલીન તમારા પ્રાથમિક શિક્ષણકાળની એ ઘટના તમારા સ્મૃતિપટ ઉપર ઉપસી આવે છે. તમારા વર્ગશિક્ષક મફતલાલ સાહેબ કે જે તે કાળે તમારા આદર્શ હતા તેમનો શરમિંદગીભર્યો ચહેરો તમારી નજર આગળ તરવરી ઊઠે છે. તે દિવસની પ્રાર્થના પછીની તમારા વક્તવ્ય અંગેની તેમણે કરેલી જાહેરાત પછી, તમે ખિન્ન અવાજે અને ભાવાવેશે જે ઘણું બધું બોલી ગયા હતા તે પૈકીના તમારા ગુરુજનોની માફી માગતાં બોલાએલા આ શબ્દો તેમના માટે વેધક હતા : 'આપણને આઝાદી મળ્યાને લગભગ ચૌદ વર્ષ થઈ ગયાં અને તોયે હજુ સુધી આપણી માનસિકતા બદલાઈ નથી, આપણે હજુ સુધી પણ જાણેઅજાણ્યે અંગ્રેજોની ચાપલુસી કર્યા સિવાય રહી શકતા નથી!'

લક્ષ્મણ, તમારો ડ્રાઈવર તમારી કારને પાણીના રેલાની જેમ અમદાવાદ તરફ આગળ ને આગળ ધપાવી રહ્યો છે, ત્યારે પાછલી સીટે બેઠાબેઠા તમારા વર્તમાનને ચારેક દાયકા પાછળ ધકેલીને તમારા ભૂતકાળનાં સંસ્મરણોને તમે વાગોળવા માંડો છો :

ઈ. સ. ૧૯૬૧નું એ વર્ષ હતું અને એ વખતે તમે, લક્ષ્મણ, સાતમા ધોરણમાં અભ્યાસ કરતા હતા. તે દિવસે તમારી એ સરકારી પ્રાથમિક શાળાના પટાંગણમાં પ્રકૃતિના ખોળલે ઘટાદાર લીમડાઓની છાયામાં વિદ્યાર્થીઓની સમૂહપ્રાર્થના પૂરી થઈ ગઈ હતી. નિત્યક્રમાનુસાર સમાચારપત્રની હેડલાઈન્સ વાંચી સંભળાવવાનો કાર્યક્રમ મોકૂફ હતો, કેમ કે શનિવારની વહેલી નિશાળ હોઈ સમાચારપત્ર મોડેથી આવતું હોઈને એ સમયે તે ઉપલબ્ધ ન હતું. પ્રાર્થના પછીના પૂરક કાર્યક્રમના ભાગરૂપે તમારા વર્ગશિક્ષકે આચાર્યશ્રી સામે સંમતિની અપેક્ષાસહ સૂચક નજરે જોતાં તમારા નામની ઓચિંતી જાહેરાત આ શબ્દોમાં કરી દીધી હતી : 'અઠવાડિયા પહેલાં અમદાવાદ ગએલો મારા વર્ગનો મોનિટર 'લખો' મતલબ કે 'લક્ષ્મણ' ભારતની મુલાકાતે આવેલાં ઈંગ્લેન્ડનાં રાણી ઈલિઝાબેથ(દ્વિતીય)ને નજરોનજર નિહાળવા બદલ નસીબદાર પુરવાર થયો છે. તેણે પોતાનો આંખે દેખ્યો અહેવાલ અમારા વર્ગમાં તો કહી સંભળાવ્યો છે, પણ આજે તમામ વિદ્યાર્થીઓ અને અધ્યાપકગણને એ અહેવાલ સાંભળવાનો લ્હાવો મળી રહે, તે માટે હું તેને સૂચન કરું છું કે તે પોતાના એ જ વક્તવ્યને સાવ નવા જ અંદાજમાં અહીં આ પ્રાર્થનાસભામાં પુનરાવર્તિત કરે.'

'અરે, અરે સાહેબ! તમે એક સામાન્ય વાતને મોટું રૂપ આપી રહ્યા છો! અમદાવાદના મુખ્ય માર્ગોએ ખુલ્લી કારમાં નગરયાત્રાએ નીકળેલાં એ રાણીસાહેબાને જોવા માટે રસ્તાની બંને બાજુએ ઊભેલાં હજારો માનવીઓની ભીડનો એક અંશ એવો હું પણ ત્યાં હતો, સીધોસાદો નાનકડા આ નગરનો એક છોકરો! મારે ન તો તેમની સાથે કોઈ વાત થઈ છે કે ન તો હસ્તધૂનન! ન તો મારી અને તેમની નજરો મળી છે કે ન તો અમારી વચ્ચે કોઈ હેલો-હાય થયું છે! અમે એકબીજાની સામે નથી તો સ્મિત કર્યું કે પછી ન તો તેમણે પ્રેક્ષકો તરફથી તેમની તરફ ફેંકવામાં આવેલા કોઈ ફૂલહાર કે એકાદ ફૂલ સુદ્ધાંનો મારા તરફ વળતો પ્રહાર કર્યો છે! આમ છતાં ય આપ સાહેબ મને શા માટે નસીબદાર ગણાવી રહ્યા છો, તે મારી સમજમાં આવતું નથી! મને લાગે છે કે આપ સાહેબ આવું બોલી બોલીને મને ગાંડો કરી દેશો! આપ સૌ ગુરુજનોની માફી ચાહતાં એટલું જ કહીશ કે આપણને આઝાદી મળ્યાને લગભગ ચૌદ વર્ષ થઈ ગયાં અને તોયે હજુ સુધી આપણી માનસિકતા બદલાઈ નથી, આપણે હજુ સુધી પણ જાણેઅજાણ્યે અંગ્રેજોની ચાપલુસી કર્યા સિવાય રહી શકતા નથી!' તમે ખિન્ન અવાજે અને એકી શ્વાસે ઉપરોક્ત વિધાનો બોલી ગયા હતા, લક્ષ્મણ.

પરંતુ તમારા ભાવસભર અને ઉપાલંભીય શબ્દોથી ભોંઠા પડી ગએલા તમારા વર્ગશિક્ષક મફતલાલ સાહેબ કંઈક બોલે તે પહેલાં તો તમારા આચાર્યશ્રીએ આંખોમાં વિનમ્રતા છતાં પોતાના સત્તાવાહી અવાજે તમને ફરમાવી દીધું હતું કે તમારે એ સઘળી ઘટનાનું બયાન કરવું જ રહ્યું અને આમ તમને વક્તવ્ય આપવા મજબૂર કરવામાં આવ્યા હતા. તમારા માટે, લક્ષ્મણ આ એક મોટી વિડંબણા હતી, એક પ્રકારનો માનસિક પરિતાપ હતો. બીજા શબ્દોમાં કહેતાં, લક્ષ્મણ, તમારા ગુરુજનો અને સહાધ્યાયીઓ તેમના મતે કદાચ સહજભાવે એ બધું કહેતા હશે, પણ તમારા પક્ષે વિચારતાં તો તેઓ વાસ્તવમાં તમને સંવેદનાત્મક મહાવ્યથા પહોંચાડી રહ્યા હતા. તમે મનોમન પસ્તાતા હતા કે તમે ઈંગ્લેન્ડની રાણીને જોયા અંગેની વાત જાહેર કરીને કેવી જખમારી કરી બેઠા હતા કે જે કોઈ તમારી સામે આવે અથવા તમે જેની પણ નજરે ચઢો તેની બસ એ જ માગણી રહેતી હતી કે તમે રાણી ઈલિઝાબેથ સાથેનો તમારો અનુભવ અથવા તેમના વિષે કંઈક કહી સંભળાવો! તમને હવે તો પાક્કો વહેમ થવા માંડ્યો હતો, લખા, કે તમારા નગરના સઘળા લોકો કદાચ સંગઠિત થઈ ગયા હોય અને આમ જાણે કે તેઓ તમારી ઠેકડી ન ઊડાડી રહ્યા હોય!

વિદ્યાભ્યાસમાં તેજસ્વી એવા તમે, લક્ષ્મણ, તમારી શાળાના મોટા ભાગના તમારા ગુરુજનો કરતાં પણ વિશેષ બહુમુખી પ્રતિભા ધરાવતા હતા અને તેથી જ તો તમારા એ દિવસની પ્રાર્થનાસભાના વક્તવ્યે તમારા આચાર્ય સાહેબને એવા તો સંમોહિત કરી દીધા હતા કે તેમણે વક્તવ્ય પૂરું થયે પોતાની ખુરશીમાંથી ઊભા થઈ જઈને તમને પોતાના બાહુપાશમાં જકડી લીધા હતા. અમદાવાદના આસ્ટોડીઆ રોડ ઉપરની એક દુકાનના ઓટલે ઊભેલા તમે કાચની પૂતળી સમાં પાંત્રીસ વર્ષીય રાણીને મોજા પહેરેલા બંને હાથ હલાવતાં ખુલ્લી કારમાં ઊભેલી સ્થિતિએ લોકોનાં અભિવાદન ઝીલતાં એવી રીતે વર્ણવ્યાં હતાં કે એ શબ્દચિત્ર થકી સૌ શ્રોતાઓ તેમને જાણે કે પ્રત્યક્ષ નિહાળી રહ્યા હોય તેવો આભાસ તેમને થઈ રહ્યો હતો. રાણીની કાર પછીની દ્વિતીય ખુલ્લી કારના પાછલા બોનેટ ઉપર બેઠેલા તેમના પતિ ફિલિપ્સ યાને કે ડ્યુક ઓફ એડિનબરોને વર્ણવતાં તમે એવો ખુલાસો પણ કર્યો હતો કે ભલે તેઓ રાણીના પતિ હોય પણ પ્રમુખ રાજકીય મહેમાન તરીકે માત્ર રાણીજી જ હોઈ શિષ્ટાચાર (Protocol) પ્રમાણે તેઓ રાણીજીની કારમાં તેમની સાથે ઊભા રહી શકે નહિ. પાઠ્યપુસ્તકો ઉપરાંતના બાહ્ય વાંચનના તમારા શોખના કારણે તમે સ્થાનિક લાયબ્રેરીમાંથી એ અઠવાડિયા દરમિયાન ઈંગ્લેન્ડની રાણી ઈલિઝાબેથ (દ્વિતીય) વિષે નોંધપાત્ર ઘણી માહિતી મેળવી ચૂક્યા હતા. વળી તમે એ માહિતીને તમારા વ્યક્તિગત જીવન સાથે તમારા વક્તવ્યમાં આબેહૂબ એવી રીતે સાંકળી લીધી હતી કે વિદ્યાર્થી આલમ પહોળા મોંઢે અને શિક્ષકગણ ગાલે હથેળીઓ રાખીને તમારા વક્તવ્યને મુગ્ધભાવે સાંભળી રહ્યા હતા. રાણીની અને તમારી એક જ જન્મ તારીખ અને તમારાં ઉભયનાં નામોની એક જ રાશી એ તમારા વક્તવ્યના ધ્યાનાકર્ષક મુદાઓ હતા. તમારી વાકપટુતાના કારણે તમારો એ શાહી કબિલા સાથે જાણે કે નિકટનો ઘરોબો હોય તેવો આભાસી અહેસાસ તમે તમામ શ્રોતાઓને કરાવી શક્યા હતા. લખા, તમારી વાત રસળતા શબ્દોમાં એવી રીતે વહી રહી હતી કે સૌ એમ માનવા પ્રેરાય કે જાણે તમે બકીંગહામ પેલેસમાં અનેકવાર શાહી મહેમાન બની ચૂક્યા હશો !

કાળ કેડી પાડતો રહ્યો. તમે દિનપ્રતિદિન લોકજીભે અવનવાં નામોએ સંબોધાતા અને ઓળખાતા રહ્યા અને તમારું મૂળ નામ લક્ષ્મણ ભુલાતું ગયું. એ બધાં સંબોધનોમાં તમને થતાં પ્રિન્સ ફિલિપ કે ડ્યુક ઓફ એડિનબરોનાં સંબોધનો તમને પારાવાર દુઃખ આપતાં હતાં, પણ તમે લાચાર હતા; કેમ કે તમે કોઈનાં મોંઢાં બાંધી શકો તેમ ન હતા. રાણીજી અને તમારી વચ્ચે બાવીસ વર્ષનો ઉંમરનો તફાવત હતો અને માતા સમાન ગણાય તેવાં જાજરમાન અને સન્માનીય એવાં એ રાજવી મહિલાના નામ સાથે એક માત્ર મજાકમશ્કરીના ક્ષુલ્લક હેતુસર અભદ્ર રીતે તમારું નામ જોડાય તે સંસ્કારિતા અને સ્ત્રીદાક્ષિણ્ય

અન્વયે સાચે જ વિઘાતક ગણાય, પણ તમે નિરુપાય હતા. આમ ધીમેધીમે તમે તમને મળતાં જતાં ઉપનામોથી ટેવાતા ગયા અને રાણી ઈલિઝાબેથના નામ સાથે સંકળાએલી એવી તમારી ગૌણ ઓળખો માધ્યમિક શિક્ષણ દરમિયાન પણ ચાલુ રહી હતી.

ઈ. સ. ૧૯૬૫માં તમે જૂની એસ.એસ.સી. પરીક્ષા આપી ચૂક્યા હતા અને પરિણામ આવવાને હજુ એકાદ મહિનો બાકી હતો. ભણવામાં તેજસ્વી કારકીર્દિ ધરાવતા તમે ઊંચી ટકાવારીએ ઉત્તીર્ણ થઈને કોલેજ શિક્ષણ માટે અમદાવાદ જવા માટેનાં સ્વપ્ન સેવી રહ્યા હતા અને ત્યાં તો તમારા જીવનને નવીન જ વળાંક આપતી એક ઘટના ઘટી ગઈ હતી, લક્ષ્મણ. ધીકતો અને બહોળો કારોબાર ધરાવતા તમારા કાકાજી પક્ષાઘાતના હુમલાનો ભોગ બન્યા હોઈ તેમણે તમને પોતાના વારસદાર નિયુક્ત કરી દઈને પોતાની બીમાર જાતને, એક માત્ર એવી સાતેક વર્ષની તમારી પિત્રાઈ બહેનને, તમારાં કાકીને અને ધંધાકીય જવાબદારીઓને સંલગ્ન એવાં તમામ કાર્યોને તમારા હવાલે કરી દીધાં હતાં. આમ બબ્બે કુટુંબોની જવાબદારી માથે આવતાં ઉચ્ચતર અભ્યાસ માટેની તમારી મહેચ્છાઓ ઉપર તમારે પૂર્ણવિરામ મૂકી દેવું પડ્યું હતું, લક્ષ્મણ.

જે બન્યું તે ખરું, પરંતુ જેમના તમે સદાય પ્રશંસક રહ્યા છો તેવાં રાણી ઈલિઝાબેથ અને તમે એમ બેઉના ભાગ્ય ઉપર અંકિત એવી પથ્થરની એકસમાન લકીરે તમારાં જીવનને એવા વળાંકો આપ્યા હતા કે રાણીની જેમ તમે પણ રાતોરાત કાકાની અઢળક સંપત્તિના વારસદાર બની ગયા હતા. રાણીજી પણ જ્યારે દસ વર્ષનાં હતાં ત્યારે તેમના દાદા જ્યોર્જ પંચમના અવસાન પછી તેમના કાકા એડવર્ડ આઠમા જ્યેષ્ઠ પુત્ર હોવાના કારણે રાજગાદીના ઉત્તરાધિકારી બન્યા હતા. છએક મહિના સુધી એ પદ શોભાવ્યા પછી તેમને ગાદીત્યાગ કરવો પડ્યો હતો, જેનું કારણ એ હતું કે તેઓ વોલિસ સિમ્પસન નામની બે વખત પરણી ચુકેલી એક અમેરિકન ત્યક્તા સ્ત્રી સાથેના ગળાડૂબ પ્રેમમાં પડ્યા હતા. ઈંગ્લેન્ડની રૂઢિગત પરંપરા મુજબ ત્યાંની પ્રજાએ રાજા એડવર્ડને રાજગાદી અને વોલિસ સાથેના પ્રેમલગ્ન એ બે પૈકી કોઈ એકને પસંદ કરવાનો વિકલ્પ આપ્યો હતો. રાજા એડવર્ડે રાજગાદી ઠુકરાવી દઈને વોલિસને જીવનસાથી તરીકે અપનાવી લેતાં ઈલિઝાબેથના પિતા પ્રિન્સ આલ્બર્ટ પોતાનું જ્યોર્જ છઠ્ઠા તરીકેનું નામ ધારણ કરીને ગાદીએ બેઠા હતા અને આમ ઈલિઝાબેથ તેમનું પાટવી સંતાન હોઈ તેમના અવસાન પછી બીજી જૂન, ૧૯૫૩ના રોજ તેણીની ઈલિઝાબેથ (દ્વિતીય) તરીકે ઈંગ્લેન્ડની રાણી તરીકેની તાજપોશી થઈ હતી.

સંજોગોએ ભલે તમને અભ્યાસ છોડી દેવાની ફરજ પાડી હોય, ભાઈ લક્ષ્મણ, પણ, ભણતર સાથેનો તમારો લગાવ તો એવો ને એવો જ હતો. ધંધાકીય જવાબદારીઓમાં વ્યસ્ત એવા તમે બાહ્ય વિદ્યાર્થી તરીકે આર્ટ્સ વિદ્યાશાખામાં ગ્રેજ્યુએટ થવાનું વિચારીને સર્વ પ્રથમ તો મધ્યપ્રદેશથી સીધી ઈન્ટર(દ્વિતીય વર્ષ)ની પરીક્ષા ઉત્તીર્ણ કરી લીધી હતી. ઈતિહાસના વિષયમાં તમે યુરોપના ઈતિહાસના વિકલ્પે ઈંગ્લેન્ડનો ઈતિહાસ અને ભારતીય ઈતિહાસમાં અર્વાચીન ઈતિહાસના બદલે પ્રાચીન ઈતિહાસને પસંદ કર્યો હતો. ઈન્ટરની જેમ જ તમે બાહ્ય વિદ્યાર્થી તરીકે જ ગુજરાત યુનિવર્સિટીથી બી.એ. પરીક્ષા ઉત્તીર્ણ કર્યા બાદ નિયમિત વિદ્યાર્થી તરીકે શનિ-રવિની કોલેજની સુવિધાનો લાભ લઈને તમે ગુજરાતી અને રાજનીતિશાસ્ત્ર (Political Science) વિષયો સાથે એમ.એ. પણ ઉત્તીર્ણ કરી લીધું હતું. અનુસ્નાતક કક્ષા સુધી ભણવા પાછળનો તમારો આશય માત્ર એટલો જ હતો કે તમે રાજનીતિશાસ્ત્ર (Political Science) વિષયમાં તમારાં પ્રિયપાત્ર એવાં ઈંગ્લેન્ડનાં રાણી ઈલિઝાબેથ (દ્વિતીય) ઉપર તમે Ph. D. (ડોક્ટરેટ) કરવા ઈચ્છતા હતા. લોકોએ રાણી ઈલિઝાબેથ(દ્વિતીય)ને જ્યારથી તમારા નામ સાથે જોડી દીધાં હતાં ત્યારથી તમને પણ ઘેલું લાગી ગયું હતું કે તમે પીએચ.ડી. માટે રાણીજીના જીવનના કોઈક પાસાને જ વિષય તરીકે પસંદ કરશો. દિવસે વેપારવણજ અને રાત્રે અધ્યયન-અધ્યાપન-સહપઠન દ્વારા તમે તમારા કુટુંબમાં લક્ષ્મી અને સરસ્વતીને સહનિવાસ કરવાની ફરજ પાડી હતી એવું કહેવામાં કોઈ અતિશયોક્તિ ન હતી. તમારા અધ્યયનની સાથે તમે અધ્યાપનકાર્ય બજાવ્યું કે સહપઠન કર્યું એમ કહેવાનો મતલબ એ હતો કે તમારી જ જેમ મેટ્રિક પછી અભ્યાસ છોડી દીધેલાં એવાં તમારાં ધર્મપત્ની ઊર્મિલા પણ તમારી સાથેસાથે યુનિવર્સિટી પરીક્ષાઓની તૈયારીઓ કરતાં હતાં. ઊર્મિલા ઉપરાંત તમારી રાત્રિશાળામાં તમારી પિત્રાઈ બહેન ગીતા કે જેના તમે વાલીવારસ હતા અને તમારી પુત્રી તન્વી તથા પુત્ર ઉમંગ એમ એ ત્રણેય જણ પણ તમારાં શિષ્યો કે સહપાઠીઓ હતાં. ૧૯૭૩માં તમે, લક્ષ્મણ, પ્રથમ વર્ગ સાથે એમ. એ. કરી લીધા બાદ તમારા ડોક્ટરેટ કરવા માટેના નિર્ધારિત લક્ષ તરફ આગળ વધવામાં તમારી ધંધાકીય જવાબદારીઓએ પ્રતિકૂળતાઓ ઊભી કરતાં તમારે ત્રણેક દાયકાઓનો દીર્ઘ વિરામ કરવો પડ્યો હતો.

પરંતુ આજે છેક ૨૦૦૩ના વર્ષમાં, તમારી પંચાવન વર્ષની ઉંમરે, તમે Ph.D. કરવા માટે ગંભીર થયા છો. તમારા માર્ગદર્શક (Guide) તરીકેની જવાબદારી શિક્ષણજગતમાં ખ્યાતનામ એવા ડો. કુલશ્રેષ્ઠે સ્વીકારી છે અને યુનિવર્સિટીમાં જરૂરી વિધિ પતાવ્યા બાદ તમે આજે જ તેમના ઘરે તેમને મળવા જવાના છો. તમારા શોધ મહાનિબંધનું શીર્ષક : 'HM Queen Elizabeth II, a self-willed but well-disciplined constitutional monarch of UK' ('નામદાર રાણી ઈલિઝાબેથ (દ્વિતીય), એક ઉદ્દામ પણ શિસ્તબદ્ધ એવાં યુ.કે.નાં બંધારણીય વડાં શાસક') પણ તમે વિચારી રાખ્યું છે. તમે સફળ બિઝનસમેન હોઈ કોઈ આર્થિક હેતુ માટે કે સરકારી પદ પ્રાપ્ત કરવા માટે એમ.એ. સુધીનો અભ્યાસ કરવાનો તમારો કોઈ આશય પણ ન હતો. તમારું અત્યાર સુધીનું લક્ષ માત્ર એ જ રહ્યું છે કે તમારે Ph.D. કરવું અને તે પણ ઈંગ્લેન્ડનાં રાણી ઈલિઝાબેથ (દ્વિતીય) ઉપર જ.

લક્ષ્મણ, તમારો અંતરાત્મા આજે તમને વિહ્વળ બનાવી રહ્યો છે. તમારી નજર સામે તે ટાણે અપરાધભાવ અનુભવતા તમારા વર્ગશિક્ષક મફતલાલ સાહેબનો શરમિંદગીસભર ચહેરો તરવરી ઊઠે છે. તેમને એ વખતે એમ લાગ્યું હશે કે કિશોરાવસ્થા ધરાવતો એક વિદ્યાર્થી આખી શાળાના તમામ વિદ્યાર્થીઓ, સહકાર્યકરો અને આચાર્યની હાજરીમાં પોતાના ગાલ ઉપર ચસચસતો તમાચો જાણે કે જડી ગયો છે! તે દિવસે તમે, લક્ષ્મણ, આઝાદી મળ્યાનાં ચૌદ વર્ષોનો હિસાબ બતાવીને સૌને ગુલામીની માનસિકતા ન તજી શકવાનું અને અંગ્રેજોની ખુશામત કરવાનું ચાલુ રાખવાનું મહેણું માર્યું હતું. આઝાદી મળ્યાને એ વખતનાં ચૌદના બદલે આજે જ્યારે ચારગણાં એટલે કે લગભગ છપ્પન વર્ષો વીતી ગયાં છે તો પણ તમે તમારી પોતાની જ માનસિકતા બદલી શક્યા નથી તેનું શું, લક્ષ્મણ? આજે જ્યારે તમે રાણી ઈલિઝાબેથ ઉપર પીએચ.ડી. કરવાનું વિચારી રહ્યા છો, ત્યારે તમને પૂછવાનું મન થાય છે કે બે એક વર્ષ પહેલાં અવસાન પામેલા તમારા આદર્શ એવા મફતલાલ સાહેબ હાલમાં હયાત હોય તો તમે તેમની નજર સામે તમારી નજર મેળવી શકો ખરા! જીવનભરના તમારા બહોળા વાંચન થકી તમને, લક્ષ્મણ, આપણા દેશને અહિંસાના અણમોલ શસ્ત્ર વડે આઝાદી અપાવનાર એવા મહાત્મા ગાંધીના જીવનનું એવું કોઈ એકાદ પણ નોંધપાત્ર પાસું તમારા ધ્યાનમાં નથી આવતું કે જે તમારો શોધનિબંધનો વિષય બની શકે?

પરંતુ લક્ષ્મણ, તમે તો ચિંતનશીલ અને વિદ્વાન પુરુષ હોવાની સાથેસાથે કાબેલ ધંધાદારી માણસ પણ છો. તમને ખબર છે કે રાણી ઈલિઝાબેથ ઉપરનો તમારો અંગ્રેજીમાં લખાનારો શોધનિબંધ તમને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ અપાવશે. તમને એ પણ ખબર છે કે દિલ્હી ખાતેના ઈંગ્લેન્ડના જે તે રાજદૂતને તમારો રાણીજી ઉપરનો શોધનિબંધ મોકલવામાં આવે તો કદાચ તેઓ તમારા નામની ભલામણ કરીને તમને રાણીજીની કૃપાથી કોઈક ખિતાબ પણ અપાવે અથવા તમને ઈંગ્લેન્ડની કોઈક યુનિવર્સિટી તરફથી માનદ્ ડિગ્રી પણ એનાયત કરવામાં આવે. તમારા રાણી ઉપરના શોધનિબંધને પુસ્તક રૂપે પ્રસિદ્ધ કરવામાં આવે તો તે પુસ્તક કદાચ Best Seller પુસ્તકોની હરોળમાં પણ આવી શકે. તમે પેઢી દર પેઢી તે પુસ્તકની રોયલ્ટીની અઢળક આવક પણ રળી શકો. પરંતુ આવા નામ અને દામ માટે તમારે તમારા ખમીરને અવગણવું પડશે, તમારે તમારી જાતને ભારતીય કે ગુર્જર તરીકે ઓળખાવવાનું ભૂલી જવું પડશે. તમારા સ્વર્ગસ્થ ગુરુ મફતલાલ શ્રીમાળી સાહેબના તમારા પેલા મહેણાના કારણે ભોંઠા પડી ગએલા

(અનુસંધાન છેલ્લા પાન પરેથી)

તરફથી મારો સહેશે … એને માટે બન્ને સરખા હતા. એક તરફ બાપ ને બીજી તરફ એના છોકરાનો બાપ …. બોઝ કે સ્પાઈડર મેનના ઓઠા હેઠળ શરૂ થયેલી ચર્ચા … અંગત સ્તર પર જતી રહે, ને જેની પાસેથી જિંદગી મળી છે, ને જેની સાથે જિંદગી કાઢવાની છે, એ બન્નેને તે આવા સંજોગોમાં સહી ન શકતી …

દેસાઈ સાહેબ મન અને સંતોષને લઈને વલસાડ ગયા. કંઈક કાપડની દુકાનો ફર્યા. છેવટે ગયા દરજી પાસે. સુભાષચન્દ્ર બોઝના ફોટાનું ઈન્ટરનેટ પરથી પ્રિન્ટ કરેલું આલ્બમ બતાવ્યું … દરજી પણ સાહેબને ઓળખે. એને પણ આ પેન્ટ બુશર્ટ ને સફારી લેંઘામાંથી કંઈક નવું કરવાનું મળ્યું. એ ય હોંશે હોંશે કામે લાગી ગયો. અઠવાડિયા પછી એનો ફોન આવ્યો કે કપડાં તૈયાર છે. આવી જાઓ … દેસાઈ સાહેબ સવારની વોક પરથી પાછા આવ્યા હતા. તે આ સમાચાર સાંભળી નાસ્તો કર્યા વિના, ઉતાવળે ગાડી કાઢવી, વલસાડ પહોંચી ગયા .. બપોરના પાછા આવ્યા, ત્યારે એટલા રાજીના રેડ હતા કે બે ઘડી ઋતાની આંખમાં આંસુ આવી ગયા. મમ્માનાં ગયાં પછી દેસાઈ સાહેબ ક્યારે ય આટલા સારા મુડમાં ન હતા. એમનો પ્લાન હતો કે જમાઈબાબુ આવે એ વખતે, મનને આ કોસ્ચુમમાં ગેટ પાસે ઊભો રાખી, મસમોટી સરપ્રાઈઝ આપવી …. ઋતા સૂડી વચ્ચે સોપારી જેવી હાલતમાં હતી. તે જાણતી કે લય ક્યારે ય આવા સુભાષબાબુનાં કપડાં સાથે સમંત નહીં થાય.

ખેર, આજે એ રજાનો છેલ્લો દિવસ આવી પહોચ્યો હતો. ઋતા સવારના વહેલી ઊઠી, સાડા પાંચે … એણે આખી રાત વિચારમાં કાઢી હતી. મા હતી અને દીકરી પણ, પત્ની પણ …. મન ઘસઘસાટ ઊંઘતો હતો. એ ફ્રેશ થઈ પોતાની નાનકડી વોક પર નીકળી. પાછી આવીને પત્ર લખવા બેઠી. દેસાઈ સાહેબની સામે જ્યારે રૂબરૂ રજૂઆત કરવી શક્ય ન હોય, ત્યારે એ એમને કાગળ લખતી. ને દેસાઈ સાહેબ એને વાંચીને સામો જવાબ આપતા. સંસદીય કહી શકાય એવી આ પ્રથાને કારણે, આ પરિવારમાં ભાગ્યે જ કોઈ મોટા ઝગડા થતા. પોતાને મુંબઈ ભણવા જવું હતું ત્યારે પણ એણે કાગળ લખેલો. લય સાથેના લગ્ન વખતે પણ ગોવાથી તાર કર્યો હતો.



‘પ્રિય પાપા …

મનના કોસ્ચ્યુમ વિશેના આપના ઉત્સાહને હું બહુ સારી રીતે સમજી શકું છું … પણ અત્યંત આદરપૂર્વક હું એટલું કહેવા માંગું છું કે સમય થોડો બદલાયો છે. બાળકો અને આઝાદી ચળવળ વચ્ચેનાં વર્ષોનો ફાસલો તમે માનો છો એ કરતાં બહુ મોટો છે … સુભાષચન્દ્ર બોઝ, એ નામ પણ કદાચ એની ઉંમરના કોઈ બાળકે સાંભળ્યું નહીં હોય …. પણ – છતાં પણ, જો આપ કહેશો તો મન એ જ કોસ્ચ્યુમ પહેરશે …. હું લયને સમજાવી લઈશ. પણ એક નમ્ર વિનંતી, આ બાબત પર આપ એની સાથે ચર્ચા ન કરતા … કંઈ અજુગતું ને દુઃખ પહોચે એવું લખાયું હોય તો ક્ષમા.’

- ઋતા

એણે કાગળ પૂરો કર્યો. પરબીડિયામાં નાખ્યો .. ને દેસાઈ સાહેબના સ્ટડી તરફ ચાલી … ત્યાં જ સંતોષ ધસમસતો આવ્યો …. સાહેબ .. સાહેબને …. એના શબ્દો કપાતા હતા … ફોન ફોન કરો, ડોક્ટરને …

ઋતા ગભરાઈ ગઈ … થોડીવાર થઈ, પણ એ સમજી ગઈ કે પાપાને એટેક આવ્યો છે …. પછીનો અડધો કલાક ક્ષણોમાં પસાર થઈ ગયો … ડોક્ટર ને એમ્બ્યુલન્સ, વલસાડ સુધીની સફર, દેસાઈ સાહેબના પલ્સ ધીમા થઈ રહ્યા હતા … સીધા જ એમને આઈ.સી.યુ.માં લઈ જવાયા … કાર્ડિયોગ્રામ ને બીજા બધા બ્લડ ટેસ્ટ … આઈ.વી.ની બોટલો …. બાય પાસ કરવી પડશે … મુંબઈથી હાર્ટ સર્જનને બોલાવાયા … એમના, જૂના યુની.ના મિત્રો આવી ગયા .. લય પણ મારતી ગાડીએ નીકળી ગયો ….

મનને ઘેર આવતા બહેને સાચવી લીધો હતો. ઋતાની વાત થઈ ઈશા સાથે તે આવતી કાલે નીકળી જશે પણ આનંદ નહીં આવી શકે એની મીડ સેમેસ્ટર એક્ઝામ ચાલે છે ….

રૂમમાં આવ્યા પછી, એ ધ્રુસકે ધ્રુસકે રડી પડી … હવે માબાપમાંથી એક તો હતા એની પાસે પાપા …. એની નજર પેલા કાગળ પર પડી … એને બરોબર યાદ હતું કે એણે કાગળ પરબીડિયામાં મુક્યો છે, તો બહાર કઈ રીતે આવ્યો !!

એણે કાગળને હાથમાં લઈને ખોલ્યો … ને દેસાઈ સાહેબના મરોડદર અક્ષરો જાણે કાગળમાંથી બહાર કૂદી પડ્યા ….

‘**દીકરા** (ઋતા અને ઈશાને દેસાઈ સાહેબ દીકરા જ કહેતા)

મન સાથે ઘણી વાતો થાય છે … એના કુમળા મનમાં ઘણા પ્રશ્નો હોય છે …. એક વખત જ્યારે હું એની પર ગાંધી અને નેહરુને ન ઓળખી શકવા બદલ ગુસ્સે થઈ ગયો હતો, ત્યારે એણે મને રડતાં રડતાં દલીલભર્યા સ્વરમાં કહ્યું હતું કે ‘તમને સુપર મેન, ને બેટ મેન નો ડિફરન્સ ખબર છે ?’ એ નિર્દોષ બાળક મને એક વાક્યમાં ઘણું કહી ગયો … કદાચ, સમય બહુ પૂરપાટ આગળ વધી રહ્યો છે … અને હા, એણે એના પાપા સાથે થયેલી વાત પણ મને કરી …. સ્પાઈડર મેન વાળી … ને મને પણ લાગે છે કે એણે સ્પાઈડર મેનનું જ કોસ્ચ્યુમ પહેરવું જોઈએ …. સુભાષબાબુ આમ પણ મને થોડા એક્સ્ટ્રીમ લાગતા. એની વે, એ ડ્રેસ હું અહીં રાખીશ, મારા માટે. એક યાદ રહેશે ને એ બહાને એક સારા દરજીની ઓળખાણ તો થઈ …’

-પાપા

ઋતાને ફરી એક વાર, એના પાપા હરાવી ગયા હતા … ને જીતાડી પણ ગયા હતા … એ કાગળના શબ્દોમાં એવી તો ખોવાની હતી કે મોબાઈલની રીંગ સંભળાઈ જ નહીં …

હૉસ્પિટલથી ફોન હતો, સંતોષનો : ‘સાહેબને સારું છે, હજી કોમામાં છે, પણ જીવ બચી ગયો છે.’

એ પછીના મહિના માસ બાદ, દેસાઈ સાહેબ ઘરે આવ્યા …. વ્હીલ ચેરમાં … હજી રિકવરી ચાલુ હતી … ને ઈ.મેલમાં એમણે મનના ફોટા જોયા …. મનો મન હસ્યા. અને પછી, વ્હીલચેરને મમ્માના પોર્ટરેઈટ પાસે લઈ જવા સંતોષને સૂચના આપી …

(લખ્યા તારીખ : ૧૪ જૂન ૨૦૧૨)

e.mail : parthbn@gmail.com

(અનુસંધાન પાન 38 પરેથી ચાલુ)

તેમના એ ચહેરાને તમારા સ્મૃતિપટ ઉપરથી તમારે સદાયના માટે ભૂંસી નાખવો પડશે!

પરંતુ ના, ભાઈ લક્ષ્મણ, તમારા ચહેરા ઉપર એવાં નામદામ રળી લેવાની કોઈ નિશાની વર્તાતી નથી. તમારું અંતઃકરણ તો તમને અવાજ દઈ રહ્યું છે કે તમે સર્વ પ્રથમ તો ભારતીય છો અને પછી ગુજરાતી પણ ખરા! તમે તમારા શોધનિબંધનો માત્ર વિષય જ નહિ, તેનું માધ્યમ પણ બદલી દેવાના દૃઢ નિશ્ચયે વૈચારિક રીતે સ્થિર થઈ ચૂક્યા છો. હાલમાં તમારી કાર ‘ચિમનભાઈ પટેલ રેલવે ઓવરબ્રિજ’ ઉપરથી પસાર થઈ રહી છે. તમે તમારા ડ્રાઈવરને સૂચના આપી દીધી છે કે કારને ગુજરાત યુનિવર્સિટીના બદલે ગુજરાત વિદ્યાપીઠે લઈ જવામાં આવે, કારણ કે હવે તમારા શોધનિબંધનો વિષય બદલાઈ ગયો છે. તમારો વિષય હવે : ‘મહાત્મા ગાંધીએ ગુજરાતી ભાષા અને સાહિત્યને આપેલું યોગદાન.’ બની ચૂક્યો છે. સાથેસાથે એ પણ એટલું જ સ્વાભાવિક છે કે તમારા શોધનિબંધની ભાષા પણ ગુજરાતી જ હોય ને!

વળી, જોગાનુજોગ તો જૂઓ! આજનો દિવસ પણ છે, ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૦૩ ને શુક્રવારનો! ચતુર્થ આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિન (International Mother Language Day) કે જેને યુનેસ્કો દ્વારા ઈ.સ. ૨૦૦૦થી વિશ્વભરના લોકો માટે પોતપોતાની માતૃભાષાના ગૌરવને જાળવવા માટેના સંકલ્પદિન તરીકે અને ઉજવણી માટે ઘોષિત કરવામાં આવ્યો છે.

e.mail : musawilliam@gmail.com

રજાનો છેલ્લો દિવસ

• પાર્થ નાણાવટી

'મનુ, ચલ અંદર; ચલ, તૈયાર થઈ જા.'

'જો, હમણાં ડેડી આવશે. પછી સાંજે આપણે આપણા ઘરે જઈશું.' ઋતા એક શ્વાસે … ઘરની પાછળના બગીચામાં રમી રહેલા મનને બૂમો પાડતી હતી … ચાર વર્ષનો મન રજાના છેલ્લા દિવસને જીવ ભરીને માણી લેવાના મૂડમાં હતો.

દર ઉનાળે, વેકેશનમાં ઋતા ને મન ઋતાના પિતાના ઘરે આવતાં. ઋતાની મમ્મા તો હતી નહીં, અને દેસાઈ સાહેબ એકલા. હા, રસોઈ કરનાર મહારાજ, કામવાળો, ડ્રાઈવર, – એમનો ખાસ ઓલ ઇન વન સહાયક સંતોષ. આખી ફોજ રહેતી એમની આસપાસ, નિવૃત્ત વી.સી. હતા. એગ્રો ઇકોનોમીના વિશ્વ સ્તરે જાણીતા નિષ્ણાત … દેસાઈ સાહેબ. .. નિવૃત્તિ બાદ વતનમાં, વલસાડથી થોડે દૂર સુંદર ફાર્મ હાઉસ બનાવીને સ્વ-નિર્ભર જીવન જીવવાનું એમનું ને મમ્માનું સપનું હતું. પણ મમ્માને બ્રેસ્ટ કેન્સર ભરખી ગયું.

ઋતા ને એની અમેરિકામાં રહેતી બહેન ઈશા, એમ દેસાઈ સાહેબને બે દીકરીઓ. ઈશા આઈ.આઈ.ટી.ની બી.ટેક બાદ, અમેરિકા ભણવા ગયેલી ને ત્યાં જ સ્થાયી થઈ હતી. એનો પતિ આનંદ બેંગ્લોરનો હતો એ યુનિ.માં પ્રોફેસર હતો. ઋતા અલ્લડ મિજાજની ને ગંભીર, ઈશાથી બિલકુલ અલગ, ટોમ બોય જેવી. ધરાર જીદ કરીને મુંબઈ જઈને એ ફેશન ટેકનોલોજી ભણી, નાટકોનાં ગ્રુપમાં જોડાઈ. કંઈક વર્ષો એકલી રહી. એક મહિલા મેગેઝિનમાં સબ એડિટરની નોકરી કરી, ને છેવટે એના જેવા જ બિન્દાસ સ્વભાવના લયને પરણી.

લયના પિતા આર્મીમાં હતા .. કર્નલ મઝમુદાર. ને એની માતા બહુ જાણીતી હિન્દુસ્તાની શૈલીની ક્લાસિકલ ગાયિકા. પણ લયભાઈમાં ન પિતાની લશ્કરી શિસ્ત હતી, ન માતાનો સંયમ. એ તો રેબેલ હતા, સિસ્ટમ ને સમાજ સામે બિન્દાસ બંડ પોકારવાનું. એણે એન.ડી.એ. જેવી એકેડેમી અને કેરિયર એક વર્ષ બાદ છોડી દીધા હતા.

બેએક વર્ષની આખા ભારતની મોટરસાયકલ પરની રખડપટ્ટી બાદ, એણે પોતાનું પેશન શોધ્યું .. ફોટોગ્રાફી. .. કાશ્મીરથી કેરાલા, અને કચ્છથી કારાકોરમ. હિન્દુસ્તાનનો એક પણ રાષ્ટ્રીય માર્ગ એણે બાકી નહીં રાખ્યો હોય. પિતા સદ્ધર હતા, એટલે બે વર્ષ તો કંઈ ન બોલ્યા. ને લય પણ આટલી રખડપટ્ટી બાદ થોડો સમજદાર થયો. એના ફોટોઝના કલેક્શનને જોઈને એને પણ એક ફિલ્મી મેગેઝિનમાં નોકરી મળી ગઈ. એક પાર્ટીમાં તે ઋતાને મળ્યો … બે તોફાની માણસો, ને મુંબઈના ઉનાળાની એક સાંજ. થોડી મસલત બાદ બન્ને સીધા પાર્ટીમાંથી જ ગોવા જવા નીકળી ગયા. ને ત્રણ દિવસ બાદ ગોવાની કોર્ટમાં લગ્ન કરીને વલસાડ, ને ત્યાંથી લયના ઘરે પૂણે વડીલોને પગે લાગી આવ્યાં. લય એ વખતે એના ફિલ્મોમાં કામ કરતા દોસ્તારો સાથે ફ્લેટ શેર કરતો હતો, એટલે એ ઋતાને ત્યાં મુવ થયો. … જવાબદારીઓ માથે પડતાં, બન્ને ઘણી મહેનત કરવા લાગ્યાં, ને લગ્નના બે વર્ષ પછી, અંધેરીમાં ફ્લેટ લીધો ને ઋતાને એના એકાદ વર્ષ બાદ, મન જન્મ્યો … એણે જોબ બંધ કરી. લય પણ હવે ફ્રી-લાન્સિંગ કરતો હતો. વળી, એના હિમાલયના ફોટાઓનું એક પુસ્તક પણ બહાર પડ્યું હતું. એ જયારે સમય મળે, ત્યારે પોતાની જૂની મોટરસાયકલ લઈને નીકળી પડતો, કેમેરો લટકાવીને. … એને આ સમય આપવા માટે ઋતા પોતે દેસાઈ સાહેબને ત્યાં મહિનો માસ આવી જતી. .. આજે એ રજાઓનો છેલ્લો દિવસ હતો.

દેસાઈ સાહેબ એમના સ્ટડીમાં હતા, કોઈકની પી.એચડી.ની થિસીસ તપાસતા હતા. અઠ્યોતેર વર્ષે પણ એ જ જુસ્સો ને એ જ આકરો સ્વભાવ. મન અને મગજથી સ્વસ્થ. અને તંદુરસ્ત કહી શકાય એવા દેસાઈ સાહેબનો કૃષિ યુનિવર્સિટીમાં હજી પણ એવો જ દબદબો હતો ને છાશવારે એમના પ્રવચનો હોય જ. જો કે રાજકારણીઓ સાથે ન ફાવવાના કારણે એ મોટે ભાગે યુનિ.માં એકેડેમિક રસ જ લેતા. ગયા વર્ષે જ્યારે ઈશા આવી હતી, ત્યારે ધરાર એમના યુ.એસ.ના વિઝા લેવરાવ્યા હતા, પણ મમ્માનાં ગયાં પછી, દેસાઈ સાહેબ બહુ હરવા ફરવાનું પસંદ ન કરતા. મમ્માના મોટા પોર્ટરેટને તાંકીને, એની સામેના સોફામાં, આખી સાંજ બેસી રહેતા …

જીવન વિશેના એમના ખ્યાલો બહુ ચુસ્ત ને સિદ્ધાંતવાળા હતા. અમેરિકાની કોર્નેલનું પોસ્ટ ડોક્ટરેટને આ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ, જો ન હોત, તો આ સડેલી સિસ્ટમ એમના જેવા ગાંધીવાદીને ક્યારની ય ચાવી ગઈ હોત. યુવાનીમાં અમેરિકા ભણવા જવાનું થયેલું તે પહેલાં સાબરમતી આશ્રમમાં રહી આવેલા. ને એ દિવસોનો આખી ય જિંદગી એમના પર તેનો પ્રભાવ રહ્યો. ગ્રામ્ય ભારત એ જ સાચું ભારત છે, અને એટલે જ અમેરિકામાં મળતી પ્રોફેસરશિપને બીજ બનાવતી મસમોટી કમ્પનીની ઓફરો ઠુકરાવી, ગુજરાત કૃષિ યુનિવર્સિટીમાં વ્યાખ્યાતા તરીકે જોડાયેલા …

લય અને દેસાઈ સાહેબ વિચારોમાં એક બીજાથી પ્રકાશ વર્ષો દૂર હતા. લય રેબેલ હતો, એને સિસ્ટમ સાથે વાંધો હતો. કોંગ્રેસીઓને એ નફરત કરતો. સામ્યવાદની સરહદ પર એના વિચારો રહેતા. એને શિસ્ત ને નિયમો ગમતા નહીં. ૮૦ની જનરેશન હતી. એ વખતોવખત સિગરેટ પીતો, દારૂ ને ચીકન. પણ દેસાઈ સાહેબ માટે આ બધું વર્જ્ય હતું. જો લય એમનો કોઈ વિદ્યાર્થી હોત તો ક્યારનો ય યુની.માંથી તે રુખસત પામ્યો હોત. પણ જમાઈ હતો, ઋતાને બન્નેના સ્વભાવ વિષે ખબર હોવાથી, એ લયને દેસાઈ સાહેબના ફાર્મ પર રોકવાનો બહુ આગ્રહ કરતી નહીં. ને લય પણ એ વાતથી ખુશ હતો.

દર વખતની જેમ, આજે પણ, એ ઋતા અને મનને લેવા આવવાનો હતો. બપોરનું ભોજન ને થોડા આરામ બાદ, સાંજે ત્રણે જણા મુંબઈ તરફ રવાના. ને દેસાઈ સાહેબનો પોર્ટરેઈટ સામેના સોફામાં બેસવાનો નિત્યક્રમ શરૂ .. જિંદગી ચાલતી રહેતી, સમાંતર ચાલતા, પણ કદી ન મળતા રેલના પાટાની જેમ !

ઋતા જો કે આજની આ બે દિગ્ગજોની મુલાકત વિશે થોડી નર્વસ હતી. વાત એમ હતી કે મનની પ્રિ-સ્કૂલમાં, નવા સત્રની શરૂઆતમાં, વેલકમ પાર્ટી થતી. આ વખતે થીમ ડ્રેસિંગ … કે વેશભૂષા જેવું કંઈક હતું. બધા છોકરાઓએ કોઈ ને કોઈ જાણીતી વ્યક્તિ કે કેરેક્ટરના જેવો ડ્રેસ પહેરીને આવવાનું હતું.

ભોળિયો મન, નાના પાસે આ વાત બોલી ગયો. ને દેસાઈ સાહેબને ભારેખમ એકેડેમિક માહોલમાંથી હળવા થવાનું બહાનું મળી ગયું. એ અને મન ઈન્ટરનેટ પર બેસીને કોનું પરિધાન પહેરવું એની રિસર્ચ કરે. મનને બિચારાને ભારતની સ્વતંત્રતા ચળવળ વિશે કોઈ જ માહિતી નહીં. એટલે એ આ બધાં નામો ને કિસ્સાઓ સાંભળીને કૌતક પણ પામે ને મૂંઝાય પણ ખરો …

રાતના ઋતા અને મન, થોડીવાર, પાછળ નાખેલા પલંગમાં સૂએ, જેથી મનથી આકાશ ને તારા જોવાય. એ પાછો નાનાએ કહેલી ભારતની આઝાદીની લડતની વાર્તાઓ એક્શન સાથે ઋતાને કહે, ને પછી આખા દિવસની ધમાચકડી કરીને થાક્યો હોય ને ધબ દઈને સૂઈ જાય … ઋતા થોડી વાર આઈ-પોડ સાંભળે, લયનો ફોન આવ્યો હોય, તો વાતો કરે ને પછી મનને લઈને પોતાના રૂમમાં …. અનેક મિટિંગો બાદ, થોડા અણગમા સાથે, દેસાઈ સાહેબે એમનો ફેંસલો સુણાવ્યો … સુભાષ ચન્દ્ર બોઝ … જો કે હું તેમની લશ્કરી કાર્યવાહી સાથે તદ્દન અસમંત છું, પણ એમનો યુનિફોર્મ નાટ્યાત્મક છે … તો આપણો મન એની સ્વાગત સભામાં આ પહેરશે …

ઋતા થોડી સમસમી ગઈ … કારણ, ગઈ કાલે રાતે જ્યારે લયનો ફોન આવ્યો, ત્યારે જાણ્યું કે એણે લય માટે સ્પાઈડર મેનનું કોસ્ચ્યુમ, એના ફિલ્મના કોસ્ચ્યુમવાળા દોસ્ત પાસે બનાવરાવી લીધેલું. એ રજાના છેલ્લા દિવસે, સાથે લઈને આવવાનો હતો … જેથી એ મનના થોડા ફોટા પાડી શકે … ઋતા જાણતી કે દેસાઈ સાહેબને આવા તરંગી ને ઈમ્પ્રેક્ટીકલ કાલ્પનિક પાત્રો સામે ભારે અણગમો રહેતો. વિજ્ઞાનના નિયમો જેવું ખરું કે નહીં ? ઋતાને થયું, ફરી એકવાર સસરા-જમાઈ વચ્ચે ઠંડુ યુદ્ધ છેડાશે. ને પોતે એલ.ઓ.સી.ની જેમ બન્ને

(અનુસંધાન પાન 39 પરે)

પ્રકાશક : Vipool Kalyani, 'Holly Cottage', 13 Ferring Close, HARROW, Middlesex HA2 0AR [U.K.] · [26.03.2013]